# સત્ય ધર્મ પ્રવેશિકા

(૫૦૧ થી ૧૦૦૦)

જે જીવ રાગ-દ્વેષરૂપ પરિણમેલ હોવા છતાં પણ માત્ર
શુદ્ધાત્મામાં (દ્રવ્યાત્મામાં = સ્વભાવમાં) જ
'હું પણું' (એકત્વ) કરે છે અને તેનો જ અનુભવ કરે છે,
તે જ જીવ સમ્યગ્દ્રષ્ટિ છે. સમ્યગ્દર્શન વૈરાગ્યાદિ
યોગ્યતાઓ વગર પ્રાપ્ત થતું નથી.

લેખક - CA. જયેશ મોહનલાલ શેઠ
(બોરીવલી), B.Com., F.C.A.

# સત્ય ધર્મ પ્રવેશિકા

ગુજરાતી

૫૦૧ થી ૧૦૦૦

-અર્પણ-

માતા – પૂજ્ય કાંતાબેન મોહનલાલ શેઠ

પિતા – પૂજ્ય સ્વર્ગીય મોહનલાલ નાનચંદ શેઠ

ભાઈ – રશ્મિન મોહનલાલ શેઠ

**"જે જીવ રાગ-દ્વેષરૂપ પરિણમેલ હોવા છતાં માત્ર શુદ્ધાત્મામાં જ (દ્રવ્યાત્મામાં જ=સ્વભાવમાં જ) 'હું પણું' (એકત્વ) કરે છે અને તેનો જ અનુભવ કરે છે, તે જ જીવ સમ્યગ્દૃષ્ટિ છે. સમ્યગ્દર્શન વૈરાગ્યાદિ યોગ્યતાઓ વગર પ્રાપ્ત થતું નથી."**

- લેખક -

CA. જયેશ મોહનલાલ શેઠ (બોરીવલી), BCom, FCA

પ્રકાશક – શૈલેશ પૂનમચંદ શાહ

- અનુમોદક -

**Brescon Foundation**

WWW.JAYESHSHETH.COM

501. જ્યારે આપણે સત્ય ધર્મ વિરુદ્ધ (વિપરિત) બોલીયે છીએ ત્યારે નિયમથી આપણું ભવિષ્ય દુ:ખમય બનવાનું નિશ્ચિત થાય છે.

502. જ્યારે આપણે સત્ય ધર્મ વિરુદ્ધ (વિપરિત) પ્રચાર કરીયે છીએ ત્યારે નિયમથી આપણું ભવિષ્ય દુ:ખમય બનવાનું નિશ્ચિત થાય છે.

503. જ્યારે આપણે સત્ય ધર્મ  વિરુદ્ધ (વિપરિત) આચરણ કરીયે છીએ ત્યારે નિયમથી આપણું ભવિષ્ય દુ:ખમય બનવાનું નિશ્ચિત થાય છે.

504. આપણે આપણી ચકાસણી (checking) આપણા મન-વચન-કાયાના પરિણામ તપાસીને કરવાની છે નહીં કે બીજાના આપણા માટેના અભિપ્રાયો સાંભળીને. સાથે-સાથે આપણે આપણી વાણી અને વર્તન સુધારવાના પ્રયાસો પણ ચાલુ રાખવાના છે.

505. લોકો પોતાની વાણી અને વર્તન દેખાડા (દંભ) માટે તો સારૂં રાખવાનો પ્રયાસ કરતા હોય છે. પરંતુ પોતાના મનને સુધારવાનો સંકલ્પ ક્યારેય કરતા નથી કારણ કે તે જ તેમનો અભિપ્રાય પણ હોય છે.

506. સાચા સુખની પ્રાપ્તિ માટે સૌથી પહેલાં મન:શુદ્ધિ જરૂરી છે. તેથી સર્વેજનોએ મન:શુદ્ધિ કરવા જેવી જ છે.

507. મન:શુદ્ધિ પ્રાપ્ત થતા જ વાણી અને વર્તન આપોઆપ જ ધીરે-ધીરે શુદ્ધ થવા લાગે છે.

508. ટોણા મારીને (મર્મવચનથી) આપણે બીજાને દુ:ખી કરીયે છીએ અને પોતે પણ દુ:ખી છીએ તેનું જ પ્રદર્શન પણ કરીયે છીએ.

509. જ્યારે આપણે કોઈને ટોણા મારીયે છીએ ત્યારે નિયમથી આપણે પોતાને માટે ભવિષ્યમાં અનેકવાર ટોણા સાંભળવાનું નિશ્ચિત કરીયે છીએ. તેથી આપણે કોઈને પણ ટોણા મારવાની વૃત્તિ ટાળવી જોઈએ.

510. ટોણા મારીને આપણે પાપબંધ કરી લઈયે છીએ જેનાથી આપણું ભવિષ્યમાં દુ:ખી થવાનું નિશ્ચિત થઇ જાય છે. તેથી આપણે કોઈને પણ ટોણા મારવાની વૃત્તિ ટાળવી જોઈએ.

511. કોઈવાર ઓછી મહેનતથી પણ સફળતા મળી જાય છે અને કોઈવાર અથાગ મહેનત કરવા છતાં સફળતા મળતી નથી. તેનું કારણ ક્રમશ: પુણ્ય અને પાપ નો ઉદય છે.

512. સફળતા પુણ્યના ઉદયથી મળે છે. પરંતુ જે લોકો પોતાની સફળતાનો અહંકાર કરે છે તેઓ પાપ બાંધે છે.

513. જેમને આ સંસાર સારો લાગે છે અર્થાત્ સંસારમાં મજા આવે છે, તેમનું આત્મહિત થવું મુશ્કેલ છે.

514. જેમણે પોતાનું આત્મહિત સાધવું છે, તેમણે આ સંસારના (દુ:ખરૂપ) સ્વરૂપનો વિચાર કરીને તેની અસારતા સમજવી જરૂરી છે.

515. જેમને આ સંસારનું સત્ય (દુ:ખરૂપ) સ્વરૂપ સમજમાં આવી જાય છે, તેમનું આત્મકલ્યાણ થવાનું નિશ્ચિત થઇ જાય છે.

516. આત્મકલ્યાણ માટે સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) પ્રાપ્ત કરવું અત્યંત જરૂરી છે.

517. સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) પામવા માટે સાંસારીક જીવનનો ત્યાગ જરૂરી નથી પરંતુ પોતાના મનમાં વસેલ સંસારને સમાપ્ત કરવો અત્યંત જરૂરી છે. અર્થાત્ મનના સંસારનો નાશ અત્યંત જરૂરી છે.

518. વર્તમાનમાં સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) વિષે ઘણી ગેરસમજો પ્રચલિત છે. જેમ કે આત્મજ્ઞાની સંસારમાં રહેતા નથી (સાધુ બની જાય છે), તેમને જરાપણ રાગ-દ્વેષ હોતા જ નથી, તેઓ ધનપ્રાપ્તિનો પુરૂષાર્થ કરતા નથી, તેઓ પૂર્ણ બ્રહ્મચારી હોય છે, તેઓ લગ્ન કરતા નથી, વગેરે. તેનું કારણ એ છે કે લોકો આત્મજ્ઞાનીને ચોથા કે પાંચમા ગુણસ્થાનવાળા ન સમજતા, તેમને છઠ્ઠા ગુણસ્થાનવાળા જ સમજી લે છે.

519. કોઈપણ જીવ ગૃહસ્થ જીવનમાં રહીને પણ આત્મજ્ઞાન (સમ્યગ્દર્શન) પ્રાપ્ત કરી શકે છે. આત્મજ્ઞાન પામીને પણ તેઓ ગૃહસ્થ જીવનમાં રહી શકે છે કારણ કે તેમનો મનનો સંસાર (ભાવ-સંસાર) સમાપ્ત થઇ ગયો છે નહીં કે દ્રવ્ય-સંસાર (બાહ્ય-સંસાર).

520. સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) પ્રાપ્ત કરવા માટે પહેલાં આપણે આપણી ઇચ્છાઓને બાર ભાવનાના ચિંતન-મનનથી નબળી પાડવી જરૂરી છે. નહીં કે સંસાર છોડવો જરૂરી છે, કે જે આપણે ભૂતકાળમાં અનંતીવાર કરી ચૂક્યા છીએ છતાં સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) પ્રાપ્ત થયું નથી.

521. આત્મજ્ઞાની (સમ્યગ્દૃષ્ટિ) પોતાના જીવન નિર્વાહ માટે ઉચિત અર્થોપાર્જન કરી શકે છે, તેનાથી તેમનું આત્મજ્ઞાન ચાલ્યું જતું નથી. તેમને ખબર હોય છે કે તેઓ અર્થોપાર્જન માત્ર પોતાના કર્તવ્ય-પાલન માટે જ કરી રહ્યા છે. છતાં તેઓ તેને કરવા યોગ્ય કદિ માનતા નથી અર્થાત્ તેમને અભિપ્રાયમાં તો સર્વ ત્યાજ્ય જ હોય છે. અને જ્યારે તેમનું મનોબળ દૃઢ થઇ જાય છે તે દિવસે તેઓ ધન, સંસાર વગેરે બધું જ ત્યાગી દે છે.

522. આત્મજ્ઞાની (સમ્યગ્દૃષ્ટિ) પોતાની નબળાઈને કારણે લગ્ન પણ કરી શકે છે, તેનાથી તેમનું આત્મજ્ઞાન ચાલ્યું જતુ નથી. તેમને ખબર છે કે તેઓ લગ્ન માત્ર પોતાની નબળાઈને કારણે જ કરી રહ્યા છે. તેઓ તેને કરવા યોગ્ય કદિ માનતા નથી અર્થાત્ તેમને અભિપ્રાયમાં તો સર્વ ત્યાજ્ય જ હોય છે. અને જ્યારે તેમનું મનોબળ દૃઢ થઇ જાય છે તે દિવસે તેઓ ધન, સંસાર વગેરે બધું જ ત્યાગી દે છે.

523. આત્મજ્ઞાનીને (સમ્યગ્દૃષ્ટિને) પણ તેમના ગુણસ્થાન અનુસાર રાગ-દ્વેષ હોય છે, તેનાથી તેમનું આત્મજ્ઞાન ચાલ્યું જતુ નથી. તેમને ખબર છે કે તેઓ રાગ-દ્વેષ માત્ર પોતાની નબળાઈને કારણે જ કરે છે. તેઓ તેને કરવા યોગ્ય કદિ માનતા નથી અર્થાત્ તેમને અભિપ્રાયમાં તો સર્વ ત્યાજ્ય જ હોય છે.

524. લોકો એવું માને છે કે સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) પ્રાપ્ત કરવા માટે સંસાર છોડવો પડે છે, તેથી તેઓ ધર્મથી તો દૂર જ ભાગે છે. જો તેમના પરિવારની કોઇ વ્યક્તિ પણ ધર્મ કરે તો તેઓ તેને કહે છે કે "આ બધું (ધર્મક્રિયા) આપણા માટે નથી, આપણે તો સંસારી છીએ. આપણે સાધુ બનવાનું નથી" હકીકતમાં જીવ ગૃહસ્થ જીવનમાં રહીને પણ સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) પ્રાપ્ત કરી શકે છે.

525. અનેક લોકો મોક્ષના લક્ષ વગર ધર્મક્રિયાઓ કરે છે પરંતુ તેઓને એ ખબર નથી કે મોક્ષના લક્ષ વગર આપણે જે પણ ધર્મક્રિયાઓ કરીયે છીએ તેનું ફળ (દુ:ખમય) સંસાર જ છે.

526. જ્યારે આપણે મોક્ષના લક્ષ સહિત કોઈપણ ધર્મક્રિયા કરીયે છીએ ત્યારે આપણે ધીરે-ધીરે સમ્યગ્દર્શનની (આત્મજ્ઞાનની) નજીક પહોંચીયે છીએ. અને તે સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) જ સત્ય ધર્મનું પ્રવેશદ્વાર છે.

527. અનાદિથી આપણે મોક્ષના લક્ષ વગર જ અનંતીવાર ધર્મક્રિયાઓ કરી છે, તેથી જ આજ સુધી આપણું આત્મકલ્યાણ થયું નથી, તેથી જ આપણે સંસારમાં ભટકી રહ્યા છીએ. હવે આપણે એકમાત્ર મોક્ષના લક્ષે જ તમામ ધર્મક્રિયાઓ કરવી જોઈએ.

528. જે લોકો સાંસારિક ઇચ્છાપૂર્તિ માટે ધર્મક્રિયાઓ કરે છે, તેઓનું આત્મકલ્યાણ થવું સંભવ જ નથી. ઉલટું તેઓ પાપાનુંબંધી પુણ્ય બાંધીને અધિક દુ:ખી થાય છે. તેથી આપણે એકમાત્ર મોક્ષના લક્ષે જ તમામ ધર્મક્રિયાઓ કરવી જોઈએ.

529. દરેક જીવ પોતનું રક્ષણ થાય તેમ ઇચ્છે છે પરંતુ તેના માટે જરૂરી પુણ્ય કરવાની બદલે તેઓ પાપ કાર્યોમાં જ ડૂબેલા રહે છે. અને તેથી જ તેમનું સુરક્ષિત રહેવું અત્યંત મુશ્કેલ હોય છે.

530. સર્વજીવો પોતાની સુરક્ષા થાય તેવી ઇચ્છા અવશ્ય રાખે છે. પરંતુ જીવોની સર્વોચ્ચ સુરક્ષા તો એકમાત્ર મોક્ષમાં જ શક્ય હોવા છતાં ક્યારેય જીવો મોક્ષની ઇચ્છા પણ કરતા નથી.

531. લોકો પોતાની સુરક્ષા માટે અનેક લોકો સાથે નવા-નવા બંધનો ઉભા કરે છે. પરંતુ તેમને એ ખબર નથી કે આ બધું કર્યા પછી પણ અસુરક્ષાનો ભાવ જશે એવી કોઈ બાયંધરી નથી. પરંતુ અસુરક્ષાનો ભાવ તો એકમાત્ર સત્ય ધર્મના માર્ગે ચાલવાથી જ ઓછો થતા-થતા એક દિવસ પૂર્ણપણે ચાલ્યો જાય છે.

532. જ્યારે કોઇ જીવને એ નિર્ણય થઇ જાય કે સાચું સુખ બહાર નહીં મળે, ત્યાર પછી તે જીવ સુખની શોધ અંદર અર્થાત્ આત્મામાં કરવાનું શરૂ કરી દે છે.

533. અનેક લોકો 'સાચું સુખ બહાર નથી' એવું શાસ્ત્રોમાં વાંચીને બધાને કહેવા પણ લાગે છે. પરંતુ તેમને પોતાને આ વાત ઉપર કેટલો વિશ્વાસ છે, તે તો તેમના અભિપ્રાયથી જ ખબર પડે છે.

WWW.JAYESHSHETH.COM

534. જેમના અભિપ્રાયમાં એ નિર્ણય થઇ જાય છે કે સાચું સુખ બહાર નથી, તેમનું મન દુનિયાદારીથી હટતું જાય છે અને તેઓ તેમનો મોટાભાગનો સમય આત્મખોજમાં જ ગાળે છે.

535. જેમના અભિપ્રાયમાં એ નિર્ણય થઇ જાય છે કે સાચું સુખ બહાર નથી, તે જીવને સમ્યગ્દર્શનની (આત્મજ્ઞાનની) સમીપ પહોંચી ગયેલ જાણવો.

536. જેમના અભિપ્રાયમાં એ નિર્ણય થયો નથી કે સાચું સુખ બહાર નથી, તેવા જીવો નિયમથી સુખાભાસની પાછળ પડેલા હોય છે. તેઓ સમ્યગ્દર્શનથી (આત્મજ્ઞાનથી) વંચિત જ રહી જાય છે.

537. એ આવશ્યક નથી કે સમ્યગ્દૃષ્ટિ (આત્મજ્ઞાની) જીવને કોઈ ચીજ સારી કે ખરાબ ન લાગે પરંતુ તેમને કોઈપણ સાંસારિક વસ્તુની ઇચ્છા કે તમન્ના હોતી નથી. ઘણું કરીને તેઓ સાંસારિક સુખો પ્રત્યે નિરાસક્ત જ હોય છે.

538. સમ્યગ્દૃષ્ટિ (આત્મજ્ઞાની) જીવ પોતાની નબળાઈને કારણે પ્રાપ્તનો નિરાસક્તિથી ભોગ પણ કરે છે પરંતુ જો ભોગ પ્રાપ્ત ન હોય તો ઘણું કરીને તેઓ વિચલિત થતા નથી.

539. સમ્યગ્દૃષ્ટિ (આત્મજ્ઞાની) જીવ પોતાની નબળાઈને કારણે ભોગ ભોગવી પણ શકે છે અને સમય આવ્યે તેનો ત્યાગ પણ કરી શકે છે. બન્ને સ્થિતિમાં તેઓ ઘણું કરીને નિરાસક્ત તથા અવિચલિત રહેતા હોય છે.

540. સમ્યગ્દૃષ્ટિ (આત્મજ્ઞાની) જીવ પોતાની નિરાસક્તિના કારણે સંસારમાં રહીને પણ ઘણું કરીને (અભિપ્રાયમાં) સંસારથી મુક્ત જ રહે છે, પ્રાય: જળકમળવત જ રહે છે.

541. સમ્યગ્દૃષ્ટિ (આત્મજ્ઞાની) જીવ છળ-કપટ-કાવાદાવાથી દૂર રહીને પોતાનો જીવન નિર્વાહ કરે છે. તેમની સાધના આત્મકેન્દ્રિત જ હોય છે.

542. જો કોઈ કારણથી સમ્યગ્દૃષ્ટિ (આત્મજ્ઞાની) સંસારમાં રહે છે તો પણ તેઓ ઘણું કરીને (અભિપ્રાયમાં) જળકમળવત નિર્લેપ રહે છે. તેઓ સાંસારીક સંયોગ-વિયોગથી ઘણું કરીને વિચલિત થતા નથી.

543. સ્વ-તત્વની શોધ કરવાથી આત્મા પ્રાપ્ત થાય છે. આત્મજ્ઞાન (સમ્યગ્દર્શન) થાય છે.

WWW.JAYESHSHETH.COM

544. વર્તમાનમાં આત્મા નામનું સ્વ-તત્વ શરીરરૂપી પિંજરામાં કેદ છે. જ્યાં સુધી આત્મા શરીરની કેદમાં છે ત્યાં સુધી દુ:ખોનો અંત થવાનો નથી. તેથી આત્માને શરીરરૂપી પિંજરામાંથી મુક્ત કરાવે તેવા માર્ગની શોધ કરવી જોઈએ.

545. જ્યાં સુધી જીવને સંસારનો મોહ છે ત્યાં સુધી આત્માને શરીરરૂપી પિંજરામાંથી મુક્ત કરાવે તેવો માર્ગ મળતો નથી. તેથી પહેલાં મોહી જીવોએ બાર ભાવના અને ચાર ભાવનાનો અભ્યાસ કરીને સંસાર પ્રત્યેનો મોહ ઓછો કરવો જોઈએ.

546. આ સંસારની અસારતા (દુ:ખદાયકતા) ઉપર ચિંતન કરવાથી સંસારનો મોહ ઓછો થાય છે. તેને માટે ધર્મકથાનુયોગ, ચરણાનુયોગ, કરણાનુયોગ અને દ્રવ્યાનુયોગનો પણ અભ્યાસ અને ઉપયોગ (આચરણ) કરવો જોઈએ.

547. આપણે અનાદિથી શરીરરૂપી પિંજરામાં કેદ છીએ, આ શરીરને જ હું માનીને વિષય-કષાયમાં ડૂબેલાં છીએ અને તેનો જ ભ્રામક આનંદ લેતા રહ્યા છીએ, તેને જ શાસ્ત્રીય ભાષામાં મિથ્યાત્વ કહેવાય છે.

548. આપણે અનાદિથી મિથ્યાત્વવશ સંસારમાં જ આનંદ છે તેમ માનીને તેની જ ઇચ્છા કરતા રહ્યા છીએ. તેને લોકો આકર્ષણનો નિયમ (law of attraction) કહે છે. તેનું શાસ્ત્રીય નામ નિદાન-શલ્ય છે, જેનાથી જીવને અનાદિથી દુ:ખ જ મળી રહ્યું છે.

549. નિદાન શલ્ય એટલે સંસારના ભ્રામક સુખની માંગ કરવી. તેને શલ્ય કહ્યું છે કારણ કે જ્યારે જીવ કોઈ વસ્તુ માંગે છે ત્યારે તે જીવ માંગેલ વસ્તુના અભાવનું દુ:ખ ભોગવતો હોય છે. અને જ્યારે તે માંગેલી વસ્તુ મળી જાય છે ત્યારે તેમાં રાચી માચીને ભોગવવાથી પાપ બંધાય છે કે જે તે જીવનું ભવિષ્ય પણ દુ:ખમય બનાવે છે.

550. જ્યારે કોઈ જીવ પોતાનું (આત્માનું) અને આ (દુ:ખમય) સંસારનું સત્ય સ્વરૂપ સમજી લેશે ત્યારે નિદાન-શલ્ય અર્થાત્ સંસારના ભ્રામક સુખોની માંગ આપોઆપ જ શાંત થઇ જશે અને તે જીવ સમ્યગ્દર્શનની (આત્મજ્ઞાનની) સમીપ પહોંચશે કે જેથી તે જીવનું કલ્યાણ નિશ્ચિત થઇ જશે.

551. સાંસારીક ઇચ્છાઓ માત્ર વર્તમાનમાં જ દુ:ખ દેવાવાળી છે એવું નથી પરંતુ તે આર્તધ્યાન-રૂપી પાપ બંધાવીને તે જીવનું ભવિષ્ય પણ દુ:ખમય બનાવે છે.

552. સાંસારીક ઇચ્છાઓ ક્યારેય સંતોષાતી નથી કારણ કે જ્યાં એક ઇચ્છા પૂરી થાય છે કે તરત જ બીજી ઉપસ્થિત થઇ જાય છે. આ રીતે સાંસારીક ઇચ્છાઓ જ આપણો અનંત સંસાર દુ:ખમય બનાવતી રહે છે.

553. જો આપણે અનુકૂળતામાં પાપ ન બાંધીયે તો પ્રતિકૂળતા ક્યારેય ન આવે. તેથી એકમાત્ર આત્મલક્ષે પુણ્યભાવમાં જ રહેવા જેવું છે નહીં કે પાપ-પુણ્યને એકસમાન સમજીને પાપમાં રાચવાનું છે.

554. આત્મલક્ષે કરેલું પુણ્ય ક્યારેય મોક્ષમાર્ગમાં બાધક બનતું નથી. તેથી એકમાત્ર આત્મલક્ષે પુણ્યમાં જ રહેવા જેવું છે નહીં કે પાપ-પુણ્યને એકસમાન સમજીને પાપમાં રાચવાનું છે.

555. આત્મલક્ષે કરેલું પુણ્ય ક્યારેય મોક્ષમાર્ગમાં બાધક બનતું નથી. બલ્કે તેના કારણે સાચા દેવ-શાસ્ત્ર-ગુરૂનો યોગ મળે છે અને તત્વચિંતન માટે અનુકૂળતા પણ પ્રાપ્ત થાય છે.

556. સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) માટે તત્વનિર્ણયની સાથે-સાથે (આત્માની) અન્ય યોગ્યતાઓ હોવી પણ અનિવાર્ય છે.

557. સાચા (સમ્યક્) જ્ઞાનનું ફળ સુખ જ હોય છે કારણ કે સાચું જ્ઞાન જ આત્માને સાચા પુરૂષાર્થ માટે પ્રેરે છે.

558. સત્ય ધર્મનું ઉત્કૃષ્ટ ફળ ‘સ્વ’ માં (આત્મામાં) સ્થિત થવું તે જ છે.

559. તમામ ધર્મક્રિયાઓનું ઉત્કૃષ્ટ ફળ ‘સ્વ’ માં (આત્મામાં) સ્થિત થવું તે જ છે.

560. “સ્વ”માં (આત્મામાં) સ્થિત થવું તે જ ઉત્કૃષ્ટ ધર્મ છે. આ રહસ્ય સમજી લેવાથી સત્ય ધર્મ સમજવો બહુ સરળ બની જાય છે.

WWW.JAYESHSHETH.COM

561. જ્યારે આપણે એકમાત્ર આત્મલક્ષે જ ધર્મ કરીયે છીએ ત્યારે આપણા તે ધર્મનું (લૌકિક અને આધ્યાત્મિક) ઉત્કૃષ્ટ ફળ મળવું નિશ્ચિત થઇ જાય છે.

562. જ્યારે આપણે ધર્મ આપણી આકાંક્ષાઓની પૂર્તિ હેતુ કરીયે છીએ ત્યારે આપણા તે ધર્મનું ફળ પાપાનુંબંધી પુણ્ય હોય છે. અર્થાત્ તે પુણ્યના ઉદયમાં આપણે નવા પાપોનો બંધ કરીશું.

563. વર્તમાન હુંડા અવસર્પિણી કાળમાં મોટાભાગના પુણ્યના ઉદયવાળાઓને ધર્મની યાદ આવવી જ મુશ્કેલ (અઘરી) છે.

564. વર્તમાન હુંડા અવસર્પિણી કાળમાં મોટાભાગના પાપના ઉદયવાળાઓને પણ સત્ય ધર્મ મળવો તો મુશ્કેલ (અઘરો) જ છે.

565. વર્તમાન હુંડા અવસર્પિણી કાળમાં વિશિષ્ટ (શ્રેષ્ઠ પ્રકારના) પુણ્યના ઉદયવાળાઓને જ સત્ય ધર્મ મળે છે.

566. વર્તમાન હુંડા અવસર્પિણી કાળમાં મોટાભાગના પુણ્યના ઉદયવાળાઓને ધર્મની યાદ આવે તો પણ તે પોતાનું સામાજિક સન્માન વધારવા માટે જ આવે છે.

567. વર્તમાન હુંડા અવસર્પિણી કાળમાં મોટાભાગના લોકો પરીક્ષા કર્યા વગર જ ગતાનુગતિક (અંધાનુકરણથી) જ (કહેવાતા) ધર્મ કરતા જણાય છે.

568. ધર્મ હંમેશા પરીક્ષા કરીને જ અંગીકાર કરવો જોઈએ. જેમ કે આપણે નાનામાં નાની વસ્તુ પણ ચકાસણી કરીને જ ખરીદીએ છીએ તો ધર્મ કેમ પરીક્ષા કર્યા વગર જ દેખાદેખીથી (અંધાનુકરણથી) ગ્રહણ કરીએ છીએ ?

569. ધર્મમાં અમુક લોકો 'કરવું એટલે મરવું' એવું સમજે છે, પરંતુ તેઓ સંસારમાં તો અનેક પ્રયત્નો કરતા અવશ્ય જણાય છે.

570. હકીકતમાં ધર્મમાં 'કરવું એટલે મરવું' માત્ર ને માત્ર શુદ્ધોપયોગવાળાની અપેક્ષાએ કહ્યું છે. જો આપણે ગેરસમજણથી તેને સર્વેજનો માટે માની લઈશું તો આપણું ભવિષ્ય અંધકારમય થવાનું નિશ્ચિત છે.

571. જ્યાં સુધી આપણે શુદ્ધોપયોગની પ્રાપ્તિ કરી લેતા નથી, ત્યાં સુધી આપણા માટે શુદ્ધોપયોગના લક્ષે ધર્મની તમામ ઉચિત ક્રિયાઓ કરવી આવશ્યક છે. શુદ્ધોપયોગ પ્રાપ્ત કર્યા પછી પણ 'કરવું એટલે મરવું' એ શુદ્ધોપયોગમાં સ્થિર થવા માટે કહેવાયું છે, અન્યથા નહીં. કારણ કે કરવાનો વિકલ્પ શુદ્ધોપયોગમાં સ્થિર થતા અટકાવે છે અર્થાત્ જીવને નિર્વિકલ્પ અવસ્થાની સ્થિરતા પ્રાપ્ત કરતા રોકે છે.

572. અનેક લોકો માટે ધ્યાન કરવું એટલે કોઈ વસ્તુ, બિંદુ, સ્ફટિક, શ્વાસોશ્વાસ અથવા પોતાના શરીરનું સૂક્ષ્મ કંપન વગેરેને કોઈ પણ પ્રતિક્રિયા કર્યા વગર જાણતા રહેવું. આ બધું આપણા આત્માના માટે પર છે. ભગવાને પર-કેન્દ્રિત ધ્યાનને આર્તધ્યાન કહ્યુ છે. આવું ધ્યાન કરવાથી થોડા સમય માટે મન શાંત જરૂર થઇ જાય છે કે જેથી આપણે છેતરાઈ જઈએ છીએ, પરંતુ તે પર-કેન્દ્રિત ધ્યાન હોવાથી તેનાથી પાપબંધ પણ થાય છે.

573. અનેક લોકો પોતાના શરીરના સૂક્ષ્મ કંપન વગેરેના ધ્યાનથી અનિત્યભાવના દૃઢ કરતા જણાય છે. ત્યારે સાથે-સાથે એ પણ દૃઢ કરવું જોઈએ કે સંયોગ અવશ્ય અનિત્ય છે, પરંતુ તેને જોવાવાળો હું (એટલે આત્મા) નિત્ય છું. હું અનાદિ-અનંત છું. આવો નિત્યાનિત્ય ભાવ દૃઢ નહીં કરવાથી આપણે એકાંતવાદીરૂપે પરિણમીયે છીએ, અનિત્યવાદીરૂપે પરિણમીયે છીએ.

574. અનેક લોકો માટે ધ્યાન કરવું એટલે કોઈ વસ્તુ, બિંદુ, સ્ફટિક, શ્વાસોશ્વાસ અથવા પોતાના શરીરનું સૂક્ષ્મ કંપન વગેરેને કોઈ પણ પ્રતિક્રિયા કર્યા વગર જાણતા રહેવું. તેનાથી કોઈનું મન થોડા સમય માટે શાંત થઇ જાય છે કે જેનાથી તેઓને સારૂં લાગે છે. તેથી અનેક લોકો તેને જ સાચું ધ્યાન માનવા લાગે છે.

575. સાચું ધ્યાન હંમેશા આત્મકેન્દ્રિત જ હોય છે, તેને જ ધર્મધ્યાન કહેવાય છે. ધર્મધ્યાનના ચાર ભેદ છે - આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય અને સંસ્થાનવિચય.

576. ભગવાનની આજ્ઞાનો વિચાર. ચિંતન-મનન આજ્ઞાવિચય ધર્મધ્યાન કહેવાય છે. દરેક કાર્યમાં આપણે ભગવાનની આજ્ઞાનો વિચાર અવશ્ય કરવો જોઈએ.

577. આપણા ક્રોધ-માન-માયા-લોભના કારણે આપણી સાથે બંધાતા કર્મો અને તેનાથી આવતા દુ:ખોનો વિચાર, ચિંતન-મનન અપાયવિચય ધર્મધ્યાન કહેવાય છે. આ સમજીને આપણે દરેક સમયે તીવ્ર ક્રોધ-માન-માયા-લોભથી બચવું જોઈએ.

578. શાસ્ત્રોમાં ભગવાને કર્મોના અનેક પ્રકારો જણાવ્યા છે અને તેના કારણે આપણને મળવાવાળા સંયોગો-વિયોગો પણ જણાવ્યા છે. જ્યાં સુધી આપણે કર્મોની સાથે બંધાયેલા છીએ ત્યાં સુધી દુ:ખથી મુક્તિ પ્રાપ્ત કરી શકતા નથી. આવા વિચાર, ચિંતન-મનન વિપાકવિચય ધર્મધ્યાન કહેવાય છે. દરેક સમયે આપણે આવું વિચારીને કર્મોના બંધનોથી મુક્ત થવા માટે ભગવાનના બતાવેલા માર્ગ ઉપર ચાલવાનો દૃઢ નિર્ણય અને પ્રયાસ કરવો જોઈએ.

579. શાસ્ત્રોમાં ભગવાને લોકનું (બ્રહ્માંડનું) સ્વરૂપ જણાવેલ છે. તે લોકનો આકાર, આપણું તેના દરેક પ્રદેશ ઉપર જન્મ-મરણ અને અનંત દુ:ખો વિષે વિચાર, ચિંતન-મનન સંસ્થાનવિચય ધર્મધ્યાન કહેવાય છે. દરેક સમયે આવું વિચારીને કર્મો સાથેના બંધનથી મુક્ત થવા માટે ભગવાનના બતાવેલા માર્ગ ઉપર ચાલવાનો દૃઢ નિર્ણય કરવો જોઈએ.

580. અનાદિથી આપણને (આત્માને) આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના જ દૃઢ સંસ્કાર છે. તેને તોડવા માટે આપણે હંમેશા ધર્મધ્યાનમાં રહેવાનો પ્રયાસ કરવો જોઈએ.

581. આર્તધ્યાન એટલે પ્રાપ્ત અથવા અપ્રાપ્ત સંયોગોની ચિંતા, દુ:ખ, આકાંક્ષા, નિદાન, પરનું ચિંતન વગેરે.

582. રૌદ્રધ્યાન એટલે પ્રાપ્ત અથવા અપ્રાપ્ત સંયોગો માટે હિંસા, જૂઠ, ચોરી, રોષ, દ્વેષ, સંરક્ષણ સંબંધી વિચાર, ચિંતન વગેરે.

583. સાચું (શુદ્ધ) ધર્મધ્યાન આત્મજ્ઞાન (સમ્યગ્દર્શન) પછી જ હોય છે. પરંતુ સર્વેજનોએ આત્મજ્ઞાનના લક્ષે હંમેશા ધર્મધ્યાનમાં રહેવાનો પ્રયાસ કરવો જોઈએ.

584. નિર્વિકલ્પ શુદ્ધોપયોગને ઘણા લોકો નિર્વિચાર ધ્યાન (thoughtful thoughtlessness) જ સમજે છે. નિર્વિકલ્પ શુદ્ધોપયોગ એક સેકંડના પણ બહુ નાના ભાગ જેટલા સમય માટે જ હોય છે

જ્યારે નિર્વિચાર ધ્યાન અનેક મિનિટો સુધી પણ રહી શકે છે. નિર્વિકલ્પ શુદ્ધોપયોગમાં આત્મા અનુભવમાં આવે છે જ્યારે કે નિર્વિચાર ધ્યાનમાં શાંત મન અનુભવમાં આવે છે.

585. અનેક લોકો એવું માને છે કે નિર્વિચાર ધ્યાન (thoughtful thoughtlessness) કરવાથી આત્મજ્ઞાનની (સમ્યગ્દર્શનની) પ્રાપ્તિ થશે. પરંતુ આત્મજ્ઞાન માટે વૈરાગ્યપૂર્વક તત્વનિર્ણય અને એકમાત્ર મોક્ષનું લક્ષ હોવું જરૂરી છે, જેથી તત્વચિંતનની અવસ્થામાં આપોઆપ નિર્વિકલ્પ શુદ્ધોપયોગ થાય છે અને અપૂર્વ આનંદનો અનુભવ થાય છે.

586. આત્માનો સ્વભાવ જ્ઞાન અને દર્શન છે. આપણે જ્યારે નિર્વિચાર ધ્યાન (thoughtful thoughtlessness) કરવા ઇચ્છીયે છીએ ત્યારે આપણે આત્માનો જાણવા-જોવાના સ્વભાવનો જ અસ્વીકાર કરીયે છીએ. આ રીતે આપણે આત્માના સ્વભાવનો અસ્વીકાર કરીને આત્માને કેવી રીતે પ્રાપ્ત કરી શકીયે ? ક્યારેય ન કરી શકીયે.

587. આત્મજ્ઞાન (સમ્યગ્દર્શન) માટે વૈરાગ્યપૂર્વક તત્વનિર્ણય અને એકમાત્ર મોક્ષનું લક્ષ હોવું જરૂરી છે, જેથી તત્વચિંતન અવસ્થામાં 'હું એક જાણવા-જોવાવાળો છું' એવું ચિંતન કરતા આપોઆપ નિર્વિકલ્પ શુદ્ધોપયોગ થાય છે અને અપૂર્વ આનંદનો અનુભવ થાય છે.

588. અનેક લોકોને ધ્યાનમાં અનેક પ્રકારના અનુભવો થાય છે. જેમ કે દિવ્ય પ્રકાશનો અનુભવ, રોમાંચિત થવાનો અનુભવ, ફૂલ જેવા હલકા થઇ જવાનો અનુભવ, ઘંટનાદ સાંભળવાનો અનુભવ, અન્ય કોઈ નાદ સાંભળવાનો અનુભવ, રોમ-રોમ પુલકિત થઇ જવાનો અનુભવ, વગેરે. આ તમામ અનુભવ પૌદ્ગલિક છે પરંતુ આત્મા પૌદ્ગલિક નથી અને તેનો અનુભવ પણ પૌદ્ગલિક નથી હોતો. તેથી આવા અનુભવોને આત્મજ્ઞાન (સમ્યગ્દર્શન) માનવું અયોગ્ય ઠરશે.

589. અનેક લોકોને ભગવાનની સામે પ્રાર્થના કે પૂજા કરતી વખતે આંસુ આવી જાય છે. કોઈ લોકો આને પણ આત્મજ્ઞાનનું (સમ્યગ્દર્શનનું) લક્ષણ માની લે છે કે જે બરોબર નથી. તેનાથી ભક્તની ભક્તિ અને કોમળતા જરૂર દેખાય છે પરંતુ તેને આત્મજ્ઞાનનું (સમ્યગ્દર્શનનું) લક્ષણ માનવું અયોગ્ય છે. (તે બન્ને વચ્ચે અવિનાભાવિ સંબંધ નથી).

WWW.JAYESHSHETH.COM

590. સુખ આપણી ભીતર જ છે તેનાથી અજાણ આપણે અનાદિથી પરની પાસે જ સુખની ભીખ માગતા ફરી રહ્યા છીએ.

591. "પરથી સુખ મળી શકે છે" આપણા આ જ અભિપ્રાયના કારણે આપણે આનાદિથી દુ:ખ ભોગવી રહ્યા છીએ.

592. જ્યાં સુધી આપણે સંસારમાં છીએ ત્યાં સુધી આપણને પરની જરૂરિયાત ચોક્કસ રહે છે પરંતુ તેનો અર્થ એ નથી કે આપણને સુખ બહારથી મળે છે.

593. જ્યાં સુધી આપણે (આત્મા) શરીરમાં કેદ છીએ ત્યાં સુધી આપણને પરની જરૂરિયાત છે, જ્યારે આપણે શરીરથી મુક્ત થઇ જઈશું પછી આપણને પરની કોઈ જરૂરિયાત નહી રહે અને પછી આપણે સાદિ-અનંત કાળ માટે અનંત આનંદ પ્રાપ્ત કરીશું.

594. જ્યાં સુધી આપણે શરીરમાં કેદ છીએ ત્યાં સુધી આપણે જરૂરિયાત અનુસાર વિવેક રાખીને પરનો ઉપયોગ કરવાનો છે પરંતુ આપણે તેમાં મૂર્છિત થવાનું નથી અને એમ પણ માનવાનું નથી કે તેમાંથી સુખ મળશે.

595. જ્યારે આપણે મૈત્રી ભાવના સહિત આપણું જીવન જીવીયે છીએ ત્યારે આપણે પોતે જ આપણા (આત્માના) પરમ મિત્ર છીએ. અને જ્યારે આપણે વેર-વિરોધ-શત્રુભાવના સહિત આપણું જીવન જીવીયે છીએ ત્યારે આપણે પોતે જ આપણા પરમ શત્રુ છીએ. કારણ કે આપણે પોતે જ આપણી ભાવનાથી આપણું ભવિષ્ય નિશ્ચિત કરીયે છીએ.

596. વેર અને શત્રુતાથી પાપનો બંધ અને અનુબંધ બન્નેય બંધાય છે. પાપનો બંધ દુ:ખ આપે છે અને અનુબંધ તે દુ:ખના કાળે ફરીથી પાપનો બંધ કરાવે છે, ફરીથી વેર અને શત્રુતા કરાવે છે.

597. વેર અને શત્રુતાથી આપણું વર્તમાન અને ભવિષ્ય બન્નેય બગડે છે. તે વર્તમાનમાં આપણી મનોદશા અને ભાવ બગડવાના કારણે દુ:ખ આપે છે અને આ દુ:ખને કારણે બાંધેલ પાપના ઉદય વખતે ભવિષ્યમાં પણ ફરી દુ:ખ આપે છે.

WWW.JAYESHSHETH.COM

598. વેર અને શત્રુતાથી આપણે તે જીવ અથવા તેવા અન્ય જીવો સાથે અનેક જન્મો સુધી લડતા-ઝઘડતા રહીયે છીએ. આવું કરવાથી આપણે દરેક વખતે આપણું વર્તમાન અને ભવિષ્ય દુ:ખમય બનાવતા રહીયે છીએ.

599. વેર અને શત્રુતાના અનંત દુ:ખમય ફળોથી બચવા માટે એકમાત્ર આત્મ-ભાવથી (આત્મ-લક્ષથી) જીવનભર મૈત્રીભાવમાં રહેવું જરૂરી છે.

600. જીવનભર મૈત્રીભાવમાં રહેવા માટે દરેક વ્યક્તિ અને સંયોગ સાથે “ધન્યવાદ! સ્વાગતમ્!” (Thank you! Welcome!) ભાવમાં રહેવું અત્યંત જરૂરી છે.

601. જ્યારે આપણે આપણા જીવનમાં સદ્ગુણગ્રહિતા પામી લઈએ છીએ ત્યારે આપણું કલ્યાણ થવાનું નિશ્ચિત થઇ જાય છે.

602. સદ્ગુણગ્રહિતા એટલે અન્ય જીવોના ગુણો પ્રત્યે આદર અને પ્રેમ. તેનાથી તે ગુણો આપોઆપ આપણામાં ખીલવાનું શરૂ થઇ જાય છે અને ગુણો પ્રત્યેના આદરથી પુણ્ય પણ બંધાય છે.

603. બીજાની નિંદા કરવાથી તેમના અવગુણો આપણામાં ખીલવાનું શરૂ થઇ જાય છે અને આપણને નિંદાનું પાપ પણ લાગે છે. તેનાથી આપણને કોઈ ફાયદો થતો નથી.

604. બીજાના અવગુણો જોઈને આપણે પોતાને ચકાસવાના છે, આપણામાં પણ જો તે અવગુણો હોય તો તે કાઢી નાખવાના છે અને અવગુણી પ્રત્યે તો કરૂણાભાવ જ રાખવાનો છે. આ રીતે આપણે બીજાના અવગુણોથી પણ આપણો ફાયદો થાય તેવું જ કરવાનું છે.

605. વૈરાગ્ય એટલે બાહ્ય લગાવ ઓછો થવો. સાંસારિક આકાંક્ષાઓ ઓછી થવી. પરથી સુખનો ભ્રમ તૂટવો.

606. સાધકની ચારેય કષાયો ક્રમશ: મંદ થાય છે. પહેલા ક્રોધની મંદતા થાય છે, પછી માન, તેની પછી માયા અને છેવટે લોભ મંદ થાય છે.

WWW.JAYESHSHETH.COM

607. ધર્મોપદેશ અથવા બીજો કોઈપણ ઉપદેશ, સાંભળવાવાળાની લાયકાત (યોગ્યતા) અનુસાર જ આપવામાં આવે છે. કારણ કે અન્યથા તે ગ્રહણ કરી શકતો નથી.

608. મનની વર્તમાન પરિસ્થિતિને યથાતથ્ય સમજીને તેને પૂર્ણ જાગૃતિસહિત સુધારવાનો પ્રયાસ કરવો તે જ સાધના છે. સાધના અવિરતપણે ચાલે છે – ૨૪ X ૭ X ૩ ૬૫ દિવસ. સાચી સાધના સાધકના જીવનના દરેક પાસાને પ્રભાવિત કરે છે.

609. સાધક સંસારમાં રહીને પણ સંસારથી પર (જળકમળવત) રહી શકે છે, તેમના અભિપ્રાયમાં આસક્તિ હોતી નથી.

610. વૈરાગ્યની પરિપૂર્ણતાનું ફળ મોક્ષ છે. વૈરાગી સંસારની કોઈપણ અપેક્ષા રાખતા નથી. તેઓ સહજરૂપથી જ પોતાના આત્મામાં મસ્ત રહે છે.

611. કોઈ ભલેને કરોડો લોકોથી પણ અધિક ભાગ્યશાળી હોય, પરંતુ એ જરૂરી નથી કે તેઓને મોક્ષમાર્ગ ઉપર ચાલવાની સમજણ પણ હોય. તેથી મોક્ષમાર્ગ ઉપર ચાલવાનો વિવેક હોવો તે ભાગ્યશાળી હોવા કરતા પણ અનેકગણું વધારે મહત્વનું ભાગ્યશાળીપણું છે.

612. આપણે આપણા વિચારોમાં સુધારો કરવાનો છે કારણ કે જેવા આપણા વિચારો હશે પ્રાય: તેવું જ આપણું ભવિષ્ય સર્જાય છે.

613. આપણે બીજાના માટે ખરાબ વિચારીને આપણું જ નુકસાન કરીયે છીએ નહીં કે બીજાનું. કારણ કે બીજાનું સારું-ખરાબ આપણા વિચારો અનુસાર થતું નથી પરંતુ તેમના કર્મો અનુસાર જ થાય છે.

614. આપણે હંમેશા બીજાને માટે સારૂ જ ઇચ્છવું જોઈએ, ભલેને તે આપણો શત્રુ હોય. કારણ કે બીજાનું સારૂં-ખરાબ આપણા વિચારો અનુસાર થતુ નથી પરંતુ તેમના કર્મો અનુસાર જ થાય છે.

615. આપણે સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) પ્રાપ્ત કરવા માટે સૌ પ્રથમ સર્વ જીવો સાથે ભાવ-મૈત્રી કરવી જોઈએ. આમ પણ સમાજમાં જેમણે મોટા થવું છે તેમણે પણ સર્વથી મૈત્રીનો દેખાડો કરવો

પડે છે. જ્યારે આ તો આત્મપ્રાપ્તિની વાત છે. અહીંયા તો સાચા દિલથી સર્વ જીવો સાથે ભાવ-મૈત્રી કરવી જ પડશે.

616. સાચા દિલથી સર્વ જીવો સાથે ભાવ-મૈત્રી કરવાથી આપણા દ્વેષનું શમન થાય છે. આપણું મન શાંત થાય છે અને શાંત મનથી જ જીવ પોતાના હિત-અહિતનો વિચાર કરી શકે છે.

617. સાચા દિલથી સર્વ જીવો સાથે ભાવ-મૈત્રી કરવાથી આપણા પાપકર્મોનો બંધ ઓછો થઇ જાય છે અને પુણ્યનો બંધ અધિક થાય છે. તેથી ભવિષ્યમાં મોક્ષમાર્ગ ઉપર ચાલવું અનુકૂળ (સુવિધાજનક) અને સરળ બની જાય છે.

618. અન્યાય, અનીતિ તથા અવિવેક આપણને ભવિષ્યમાં દુર્ગતિ અને અનંત દુ:ખો આપવા સક્ષમ છે. તેથી તેનાથી હંમેશા બચતા રહેવું જોઈએ અને ન્યાય, નીતિ અને વિવેકપૂર્ણ જીવન જીવવું જોઈએ.

619. જ્યારે આપણે ગુસ્સાથી અથવા દ્વેષથી કોઈને દંડ દેવાનું વિચારીયે છીએ અથવા દંડ આપીયે છીએ ત્યારે આપણે આપણા માટે ભવિષ્યમાં દુર્ગતિ અને અનંત દુ:ખોનું જ આરક્ષણ (booking) કરી લઈયે છીએ.

620. જ્યારે આપણે ગુસ્સાથી અથવા દ્વેષથી કોઈનું અપમાન કરવાનું વિચારીયે છીએ અથવા અપમાન કરીયે છીએ ત્યારે આપણે આપણા માટે ભવિષ્યમાં દુર્ગતિ અને અનંત દુ:ખોનું જ આરક્ષણ (booking) કરી લઈયે છીએ.

621. અજ્ઞાની વ્યક્તિ નિયમથી પોતાની પર્યાયને જ વેદે છે-અનુભવે છે નહીં કે દ્રવ્યને. તેથી જ્યારે તે એવું સાંભળે છે કે વાંચે છે કે “હું શુદ્ધાત્મા છું” , “હું ત્રિકાળી ધ્રુવ શુદ્ધાત્મા છું” , “હું પરમપારિણામિકભાવ માત્ર છું” વગેરે; ત્યારે તે અજ્ઞાનભાવથી/ભ્રમથી પોતાના દ્રવ્યરૂપને એવું ન માનતા, પોતાના પર્યાયરૂપને જ એવું માનવા લાગે છે. તેથી તે ધર્મમાં પુરુષાર્થહીન જ રહે છે અને સંસારનો જ પુરુષાર્થ કરતો રહે છે. આ રીતે તે પોતાના સંસારની જ વૃદ્ધિ કરે છે, પોતાને માટે અનંત દુ:ખોનું જ આરક્ષણ (booking) કરે છે.

622. "હું રાગ-દ્વેષ રહિત, બંધ મોક્ષ રહિત શુદ્ધાત્મા છું" આ કથન શુદ્ધનયની અપેક્ષાએ છે. પરંતુ અનેક લોકો આ વાત નિર્પેક્ષ ભાવથી એકાંતપૂર્વક કહેતા હોય છે અને માનતા પણ હોય છે. તેઓને નયોનું યથાર્થ જ્ઞાન નથી, તેઓ અજ્ઞાની છે. જ્ઞાનીની દૃષ્ટિમાં આ વાત અવશ્ય હોય છે પરંતુ તેમને વર્તમાન પરિસ્થિતિનું પણ યથાર્થ જ્ઞાન હોય છે. તેથી જ જ્ઞાનીના અભિપ્રાયમાં સર્વવિરતિ જ હોય છે અને પોતાની શક્તિ અનુસાર તેઓને વ્રત-પ્રત્યાખ્યાન પણ અવશ્ય હોય છે.

623. અનેક અજ્ઞાની જીવો પોતાને શુદ્ધાત્મા માનીને ધર્મમાં પુરુષાર્થહીન જ રહે છે. તેઓ એ નથી સમજતા કે ખાણમાંથી નીકળેલા સોનામાં (gold ore) અને શુદ્ધ સોનામાં (pure gold) ફરક હોવા છતાં બન્નેને કહેવાય છે તો સોનું જ, પરંતુ શુદ્ધ સોનું પ્રાપ્ત કરવા ખાણમાંથી નિકળેલ સોના ઉપર અનેક પ્રક્રિયાઓ અવશ્ય કરવી પડે છે. તે પ્રક્રિયાઓનું જ નામ આત્મસાધના છે.

624. અનેક અજ્ઞાની જીવો પોતાને શુદ્ધાત્મા માનીને ભ્રમમાં રહેતા હોવાથી ધર્મમાં પુરુષાર્થહીન જ રહે છે. તેઓ "કરવું એટલે મરવું" એવું માનતા હોય છે. પરંતુ તઓને એ ખબર નથી હોતી કે "કરવું એટલે મરવું" એ વાત "પરની કર્તુત્વબુદ્ધિ" છોડાવવા માટે છે નહીં કે સ્વની (આત્માની) સાધનાઓ છોડાવવા માટે, તે સાધનાઓ તો મોક્ષ પામવા સુધી કરવાની જ છે.

625. "હું શુદ્ધાત્મા છું", "હું ત્રિકાળી ધ્રુવ શુદ્ધાત્મા છું", "હું પરમપારિણામિક ભાવ માત્ર છું" વગેરે; આ સર્વ કથનોનો ભાવાર્થ અજ્ઞાની એમ માને છે કે મારામાં રાગ-દ્વેષ છે જ નહીં, હું શુદ્ધ છું. કારણ કે અજ્ઞાની નિયમથી પર્યાયને જ વેદે છે, તેથી તે પોતાની વર્તમાન પર્યાયને જ ભ્રમથી તેવી માનવા લાગે છે.

626. "હું શુદ્ધાત્મા છું", "હું ત્રિકાળી ધ્રુવ શુદ્ધાત્મા છું", "હું પરમપારિણામિક ભાવ માત્ર છું" વગેરે; આ સર્વ કથનોનો ભાવાર્થ ન સમજીને અજ્ઞાની તેને એકાંતે માનીને (ભ્રમથી પોતાની વર્તમાન પર્યાયને એવી માનીને) રાગ-દ્વેષ ઘટાડવાનો પુરુષાર્થ છોડીને સાંસારિક પુરૂષાર્થોમાં પૂરા જોશથી લાગી જાય છે.

627. "હું શુદ્ધાત્મા છું", "હું ત્રિકાળી ધ્રુવ શુદ્ધાત્મા છું", "હું પરમપારિણામિક ભાવ માત્ર છું" વગેરે; આ સર્વ કથનો આપણા દ્રવ્ય માટે છે નહીં કે પર્યાય અર્થાત્ વર્તમાન અવસ્થા માટે. આપણું દ્રવ્ય

ત્રિકાળ આવું છે એમ કહીને આચાર્ય ભગવાન આપણને તેનો અનુભવ કરવાની પ્રેરણા આપે છે નહીં કે આપણી વર્તમાન પર્યાયને ભ્રમથી એવી માનીને પુરુષાર્થહીન બનવા માટે કહ્યું છે.

628. "હું શુદ્ધાત્મા છું", "હું ત્રિકાળી ધ્રુવ શુદ્ધાત્મા છું", "હું પરમપારિણામિક ભાવ માત્ર છું" વગેરે; આ સર્વ કથનોનો મોટાભાગના લોકો એકાંત અર્થ ગ્રહણ કરીને (ભ્રમથી પોતાની વર્તમાન પર્યાયને જ એવી માનીને) પોતાને અન્યોથી ઉંચા માનવા લાગે છે અને પોતાનો અનંતકાળ અંધકારમય અને દુ:ખમય બનાવે છે.

629. "હું શુદ્ધાત્મા છું", "હું ત્રિકાળી ધ્રુવ શુદ્ધાત્મા છું", "હું પરમપારિણામિક ભાવ માત્ર છું" વગેરે; આ સર્વ કથનોનો મોટાભાગના લોકો એકાંત અર્થ ગ્રહણ કરીને (ભ્રમથી પોતાની વર્તમાન પર્યાયને જ એવી માનીને) પોતાને રાગ-દ્વેષ અને તેનાથી થતા બંધથી પર માનીને પોતાનો અનંતકાળ અંધકારમય અને દુ:ખમય બનાવે છે.

630. "હું શુદ્ધાત્મા છું", "હું ત્રિકાળી ધ્રુવ શુદ્ધાત્મા છું", "હું પરમપારિણામિક ભાવ માત્ર છું" વગેરે; આ સર્વ કથનોનો મોટાભાગના લોકો એકાંત અર્થ ગ્રહણ કરીને (ભ્રમથી પોતાની વર્તમાન પર્યાયને જ એવી માનીને) એવું બોલવા/માનવા લાગે છે કે મારામાં રાગ-દ્વેષ છે જ નહીં. હું પરમ અકર્તા છું. અને તેઓ ડૂબેલા રહે છે ઘોર સાંસારિક કામોમાં જ. આવી રીતે તેઓ પોતાનો અનંતકાળ અંધકારમય અને દુ:ખમય બનાવે છે.

631. નિશ્ચયને દ્રષ્ટિમાં અને વ્યવહારને કથન અને આચરણમાં રાખવો જોઈએ. પરંતુ અનેક લોકો તેનાથી વિપરીત કરતા જણાય છે. તેઓ નિશ્ચયને માત્ર કથનમાં રાખીને આચરણ-શૂન્ય બનીને નિશ્ચયાભાસી બની જાય છે. આવી રીતે તેઓ પોતાનો અનંતકાળ અંધકારમય અને દુ:ખમય બનાવે છે.

632. મને મારી પૂર્ણતાનો અનુભવ ત્યારે જ થઇ શકે જ્યારે મને દ્રષ્ટિ અપેક્ષાએ બહારનું કાંઈપણ ન જોઈએ એવો ભાવ હોય અર્થાત્ ત્યારે મને સ્વાત્માનુભવ થઇ શકે છે. ત્યારે હું અંતર્મુખી રહી શકું છું, અંતરાત્માપણું પ્રાપ્ત કરી શકું છું.

WWW.JAYESHSHETH.COM

633. જ્યાં સુધી દૃષ્ટિ અપેક્ષાએ બહારનું કાંઈ પણ જોઈએ છે એવા ભાવ છે ત્યાં સુધી મને મારૂં અધૂરાપણું જ અનુભવમાં આવશે. ત્યાં સુધી હું વિકલ્પમુક્ત અર્થાત્ નિર્વિકલ્પ અનુભૂતિ પ્રાપ્ત નહીં કરી શકું.

634. એમ વિચારવું ભૂલ ભરેલું છે કે જો હું સાક્ષીભાવે પોતાના વિકલ્પ-વિચારોને જોતો રહીશ (choiceless awarenessથી) તો મને આત્મજ્ઞાન થઇ જશે. કારણ કે જ્યાં સુધી જોવાનો પણ વિકલ્પ છે ત્યાં સુધી આત્મજ્ઞાન (સમ્યગ્દર્શન) થતું નથી.

635. જ્યાં સુધી આપણા મનમાં સાંસારિક માંગ-ઇચ્છા-અપેક્ષા વિદ્યમાન છે ત્યાં સુધી સાક્ષીભાવે પોતાના વિકલ્પ-વિચારોને જોતા (choiceless awarenessમાં) રહેવા છતાં આત્મજ્ઞાન પ્રાપ્ત થતું નથી. કારણ કે જીવને અંતરદૃષ્ટિ જ ત્યારે પ્રાપ્ત થઇ શકે છે જ્યારે તેને કોઈપણ સાંસારિક માંગ-ઇચ્છા-અપેક્ષા ન હોય.

636. સાચા દેવ-શાસ્ત્ર-ગુરૂ-ધર્મનું આલંબન શુભમાં અટકવા માટે નથી હોતું, તે તો શુદ્ધભાવ પ્રાપ્ત કરવા માટે હોય છે. અર્થાત્ સાચાં દેવ-શાસ્ત્ર-ગુરૂ-ધર્મના આલંબનથી સિદ્ધત્વ પ્રાપ્ત કરવાનું છે, નહીં કે સંસાર.

637. સાચા દેવ-શાસ્ત્ર-ગુરૂ-ધર્મના આલંબનથી જો આપણે માત્ર શુભભાવ જ પામીયે છીએ તો શુદ્ધભાવરૂપી સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) અને મોક્ષમાર્ગ નહીં મળે. સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) અને મોક્ષમાર્ગ નહીં મળવાથી આપણને સંસાર અર્થાત્ અનંત દુ:ખમયી જીવનોથી મુક્તિ નહીં મળે.

638. સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) અને મોક્ષમાર્ગ મળ્યા પછી પણ જ્યારે-જ્યારે આપણે શુદ્ધભાવમાં ટકી શકતા નથી ત્યારે નિયમથી સાચા દેવ-શાસ્ત્ર-ગુરૂ-ધર્મનું આલંબન લઈને શુભભાવમાં જ રહેવાનું છે, નહીં કે અશુભભાવમાં.

639. લોકો ઉપયોગને (જ્ઞાનને) ખાલી કરવાના ચક્કરમાં નિર્વિચાર થવાનો પ્રયાસ કરતા રહે છે પરંતુ જીવનભર આત્માનુભૂતિ (સમ્યગ્દર્શન) પ્રાપ્ત કરી શકતા નથી. કારણ કે આત્માનુભૂતિ માટે ઉપયોગને ખાલી કરવાની રીત એ છે કે જ્યારે પોતાની રુચિ બહારથી હટીને અંદર એટલે કે સ્વમાં

WWW.JAYESHSHETH.COM

હોય છે ત્યારે આપોઆપ ઉપયોગ પરથી ખાલી થઇને સ્વનો અનુભવ પ્રાપ્ત કરે છે. આત્માનુભૂતિ પ્રાપ્ત થાય છે.

640. આત્માનુભૂતિ માટે ઉપયોગને (જ્ઞાનને) ખાલી કરવાની રીત અમે અમારા પુસ્તક "સમ્યગ્દર્શનની રીત"ના ૨૪માં પ્રકરણમાં જણાવેલ છે. જો ઉપયોગ 'પર'થી ખાલી થઇને સ્વનો અનુભવ કરે તો જ આત્માનુભૂતિ પ્રાપ્ત કરી શકે છે.

641. શાસ્ત્રોમાં કહ્યું છે કે નાના-મોટા સર્વ જીવોને આત્મા અનુભવમાં આવી જ રહ્યો છે પરંતુ અનાદિના કર્મબંધથી પરદ્રવ્ય સાથે એકત્વ હોવાના કારણે જીવ પોતાનો અનુભવ કરી શકતો નથી. તેથી પોતાની (આત્માની) અનુભૂતિ પ્રાપ્ત કરવા માટે પરની પ્રીતિ ઓછી કરીને "સ્વ"ની રુચિ જગાડવી પડશે ત્યારે જ આપણો ઉપયોગ પરથી ખસીને સ્વની અનુભૂતિ કરી શકશે.

642. પોતાના આત્માની અનુભૂતિ પ્રાપ્ત કરવા માટે પરની પ્રીતિ ઓછી કરવી જરૂરી છે. પરની પ્રીતિ ઓછી કેવી રીતે થાય ? તેની રીત અમે અમારા પુસ્તક "સમ્યગ્દર્શનની રીત"ના ૨૪મા પ્રકરણમાં જણાવેલ છે.

643. મોટા ભાગના લોકો ધનવાન વ્યક્તિને સર્વગુણસંપન્ન માને છે. અનેક ધનવાન વ્યક્તિઓ પણ પોતાને સર્વગુણસંપન્ન માને છે. તેથી જણાય છે કે બહુમત ધનના પક્ષમાં જ હોય છે. જો કે ધન આત્મપ્રાપ્તિમાં બાધક નથી પરંતુ ધનનો પક્ષ જરૂર આત્મપ્રાપ્તિમાં બાધક હોય છે. કારણ કે ધનનો પક્ષ જીવને મન-વચન-કાયાથી ધનની પાછળ જ દોડાવે છે. તેવા વ્યક્તિની રુચિ પણ ધન પ્રત્યે હોય છે નહીં કે આત્મા પ્રત્યે.

644. અનાદિથી જીવ મિથ્યાત્વી (અજ્ઞાની) હોવાથી તે પોતાને શરીર જ માને છે અને આહાર, મૈથુન, પરિગ્રહ (વધુમાં વધુ ધન, સ્ત્રી, ઘર, ઝવેરાત વગેરે ભેગું કરવાનો ભાવ) અને ભય માં જ ડૂબેલો રહે છે. તેને શરીરથી સર્વ ભોગ ભોગવવાના ભાવ તીવ્ર હોય છે. તેથી તેને પાપનો બંધ પડે છે અને તે ખોટા સંસ્કારો પણ દૃઢ થતા રહે છે કે જે તે જીવને અનંત કાળ માટે આ દુ:ખમય સંસારમાં ભટકાવવા સક્ષમ છે. તેથી આવા સર્વ ખોટા સંસ્કારોને નબળા પાડવા એ પણ એક સાધના જ છે.

645. સમ્યગ્દર્શનની (આત્મજ્ઞાનની) પ્રાપ્તિમાં પરને ભોગવવાનો તીવ્ર ભાવ એક મોટો અવરોધ છે. જીવ તેને દરેક સ્થિતિમાં જાળવી રાખવા માંગે છે કારણ કે તેમાં જ તે પોતાનું અસ્તિત્વ માને છે અને તેમાં જ પોતાનું સુખ પણ માને છે. તેને એ ખબર નથી કે પરથી પ્રાપ્ત સુખ તો સુખાભાસ માત્ર છે, સાચું સુખ તો આત્મામાં જ છે.

646. જ્યારે કોઈ જીવને તેની તબિયત સારી રાખવા માટે અમુક ખોરાક છોડવાનું કહેવામાં આવે છે ત્યારે પણ તે જીવ અનેક બહાના બનાવીને કહે છે કે હું તે છોડી નહીં શકું. જો તે જીવ દેખાવાવાળા શરીર માટે પણ કોઈ ચીજ ખાવાનું છોડી નથી શકતો, તો તે જીવ ન દેખાવાવાળા એવા આત્માના હિત માટે ભોગેચ્છા કેવી રીતે છોડી શકશે ? નહીં છોડી શકે, આ જ આપણી અનાદિની કથા (વાસ્તવિકતા) છે.

647. અનાદિથી અજ્ઞાનીને ભોક્તાભાવના (પરને ભોગવવાના) દઢ સંસ્કાર હોય છે. તે ખોટા અને ઉલટા સંસ્કારોને તોડવા માટે આત્મપ્રાપ્તિના લક્ષે બાર ભાવનાઓનું ચિંતન-મનન કરવું જોઈએ. ભગવાનના સ્વરૂપનું ચિંતન-મનન કરવું જોઈએ.

648. ભોગો આપણને સમ્યગ્દર્શનની (આત્મજ્ઞાનની) પ્રાપ્તિમાં બાધક નથી પરંતુ ભોગેચ્છા સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અવશ્ય અટકાવે છે. તેથી પહેલાં ભોગેચ્છા છોડવાનો પ્રયાસ કરવો જોઈએ નહીં કે ભોગોને છોડવાનો. કારણ કે ભોગો છોડવા સહેલા છે પરંતુ ભોગેચ્છા છોડવી અઘરી છે.

649. જ્યારે કોઈ જીવને એ આભાસ થઇ જાય કે સાચું સુખ તો મારા આત્મામાં જ છે, ત્યારે તેની મૃગજળ જેવા ભ્રામક સુખ પાછળની દોડ અટકી જાય છે. તે દોડ અટકવાથી પણ તેને શાંતિનો અનુભવ જરૂર થાય છે, પરંતુ તે શાંતિને આત્મજ્ઞાન ન માની લેવી જોઈએ.

650. જ્યારે કોઈ જીવની મૃગજળ જેવા ભ્રામક સુખ પાછળની દોડ અટકી જાય છે ત્યારે તેણે આત્માના લક્ષણ એવા જ્ઞાન-દર્શનથી પોતાને ઓળખવો જોઈએ. તે એવી રીતે કે "હું આ જાણવાવાળો જ છું. હું જ્ઞાયક છું". એવી રીતે પોતાના સાચા અસ્તિત્વનો અનુભવ કરવો જોઈએ.

651. આપણે આપણી ભૂતકાળની ભૂલોને યાદ રાખવાની છે કે જેથી તેનું પુનરાવર્તન ન થાય. પરંતુ બીજાની ભૂતકાળની ભૂલોને યાદ નથી રાખવાની કારણ કે તેનાથી આપણે તેમની સાથે

WWW.JAYESHSHETH.COM

પૂર્વાગ્રહવાળા બનીને તેમની સાથે મૈત્રીભાવ રાખી શકતા નથી. પરંતુ આપણી ખુશી, સુખ અને આધ્યાત્મિક પ્રગતિ માટે સર્વ જીવો સાથે મૈત્રીભાવ રાખવો અત્યંત જરૂરી છે.

652. આપણે બીજાની ભૂલોથી પણ આપણા આત્માનો ફાયદો કરી લેવાનો છે. જો તે ભૂલો પોતામાં હોય તો તેને સુધારી લેવાની છે અને જો તે ભૂલો પોતામાં ન હોય તો આપણે `ધન્યવાદ! સ્વાગતમ્! (Thank you! Welcome!)'નો ઉપયોગ કરીને આપણા જૂના પાપોની માફી માંગીને, આપણે ભવિષ્યમાં આવી ભૂલ કદી નહીં કરીયે તે નક્કી કરવાનું છે અને ભૂલ કરવાવાળાને આપણા ભૂતકાળના પાપોને યાદ કરાવવાળા સમજીને મનમાં ધન્યવાદ આપવાનો છે. આ રીતે આપણા આત્માનો ફાયદો કરી લેવાનો છે.

653. જો આપણે સારી રીતે `ધન્યવાદ! સ્વાગતમ્! (Thank you! Welcome!)' કરી શકીયે અને મૈત્રીભાવ રાખી શકીયે તો આપણી ખુશી અકબંધ રહે છે. તેથી `ધન્યવાદ! સ્વાગતમ્! (Thank you! Welcome!)'નો ભાવ આપણી ખુશી માટે કવચ સમાન છે અને આપણને નવા પાપબંધથી બચાવે પણ છે.

654. `ધન્યવાદ! સ્વાગતમ્! (Thank you! Welcome!)' આપણને એ શીખવે છે કે નિમિત્ત પોસ્ટમેનનું કામ કરે છે, તેથી નિમિત્તને દોષિત ન જોતા પોતાના કર્મોને (પોતાના જ પૂર્વકૃત દુષ્કૃત્યોને) દોષ દેવો જોઈએ કે જેથી આપણી ખુશી અકબંધ રહે છે અને નવા પાપબંધથી બચી જવાય છે.

655. `ધન્યવાદ! સ્વાગતમ્! (Thank you! Welcome!)'ને અમલમાં મૂકવાથી આપણે ક્રોધ, રોષ, ઘૃણા અને નવા પાપબંધથી બચી જઇએ છીએ. જુના પાપોની નિર્જરા થઇ જાય છે અને આપણને સમતા પ્રાપ્ત થાય છે.

656. મોહગ્રસિત જીવ `ધન્યવાદ! સ્વાગતમ્! (Thank you! Welcome!)'ને અમલમાં મૂકી શકતા નથી અને મૂકવા ઇચ્છતા પણ નથી. કારણ કે તેમને ક્રોધ, માન અને ઘૃણાનો તીવ્ર ઉદય હોય છે. તેઓ પોતાની ભૂલ કે પોતાના પાપકર્મોને જવાબદાર ન માનતા સામેવાળાને જ પૂર્ણત: જવાબદાર માને છે. આ રીતે તેઓ પોતાનું વર્તમાન અને ભવિષ્ય બન્નેય બગાડે છે. આ જ આપણી અનાદિની કથા (વાસ્તવિકતા) છે.

WWW.JAYESHSHETH.COM

657. મોહગ્રસ્ત જીવના તીવ્ર ક્રોધ, માન, માયા અને લોભ તેને પોતાના આત્મા માટે જરૂરી ચાર ભાવનાઓ (મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થભાવ) અને `ધન્યવાદ! સ્વાગતમ્! (Thank you! Welcome!)' ભાવથી હંમેશા દૂર જ રાખે છે. મોહગ્રસ્ત જીવ આ બધાથી દૂર જ રહે છે, તે આ બધાને પોતાને માટે વ્યર્થ જ માને છે. આ જ આપણી અનાદિની કથા (વાસ્તવિકતા) છે.

658. કોઈ પણ મત-પંથ નો હઠાગ્રહ અથવા દુરાગ્રહ મોહગ્રસિત જીવને જ હોય છે, આ હઠાગ્રહ-દુરાગ્રહ મોહગ્રસિત જીવને પોતાના આત્મા માટે જરૂરી એવી ચાર ભાવનાઓ (મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થભાવ) અને `ધન્યવાદ! સ્વાગતમ્! (Thank you! Welcome!)'થી હંમેશા દૂર જ રાખે છે. કારણ કે કોઈ એક મત-પંથનો આગ્રહ તેમને સહજરૂપથી જ બીજા મત-પંથના વિરોધી બનાવી દે છે. આ જ આપણી અનાદિની કથા (વાસ્તવિકતા) છે.

659. જેમને કોઈ મત-પંથ અથવા વ્યક્તિવિશેષનો (ગુરૂનો) વિરોધ હોય તો તેઓ પોતાના આત્મા માટે જરૂરી ચાર ભાવનાઓ (મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થભાવ) અને `ધન્યવાદ! સ્વાગતમ્! (Thank you! Welcome!)'થી સહજ જ દૂર થઇ જાય છે. કારણ કે જેમને કોઈ એક જીવથી પણ વિરોધ અથવા વેર છે તેમને અખંડ મૈત્રીઆદિ ભાવ ન હોઈ શકે. તેનાથી તેઓ પોતાનો વર્તમાન અને અનંત ભવિષ્ય દુ:ખમય બનાવી શકે છે.

660. જેમનો મોહ મંદ થયો છે તેમને "સાચું એ જ મારૂં" એ ભાવ સહિત સત્યની શોધ હોય છે. તેઓ પોતાના આત્મા માટે જરૂરી ચાર ભાવનાઓ (મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થભાવ) અને `ધન્યવાદ! સ્વાગતમ્! (Thank you! Welcome!)'નો લાભ લઇ શકે છે. તેમણે આનો લાભ ચોક્કસ લેવો જોઈએ. આવા જીવો જ આત્મજ્ઞાન (સમ્યગ્દર્શન) પાપ્ત કરવાને માટે લાયક હોય છે.

661. અનાદિથી જીવ મિથ્યાદૃષ્ટિ હોય છે. તેથી નિયમથી તે ચાર તીવ્ર સંજ્ઞાઓ (આહાર, મૈથુન, પરિગ્રહ અને ભય) અને અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભમાં ડૂબેલો હોય છે. આ જ આપણી અનાદિની કથા (વાસ્તવિકતા) છે.

662. જોકે આપણે બીજાનું એઠું સ્વીકારતા નથી પરંતુ અનાદિથી મોહના નશામાં ચૂર થઇને અનંતીવાર આપણે અને બીજાઓએ ભોગવીને છોડી દીધેલા પુદ્ગલોને જ બહુ આસક્તિથી ફરી-

ફરી નવા સમજીને ભોગવીયે છીએ. આપણી ભોગવવાની શક્તિ મર્યાદિત હોવા છતાં ભોગેચ્છા અનંત હોય છે.

663. આપણે જે પણ ચીજ ખાઇયે-પીયે છીએ તે પુદ્‌ગલ રૂપ જ હોય છે. તેમાંથી શરીર પોતાની જરૂરતની પૂર્તિ કરીને બાકીની ચીજો મળ, મૂત્ર, પરસેવા વગેરેરૂપે બહાર ફેંકી દે છે. તે અશુચિ પણ પુદ્‌ગલ જ છે. તે અશુચિ જમીનમાં મળી જાય છે અને તે વૃક્ષો કે છોડ થકી આપણને ફળ, ફૂલ, અન્ન, ધાન્ય વગેરેરૂપે મળે છે. આપણે વાપરવાથી ગંદા બનેલા પાણીનું બાષ્પીભવન થઇને વાદળા બને છે અને તે વાદળા વરસે છે ત્યારે આપણને તે પાણીના પુદ્‌ગલ ટીપાંઓરૂપે પ્રાપ્ત થાય છે. તેવી જ રીતે આપણે જે પુદ્‌ગલોથી શરીર બનાવ્યું છે, તે પણ આપણે અનેકવાર ગ્રહણ કરીને છોડ્યા છે. આ રીતે આપણે ફરી-ફરી ગ્રહણ કરી છોડેલા પુદ્‌ગલોને નવા સમજીને ભોગવી રહ્યા છીએ. છતાં મોહવશ આપણા સંસારનો અંત થયો નથી, તેથી મોહને મંદ કરવો જરૂરી છે.

664. આપણે અનાદિથી આ સપના જેવા સંસારને જ પરમ સત્ય માનીને જીવીયે છીયે. પરંતુ હકિકત એ છે કે આપણે (આત્મા) આ સંસારમાં જે પણ રૂપમાં (પર્યાયે) રહીયે છીએ તે ચોક્કસપણે બદલવાનું છે, તે ક્ષણિક જ હોય છે. તેથી આપણે પરમ સત્ય વિશે વિચારીને તેને જ પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરવો જોઈએ.

665. સંસારને સપના જેવો કહેવાય છે કારણ કે અનાદિથી જીવ મોહવશ પરમાં જ હું અને મારાપણું કરતો રહ્યો છે. આપણે આત્મા હોવા છતાં અનાદિથી શરીરમાં મમત્વ કરીને ભ્રમવશ શરીર અને તેનાથી સંકળાયેલા તમામ સંયોગોમાં ક્રમશઃ હું અને મારૂં માનીને જીવીયે છીએ. તે જ ભ્રમના કારણે આપણને અનાદિથી આપણી સાચી ઓળખાણ થઇ નથી. તે ભ્રમને જ સપના જેવો કહ્યો છે. આ જ આપણી અનાદિની કથા (વાસ્તવિકતા) છે.

666. શરીરને આપણે મારૂં કહીયે છીએ. હાથ, પગ, નાક, કાન વગેરે ને મારા કહીયે છીએ. એટલે કે શરીર અને બધા અંગોને આપણે “આ મારૂં છે” એમ કહીયે છીએ. ત્યારે એ વિચારવું જોઈએ કે આ બધાને મારૂં કહેવાવાળો કોણ છે ? ચોક્કસ જ તે આ બધાથી જુદો છે. તે તો એક માત્ર જ્ઞાયક (જાણવાવાળો) જ છે, તેમાં જ અહંભાવ (‘હું’પણું) કરવા જેવો છે. તે જ આપણી સાચી ઓળખાણ છે, તેનો જ અનુભવ કરવા જેવો છે કારણ કે તે જ પરમ સત્ય છે.



WWW.JAYESHSHETH.COM

667. અનાદિથી આપણે મોહવશ (મિથ્યાત્વવશ) રતિ-અરતિમાં (પસંદ-નાપસંદમાં) ફસાઈને નવા કર્મો બાંધી રહ્યા છીએ. પરના અનુભવમાં રતિ-અરતિ થાય છે જ્યારે સ્વ(આત્મા)ના અનુભવમાં આનંદ હોય છે. તેથી સર્વ જીવોએ પોતાના આત્માની અનુભૂતિ માટે જ સાધના કરવી જોઈએ નહીં કે બીજા કોઈ કારણોથી - જેવા કે દેવભવની પ્રાપ્તિ માટે, મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લેવા માટે વગેરે.

668. અનાદિથી આપણે સાંસારિક કાર્યોથી પોતાના અહંકારને પાળ્યો-પોષ્યો છે. આ સંસ્કારને વશ થઇને જ્યારે આપણે ધર્મ કરીયે છીએ ત્યારે તેનાથી પણ આપણા અહંકારનું જ પોષણ કરીયે છીએ, તેનું સાચું ફળ (આત્મપ્રાપ્તિ=સમ્યગ્દર્શન) પ્રાપ્ત કરવા માટે કરતા નથી. તેથી ધર્મ હંમેશા આત્મપ્રાપ્તિ માટે જ કરવો જોઈએ નહીં કે અહંકાર વધારવા.

669. જે જીવ પરને પોતાનું માનીને તેનો અહંકાર કરે છે, તે જીવ ધર્મમાં પણ પોતાનો અને પારકો એમ ટાળો-વંચો કરે છે. તે ધર્મ અને સંપ્રદાયનો ફરક સમજી શકતો નથી. સંપ્રદાય બદલવાથી આત્માનો જાણવા-જોવાનો સ્વભાવ બદલાઈ જતો નથી.

670. જે જીવ પરને પોતાનું માનીને તેનો અહંકાર કરે છે, તે ધર્મક્રિયા કરવા છતાં સત્ય ધર્મથી વંચિત જ રહી જાય છે. કારણ કે તે આત્માના જાણવા-જોવાના વાસ્તવિક સ્વભાવને બદલે ધર્મક્રિયાઓથી જ ધર્મ થાય છે-એવું માને છે. જ્યારે જીવ પોતાના જાણવા-જોવાના વાસ્તવિક સ્વભાવનો અનુભવ કરે છે ત્યારે જ સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) પ્રાપ્ત કરે છે, નહીં કે માત્ર ભાવવિહીન ધર્મક્રિયાઓથી.

671. જે જીવ પરને પોતાનું માનીને અહંકાર કરે છે, તે પરનો કર્તા થાય છે. જ્યારે ઉપાદાનથી તે માત્ર સ્વનો જ કર્તા છે નહીં કે પરનો, આ વાત નહી સમજી શકવાથી તે સત્ય ધર્મથી વંચિત જ રહે છે. જ્યારે આ વાત સમજાય છે ત્યારે જ તે પરના વિકલ્પોથી છૂટી સ્વનો નિર્વિકલ્પ અનુભવ કરી શકે છે તથા સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) પ્રાપ્ત કરી શકે છે.

672. જે જીવ પરને પોતાનું માનીને અન્યો પ્રત્યે અહંકારથી વર્તે છે, તે બીજાના સદગુણોનો પ્રમોદ નથી કરી શકતો પરંતુ તેમના દુર્ગુણો જરૂર શોધતો રહે છે. જેમણે સત્ય ધર્મમાં આગળ વધવું છે તેઓએ આનાથી ઉલટું અન્યોના સદ્‌ગુણોનો પ્રમોદ કરવાનો છે, નહીં કે ઇર્ષ્યા કે ગુસ્સો.

બીજાના દુર્ગુણો જોઇને પોતાની અંદર ચકાસવાનું છે કે આવા દુર્ગણો મારામાં તો નથીને ? જો હોય તો તેને દૂર કરવાની સાધના આરંભવાની છે.

673. જ્યારે કોઈ કહે છે કે "હકીકતમાં આત્મા પરને જાણતો નથી" ત્યારે તેઓ આત્માના સ્વ-પરને જાણવા-જોવાના સ્વભાવ(લક્ષણ)ને ગૌણ કરીને આત્માની જાણવા-જોવાની પદ્ધતિને (mechanism) મુખ્ય કરી દે છે. જેમણે આત્મપ્રાપ્તિ કરવી છે તેઓ આત્માના જાણવા-જોવાના સ્વભાવ(લક્ષણ)ને ગૌણ કરીને આત્માપ્રાપ્તિ કરી નહીં શકે. તેથી આત્મપ્રાપ્તિ માટે હંમેશા આત્માની જાણવા-જોવાની પદ્ધતિને (mechanism) ગૌણ કરીને આત્માના જાણવા-જોવાના સ્વભાવ(લક્ષણ)ને મુખ્ય કરવો જોઈએ.

674. આત્માની જાણવા-જોવાની પદ્ધતિ (mechanism) એવી છે કે આત્મા પરને નહીં પરંતુ પોતાના જ જ્ઞાનમાં પ્રતિબિંબિત થતા પરના પ્રતિબિંબ ને જાણે છે. પરંતુ જ્યારે લોકો એમ કહે છે કે "વાસ્તવમાં આત્મા પરને જાણતો નથી" ત્યારે તેઓ જાણતા કે અજાણતા આત્માના મૂળ સ્વભાવ અને લક્ષણને ગૌણ કરી દે છે કે જેથી તેઓ પોતાના જ અનંત પરિભ્રમણનું કારણ બની શકે છે.

675. પ્રશ્ન – જાણવા-જોવાનો આત્માનો સ્વભાવ (લક્ષણ) હોવા છતાં કેવલી ભગવાનનું પરનું જાણવું વ્યવહાર કેમ કહેવાય છે ?

ઉત્તર – આત્મા સ્વને અભેદથી જાણે છે અને પરને ભેદથી (=પર રૂપે) જાણે છે. તેથી પરનું જાણવું વ્યવહાર કહેવાય છે. અત્ર વ્યવહાર એટલે ઉપચાર નહીં ભેદ સમજવો જરૂરી છે, કારણ કે અભેદને નિશ્ચય અને ભેદને વ્યવહાર કહેવાય છે.

676. આત્મ પ્રાપ્તિ માટે આપણે આત્માના જાણવા-જોવાના સ્વભાવનો (લક્ષણનો) ઉપયોગ કરી શકીયે છીએ. એ વાત તો બધાને ખબર જ છે કે આપણે બધા જાણીએ-જોઈએ છીએ, એ વાત છુપાયેલી નથી પરંતુ આત્મા છુપાયેલ છે. નિયમ એવો છે કે પ્રગટથી જ અપ્રગટ સુધી જવાય છે, વ્યક્તથી જ અવ્યકૃત સુધી જવાય છે. સ્થૂળથી જ સૂક્ષ્મ સુધી જવાય છે. આ રીતે પરને જાણવા-જોવાનો આત્માનો સ્વભાવ (પ્રગટ) સ્વમાં (આત્મામાં=અપ્રગટમાં) જવાની સીડી છે.

677. પરને જાણવા-જોવાના આત્માના સ્વભાવને (લક્ષણને) સ્વમાં (આત્મામાં) જવાની સીડી રૂપે ઉપયોગ કરી શકાય છે. જેમ કે-કોઈ મહેલના ઝરૂખામાંથી નિહાળતો પુરૂષ, પોતે જ જ્ઞેયોને (પરને) જુએ છે, નહીં કે ઝરૂખો; તે જ રીતે આત્મા જ્યારે ઝરૂખારૂપી આંખોથી જ્ઞેયોને (પરને) નિહાળે છે ત્યારે તે જાણવા-જોવાવાળો (જ્ઞાયક) હું પોતે જ છું, નહીં કે આંખો. આ પ્રમાણે આપણે આપણા આત્મામાં અહંભાવ ('હું'પણું) કરીને, જો આત્માની અન્ય યોગ્યતાઓ હાજર હોય તો, આત્માનુભૂતિ કરી શકીયે છીએ.

678. ધનવાન લોકોમાં એક હરિફાઇ લાગી છે, કે કોણ પોતાની પાછળ કેટલો મોટો ધનનો ભંડાર છોડીને જાય છે. કારણ કે જીવનભર આરામથી જીવવા માટે જ નહીં, પણ આજીવન ભોગવિલાસમાં જીવવા માટે પણ પૂરતા પ્રમાણમાં પોતાના પાસે ધન હોવા છતાં જ્યારે કોઈ વ્યક્તિ વધુમાં વધુ ધનસંગ્રહ કરવા પાછળ પૂરૂં જોર લગાડતી હોય, તો એ વાત નક્કી જ છે કે તે પોતાની પૂરી શક્તિથી કમાયેલ ધન-દૌલતનો ભંડાર પોતાની પાછળ જ છોડીને જશે પરંતુ તે ભંડારને એકઠો કરવામાં તેમણે જે પાપો કર્યા છે, તે તો તેઓ હવે પછીના ભવોમાં પોતાની સાથે જ લઈને જશે.

679. જ્યારે કોઈને સત્ય ધર્મ સમજણમાં આવવા લાગે છે ત્યારે નિયમથી તેમના જીવનમાં સરળતા, સાદાઈ, સહજતા, સંતોષ, કરૂણા, મૈત્રી વગેરે ગુણો ખીલવા લાગે છે.

680. જ્યારે કોઈને સત્ય ધર્મ સમજણમાં આવવા લાગે છે ત્યારે નિયમથી તેમના જીવનમાં ધન પાછળની દોડ ધીમી પડવા લાગે છે. કારણ કે તેઓ સમજવા લાગે છે કે ધન પુણ્યથી મળે છે નહીં કે તેની પાછળ દોડવાથી અથવા આખો દિવસ તેના જ વિચારો કરવાથી, કે માત્ર તેના માટે જ પુરુષાર્થ  કરવાથી. ઉલટું, જેમને સત્ય ધર્મ સમજણમાં આવવા લાગે છે; તેઓ પોતાનો (કિંમતી) સમય સત્ય ધર્મમાં પ્રગતિ થાય તેવા આચાર-વિચારમાં જ લગાવે છે.

681. જ્યારે કોઈને સત્ય ધર્મ સમજણમાં આવવા લાગે છે ત્યારે નિયમથી તેમના જીવનમાં ઇન્દ્રિય-વિષયો પાછળની દોડ ધીમી પડવા લાગે છે. કારણ કે તેમને સમજણમાં આવવા લાગે છે કે ઇન્દ્રિય-વિષયોના આકર્ષણપૂર્વકના ભોગો આગમાં લાકડા નાખવા જેવું કામ કરે છે કે જેથી આગ બુઝાવાની બદલે વધુ જોરથી ભભૂકે. બીજું, જીવ જ્યારે ઇન્દ્રિય-વિષયોના આકર્ષણપૂર્વક ભોગ

ભોગવે છે ત્યારે તેના સંસ્કારો દૃઢ થાય છે અને તે ભોગોને ફરી-ફરી ભોગવવાના ભાવો પણ થયા કરે છે.

682. જ્યારે કોઈને સત્ય ધર્મ સમજણમાં આવવા લાગે છે ત્યારે નિયમથી તેમના જીવનમાં ક્રોધ, માન, માયા, લોભ વગેરે ઓછા થવા લાગે છે. કારણ કે તેઓને સમજણમાં આવવા લાગે છે કે આ કષાયોનો પક્ષ રાખવાથી (કરવા જેવા લાગવાથી) અનંત કાળ સુધી સંસારમાં દુ:ખો ભોગવતા-ભોગવતા ભટકવું પડશે.

683. જ્યારે કોઈને સત્ય ધર્મ સમજણમાં આવવા લાગે છે ત્યારે નિયમથી તેમના મનમાં અહંકાર (ઘમંડ) અને મદ ઓછો થવા લાગે છે. કારણ કે તેઓને સમજણમાં આવવા લાગે છે કે આ અહંકાર અને મદ રાખવાથી અનંત કાળ સુધી સંસારમાં દુ:ખો ભોગવતા-ભોગવતા ભટકવું પડશે.

684. જ્યારે કોઈને સત્ય ધર્મ સમજણમાં આવવા લાગે છે ત્યારે નિયમથી તેમના જીવનમાં બાહ્ય દેખાડો (દંભ) ઘટવા લાગે છે. કારણ કે તેઓને સમજણમાં આવવા લાગે છે કે બાહ્ય દેખાડો (દંભ) કરવાથી માયાચારીનો દોષ લાગે છે કે જેના કારણે તેમને અનંત કાળ સુધી સંસારમાં દુ:ખો ભોગવતા-ભોગવતા ભટકવું પડશે.

685. જ્યારે કોઈને સત્ય ધર્મ સમજણમાં આવવા લાગે છે ત્યારે નિયમથી તેમના જીવનમાં ઈર્ષ્યા અને ઝઘડા-વિખવાદ ઘટવા લાગે છે. કારણ કે તેઓને સમજણમાં આવવા લાગે છે કે ઈર્ષ્યા અને ઝઘડા-વિખવાદ કરવાથી તેમને અનંત કાળ સુધી સંસારમાં દુ:ખો ભોગવતા-ભોગવતા ભટકવું પડશે.

686. જ્યારે કોઈને સત્ય ધર્મ સમજણમાં આવવા લાગે છે ત્યારે નિયમથી તેમના જીવનમાં ખાવાની ગૃદ્ધિ (તીવ્ર આકર્ષણ) ઘટવા લાગે છે. કારણ કે તેઓને સમજણમાં આવવા લાગે છે કે ખાવાની ગૃદ્ધિથી (તીવ્ર આકર્ષણથી) તેમને અનંત કાળ સુધી સંસારમાં દુ:ખો ભોગવતા-ભોગવતા ભટકવું પડશે.

687. જ્યારે કોઈને સત્ય ધર્મ સમજણમાં આવવા લાગે છે ત્યારે નિયમથી તેમના જીવનમાં પર-નિંદાનો રસ ઘટવા લાગે છે. કારણ કે તેઓને સમજણમાં આવવા લાગે છે કે પર-નિંદાના રસના કારણે તેમને અનંત કાળ સુધી સંસારમાં દુ:ખો ભોગવતા-ભોગવતા ભટકવું પડશે.

688. જ્યારે કોઈને સત્ય ધર્મ સમજણમાં આવવા લાગે છે ત્યારે નિયમથી તેમના જીવનમાં બીજાની પંચાત (gossip) કરવાનો રસ ઘટવા લાગે છે. કારણ કે તેઓને સમજણમાં આવવા લાગે છે કે બીજાની પંચાત (gossip) કરવાના રસના કારણે તેમને અનંત કાળ સુધી સંસારમાં દુ:ખો ભોગવતા-ભોગવતા ભટકવું પડશે.

689. જ્યારે કોઈને સત્ય ધર્મ સમજણમાં આવવા લાગે છે ત્યારે નિયમથી તેમના જીવનમાં નકારાત્મક વિચારો ઘટવા લાગે છે. કારણ કે તેઓને સમજણમાં આવવા લાગે છે કે નકારાત્મક વિચારોને કારણે તેમને અનંત કાળ સુધી સંસારમાં દુ:ખો ભોગવતા-ભોગવતા ભટકવું પડશે.

690. જ્યારે કોઈને સત્ય ધર્મ સમજણમાં આવવા લાગે છે ત્યારે નિયમથી તેમના જીવનમાં કામ-ચોરી કરવાની વૃત્તિ ઘટવા લાગે છે. કારણ કે તેઓને સમજણમાં આવવા લાગે છે કે કામ-ચોરી કરવાની વૃત્તિના કારણે તેમને અનંત કાળ સુધી સંસારમાં દુ:ખો ભોગવતા-ભોગવતા ભટકવું પડશે.

691. જ્યારે કોઈને સત્ય ધર્મ સમજણમાં આવવા લાગે છે ત્યારે નિયમથી તેમના જીવનમાં બીજાને છેતરવાના ભાવ ઘટવા લાગે છે. કારણ કે તેઓને સમજણમાં આવવા લાગે છે કે બીજાને છેતરવાના ભાવોના કારણે તેમને અનંત કાળ સુધી સંસારમાં દુ:ખ ભોગવતા-ભોગવતા ભટકવું પડશે.

692. જ્યારે કોઈને સત્ય ધર્મ સમજણમાં આવવા લાગે છે ત્યારે નિયમથી તેમના જીવનમાં બિન-જરૂરી હિંસા કરવાનો ભાવ ઘટવા લાગે છે. કારણ કે તેઓને સમજણમાં આવવા લાગે છે કે બિન-જરૂરી હિંસા કરવાનો ભાવ તેમને અનંત કાળ સુધી સંસારમાં દુ:ખો ભોગવતા-ભોગવતા ભટકવું પડશે.

693. જ્યારે કોઈને સત્ય ધર્મ સમજણમાં આવવા લાગે છે ત્યારે નિયમથી તેમના જીવનમાં કરચોરી (tax evasion) કરવાનો ભાવ ઘટવા લાગે છે. કારણ કે તેઓને સમજણમાં આવવા લાગે છે કે કરચોરી (tax evasion) કરવાથી તેમને અનંત કાળ સુધી સંસારમાં દુ:ખો ભોગવતા-ભોગવતા ભટકવું પડશે.

694. જ્યારે કોઈને સત્ય ધર્મ સમજણમાં આવવા લાગે છે ત્યારે નિયમથી તેમના જીવનમાં ખોટી સાક્ષી આપવાના ભાવ ઘટવા લાગે છે. કારણ કે તેઓને સમજણમાં આવવા લાગે છે કે ખોટી સાક્ષી આપવાથી તેમને અનંત કાળ સુધી સંસારમાં દુ:ખો ભોગવતા-ભોગવતા ભટકવું પડશે.

695. જ્યારે કોઈને સત્ય ધર્મ સમજણમાં આવવા લાગે છે ત્યારે નિયમથી તેમના જીવનમાં સિગારેટ, તમાકુ, જુગાર, દારૂ, નશો, અભક્ષ્ય-ભક્ષણ વગેરે ખરાબ આદતો છૂટી જાય છે. કારણ કે તેઓને સમજણમાં આવવા લાગે છે કે આવી ખરાબ આદતોથી તેમને અનંત કાળ સુધી સંસારમાં દુ:ખો ભોગવતા-ભોગવતા ભટકવું પડશે.

696. જ્યારે કોઈને સત્ય ધર્મ સમજણમાં આવવા લાગે છે ત્યારે નિયમથી તેમના જીવનમાં કોઈનો વિશ્વાસઘાત કરવાનો ભાવ ઘટવા લાગે છે. કારણ કે તેઓને સમજણમાં આવવા લાગે છે કે વિશ્વાસઘાત કરવાથી તેમને અનંત કાળ સુધી સંસારમાં દુ:ખો ભોગવતા-ભોગવતા ભટકવું પડશે.

697. જ્યારે કોઈને સત્ય ધર્મ સમજણમાં આવવા લાગે છે ત્યારે નિયમથી તેમના જીવનમાં વ્યભિચારનો ભાવ ઘટવા લાગે છે. કારણ કે તેઓને સમજણમાં આવવા લાગે છે કે વ્યભિચાર કરવાથી તેમને અનંત કાળ સુધી સંસારમાં દુ:ખો ભોગવતા-ભોગવતા ભટકવું પડશે.

698. જ્યારે કોઈને સત્ય ધર્મ સમજણમાં આવવા લાગે છે ત્યારે નિયમથી તેમના જીવનમાં ભગવાન પાસેથી કાંઇક માંગવાનો (practising the law of attractionનો) ભાવ ઘટવા લાગે છે. કારણ કે તેઓને સમજણમાં આવવા લાગે છે કે ભગવાન પાસેથી કાંઇક માંગવું એ તો નિદાન શલ્ય છે, તેનાથી તેમને અનંત કાળ સુધી સંસારમાં દુ:ખો ભોગવતા-ભોગવતા ભટકવું પડશે.

699. જ્યારે કોઈને સત્ય ધર્મ સમજણમાં આવવા લાગે છે ત્યારે નિયમથી તેમના જીવનમાં ચાડી-ચુગલી કરવાનો ભાવ ઘટવા લાગે છે. કારણ કે તેઓને સમજણમાં આવવા લાગે છે કે ચાડી-ચુગલી કરવાથી તેમને અનંત કાળ સુધી સંસારમાં દુ:ખો ભોગવતા-ભોગવતા ભટકવું પડશે.

700. જ્યારે કોઈને સત્ય ધર્મ સમજણમાં આવવા લાગે છે ત્યારે નિયમથી તેમના જીવનમાં ક્રૂરતા અને કટ્ટરતા ઘટવા લાગે છે. તેઓને સમજણમાં આવવા લાગે છે કે ક્રૂરતા અને કટ્ટરતા રાખવાથી તેમને અનંત કાળ સુધી સંસારમાં દુ:ખો ભોગવતા-ભોગવતા ભટકવું પડશે.

701. અનેક લોકો એવું કહે છે અને માને છે કે "ભગવાન અને જ્ઞાની બધાને દ્રવ્યદૃષ્ટિથી જ દેખે છે". પરંતુ તેમણે એ સમજવું જરૂરી છે કે ભગવાન અને જ્ઞાની બધાને યથાર્થદૃષ્ટિથી યથાતથ્ય (જેમ છે તેમ) દેખે છે નહીં કે કેવળ એક જ દૃષ્ટિથી. અર્થાત્ ભગવાન અને જ્ઞાનીનું જ્ઞાન પ્રમાણ હોય છે. તેઓ જીવોને પ્રમાણદૃષ્ટિથી દેખે છે નહીં કે એક માત્ર દ્રવ્યદૃષ્ટિથી.

702. જ્ઞાની અહં ('હું'પણું) શુદ્ધાત્મામાં કરે છે પરંતુ તેમનું જ્ઞાન માધ્યસ્થ હોય છે. તેઓ સ્વ અને પરને પ્રમાણદૃષ્ટિથી જોતા હોવાથી બન્ને પાસાઓને જાણે છે અને માને છે નહીં કે એક માત્ર દ્રવ્યદૃષ્ટિથી જોઇને મૂઢ બનીને રહે છે. તેઓ પોતાને (સ્વને) દ્રવ્યદૃષ્ટિથી ભગવાન જેવા માનતા અને અનુભવતા હોવા છતાં પોતાની વર્તમાન પર્યાયની સામે આંખ આડા કાન ન કરીને પોતાની શક્તિ અનુસાર તેને સુધારવાની સાધના પણ કરે છે અને બીજાઓને પણ તે જ ઉપદેશ આપે છે.

703. અનેક લોકો એવું કહે છે અને માને છે કે "ભગવાન અને જ્ઞાની બધાને દ્રવ્યદૃષ્ટીથી જ દેખે છે". તેઓ એ તથ્ય નથી જાણતા કે ભગવાન અને જ્ઞાની સર્વને પ્રમાણદૃષ્ટિથી દેખે છે. આ રીતે આવા લોકો સ્વ-પરને ભ્રમવશ દ્રવ્યદૃષ્ટિથી જ દેખે-માને છે. તેથી સ્વ(આત્મા)ને માટે પુરુષાર્થની જરૂરિયાત ન સમજતા પોતાનો પૂરો પુરુષાર્થ સંસારમાં જ લગાવે છે.

704. અજ્ઞાની લોકો ધનને અધિક માત્રામાં ભેગું કરીને નિશ્ચિંત બનવા માગે છે. તેઓ પોતાને એકમાત્ર પર્યાયદૃષ્ટિથી જ દેખે છે. તેઓને એ ખબર નથી કે દરેક પર્યાયમાં પૂર્ણ દ્રવ્ય છુપાયેલું છે, માત્ર દૃષ્ટિ બદલવાની જ જરૂર છે. જે જીવ એકવાર પર્યાયમાં છુપાયેલ શુદ્ધાત્માનો અનુભવ કરી લે છે તે જીવ અંદરથી નિશ્ચિંત થઇ જાય છે અને બાહ્યમાં પર્યાયની પૂર્ણતા પામવાનો પુરુષાર્થ કરતો

રહે છે. સાથે-સાથે તે જીવ જરૂરી ધનાર્જન પણ કરે છે પરંતુ ધનની સાથે પોતાનું અસ્તિત્વ જોડ્યા વગર.

705. અજ્ઞાની જીવ અનાદિથી પોતાની પર્યાયમાં જ પૂર્ણતા પામવા ચાહે છે. પરંતુ તે પર્યાયમાં જ પૂર્ણ દ્રવ્ય છુપાયેલું છે એ તથ્યથી અજાણ હોવાથી પોતાને બાહ્ય પદાર્થોથી જ પરિપૂર્ણ બનાવવાના પુરુષાર્થમાં લાગેલો રહે છે. તેથી જ તે અનાદિથી દુ:ખો ભોગવતો આવ્યો છે. આ જ આપણી અનાદિની કથા (વાસ્તવિકતા) છે.

706. અનેક લોકો પર્યાયમાં નિર્વિચાર થઈને પૂર્ણતા (નિર્વિકલ્પ અવસ્થા) પામવા ચાહે છે પરંતુ તેમને એ ખબર નથી કે પર્યાયમાં નિર્વિચારતા લાવીને પણ તેઓ પર્યાયનો જ અનુભવ કરે છે નહીં કે દ્રવ્યનો કે જે સ્વભાવથી જ નિર્વિકલ્પ છે. તેથી પર્યાયમાં નિર્વિચારતા પામવાનો પ્રયાસ ન કરતા દ્રવ્યને પામવાનો પ્રયાસ કરવો જોઈએ કે જે હંમેશા નિર્વિકલ્પ જ હોય છે.

707. વિકલ્પ અને વિચારોને ગૌણ કરીને જે જાણવાવાળો (આત્મા) છે, તેમાં અહંભાવ ('હું'પણું) કરવાથી જો સાધકમાં અન્ય યોગ્યતાઓ વિદ્યમાન હોય તો એ સાધક નિયમથી તે જાણવાવાળા (આત્મા) ને જાણી લે છે કે જે નિર્વિકલ્પ જ હોય છે. આ છે નિર્વિકલ્પ અવસ્થા પામવાની વિધિ, નહીં કે સહજ હોવાવાળા વિચારોને રોકીને નિર્વિકલ્પ અવસ્થા મળશે.

708. અનેક લોકો માને છે કે પરને જાણવાથી આપણને રાગ-દ્વેષ થાય છે. તેઓ જાણતા-અજાણતા પોતાના ઉલટા સંસ્કારથી અને કર્મોદયથી થવાવાળા રાગ-દ્વેષનો ભાર (આરોપ) પોતાના આત્માના જાણવા-જોવાના સ્વભાવ ઉપર થોપે છે.

709. પરને જાણતા તેમાં અહં (હું) અને મમ (મારૂં) કરવામાં આવે છે તે અજ્ઞાનનું ફળ છે. અનેક લોકો એવું માને છે કે પરને જાણવાથી બંધ થાય છે પરંતુ સમજવાનું એ છે કે પરને જાણવાથી નહીં, પરંતુ પરમાં અહં (હું) અને મમ (મારૂં) કરવાથી બંધ થાય છે.

710. અનાદિના આપણા ઉલટા સંસ્કારવશ પરને જાણતા આપણને તેના પ્રત્યે સારા-ખરાબના ભાવ થાય છે, તેના પ્રત્યે પસંદગી-નાપસંદગીના ભાવ થાય છે, તેના પ્રત્યે ગમા-અણગમાના ભાવ



WWW.JAYESHSHETH.COM

થાય છે; આવા અનેક ભાવોથી આપણે બંધાઇયે છીએ, નહીં કે પરને જાણવા માત્રથી કે જે આપણો (આત્માનો) સ્વભાવ છે.

711. પરને જાણવા સમયે જ્યારે જીવ પરમાં એકત્વ કરે છે ત્યારે સંસ્કારવશ તે જીવને ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ વગેરે થાય છે. એકાંતથી એમ માની લેવું કે પરને જાણવાનું છોડીને જીવ આ બધાથી બચી જશે, તો તેવી સમજ અધૂરી છે. આપણે એ સમજવાનું છે કે પરને જાણવાનું નથી છોડવાનું પરંતુ પરમાં એકત્વ કરવાનું છોડવું જોઈએ.

712. કોઈ એમ કહે છે કે પર્યાયદૃષ્ટિવાળાને સાચું મિચ્છામિ દુક્કડં (ઉત્તમ ક્ષમા) નથી થતું. તેઓને એ સમજવું જરૂરી છે કે દ્રવ્યદૃષ્ટિથી તો સર્વ જીવ સમાન જ હોય છે. તેથી ત્યાં કોઈ અપરાધ જ થતો નથી કારણ કે અપરાધ તો પર્યાયમાં થાય છે નહીં કે દ્રવ્યમાં. હકીકતમાં સાચું મિચ્છામિ દુક્કડં યથાર્થદૃષ્ટિ એટલે કે પ્રમાણદૃષ્ટિવાળાને જ થાય છે કારણ કે તેમને નિરપરાધી ત્રિકાળી-દ્રવ્ય અને અપરાધી પર્યાય, તે બન્ને પાસાઓનું યથાર્થ જ્ઞાન હોય છે.

713. અનેક લોકો એવું માનતા હોય કે જો આપણે એમ માની લઈએ કે "હું શુદ્ધાત્મા છું" પછી આપણે કાંઈપણ કરીયે તો તેનાથી કર્મબંધ થતો જ નથી. આપણે એ સમજી લેવું જરૂરી છે કે "હું શુદ્ધાત્મા છું" એમ માની લેવાથી નહીં પરંતુ અનુભૂતિ કર્યા બાદ કર્મબંધ ઓછો થાય છે. સ્વાત્માનુભૂતિ થયા પછી અનંતાનુબંધી ચોકડી અને કર્મોનો રાજા એવા મિથ્યાત્વ-મોહનીયકર્મનો બંધ થતો નથી, એ અપેક્ષાથી કર્મબંધ ઓછો થાય છે અથવા (અપેક્ષાથી) નથી થતો એમ પણ કહેવાય છે.

714. અનેક લોકો ઇચ્છાનુસાર ખાય-પીવે છે, ભોગ ભોગવે છે અને રાગ-દ્વેષ પણ કરે છે અને સમજે છે કે "હું શુદ્ધાત્મા છું" એમ જાણી લીધું અને માની લીધું તો હવે અમને કર્મબંધ જ નથી. તેઓએ એ સમજવું જરૂરી છે કે માત્ર જાણી લીધું કે માની લીધું એ પૂરતું નથી પરંતુ સ્વાત્માનુભૂતિ જરૂરી છે. જો તેઓ સ્વાત્માનુભૂતિ વગર આવું કરે છે તો તેઓ નિયમથી પોતાને છેતરે છે અને પોતાનું ભવિષ્ય દુ:ખમય અને અંધકારમય બનાવે છે.

715. જ્યાં સુધી સ્વાત્માનુભૂતિપૂર્વક પરથી ભેદજ્ઞાન નથી થતું ત્યાં સુધી જીવ પરમાં અહં (હું) કરીને અને પરમાં મમ (મારૂં) કરીને ભ્રમવશ પરથી અભેદ થઇને ઇન્દ્રિયોના ભોગો રાચી-માચીને ભોગવે

છે. તેવા જીવો પોતાનું ભવિષ્ય દુ:ખમય અને અંધકારમય બનાવે છે. આ જ આપણી અનાદિની કથા (વાસ્તવિકતા) છે.

716. જો કોઈ વસ્તુનું વર્ણન કરતી વખતે તેના તમામ પાસાઓનું વર્ણન એકસાથે કરવું શક્ય ન હોય અથવા કોઈ એક પાસાને મુખ્ય અને અન્યોને ગૌણ કરવા હોય ત્યારે સ્યાદ્‌વાદની મદદ લેવાય છે. સ્યાદ્‌વાદ સમ્યક્ કથન પદ્ધતિ છે, સ્યાદ્‌વાદ એટલે અર્ધ સત્ય અથવા સંશયવાદ નહીં પરંતુ સ્યાદ્‌વાદને સત્યના એક પાસા-વિશેષનું વર્ણન સમજવું જોઈએ.

717. જ્યારે કોઈ વસ્તુના ત્રિકાળી સ્વરૂપ અને બદલતા સ્વરૂપનું વર્ણન કરવાનું હોય તો સ્યાદ્ વાદની મદદ લેવાય છે. આત્માનો ત્રિકાળી સ્વભાવ શુદ્ધ હોવા છતાં તે વર્તમાનમાં રાગ-દ્વેષયુક્ત પણ હોય શકે છે. તેથી આત્માના કોઈ પણ પાસાનું વર્ણન કરતી વખતે તેને અર્ધસત્ય ન માની શકાય, તે સત્યનું જ એક પાસુ છે. વસ્તુના અનેકાંત સ્વરૂપના વર્ણનને જ સ્યાદ્‌વાદ કહેવાય છે. અર્થાત્ સ્યાદ્‌વાદ એટલે અર્ધ સત્ય અથવા સંશયવાદ નહીં પરંતુ સ્યાદ્‌વાદને સત્યના એક પાસા-વિશેષનું વર્ણન સમજવું જોઈએ.

718. વસ્તુ અનેકાંત સ્વરૂપ હોવાથી આપણે તેનું વર્ણન એકસાથે કરી શકતા નથી, ત્યારે સ્યાદ્ વાદની મદદ લેવાય છે. જ્યારે આપણે પૂર્ણ સત્યનું વર્ણન કરીયે છીએ ત્યારે આપણે તેના એક એક પાસાનો પરિચય કરાવતા આગળ વધીયે છીએ, ત્યારે આ સ્યાદ્‌વાદની મદદ લેવાય છે. વસ્તુના અનેકાંત સ્વરૂપના વર્ણનને જ સ્યાદ્‌વાદ કહેવાય છે. અર્થાત્ સ્યાદ્‌વાદ એટલે અર્ધ સત્ય અથવા સંશયવાદ નહીં પરંતુ સ્યાદ્‌વાદને સત્યના એક પાસા-વિશેષનું વર્ણન સમજવું જોઈએ.

719. અનેકાંત નો અર્થ તમામ મતો સાચા છે -એમ નથી. અનેકાંતને એ રૂપે સમજવાનું છે કે કોઈ પણ વસ્તુનું અલગ-અલગ અપેક્ષાથી વર્ણન કરતી વખતે તેના અલગ-અલગ પરિમાણો (dimensions) હોય છે, અનેક ધર્મો હોય છે; તેને અનેકાંતનો સિદ્ધાંત કહેવાય છે. જેમ કે સોનું ભારે પણ છે, પીળું પણ છે, ચીકણું પણ છે; આ બધા તેના અનેક ધર્મો અથવા પરિમાણો હોય શકે છે. જેમ કે કોઈ પુરૂષ કોઈનો પુત્ર પણ છે, કોઈનો ભાઈ પણ છે, કોઈનો પતિ પણ છે, કોઈનો પિતા પણ છે, કોઈનો મિત્ર પણ છે, કોઈનો ગુરૂ પણ છે, કોઈનો શિષ્ય પણ છે; આ બધા ધર્મો એક જ પુરૂષમાં હોય શકે છે. અન્ય ધર્મોને (dimensions) નકાર્યા વગર જ્યારે આપણે એક ધર્મનું કથન કરીયે છીએ

ત્યારે તેને અનેકાંતવાદ કહેવાય છે. જ્યારે આપણે અન્ય ધર્મોના (dimensions) નકારપૂર્વક એક જ ધર્મનું કથન કરીયે તો તે એકાંતવાદ કહેવાય છે.

720. સર્વ જીવોમાં એકત્વ સ્થાપિત કરવું હોય અથવા અનેકત્વ સ્થાપિત કરવું હોય ત્યારે સ્યાદ્ વાદની મદદ લેવાય છે. જેમ કે સ્વભાવની અપેક્ષાથી સર્વ જીવ એક સમાન હોવાથી તેમને એક જીવરાશિ  કહેવામાં આવે છે, એ તેનું એકત્વ થયું. અને પોતપોતાના અસ્તિત્વની અપેક્ષાથી જુદા હોવાથી તે અનેકત્વ થયું. આ રીતે અપેક્ષાકૃત વર્ણનને અર્ધ સત્ય અથવા સંશયવાદ નહીં પરંતુ સ્યાદ્ વાદ એટલે કે સત્યનું એક અપેક્ષાથી વર્ણન કહેવાય છે.

721. આત્મસાધના માટે ભગવાનના સગુણ (visible) સ્વરૂપનું અવલંબન લેવું જોઈએ કે નિર્ગુણ (invisible) એટલે કે નિરંજન સ્વરૂપનું ? સામાન્ય રીતે કહીએ તો ભગવાનના ચાર સ્વરૂપ (નિક્ષેપ) નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ છે અને તેના પણ અનેક પ્રભેદ છે. તેમાં પહેલા ત્રણ સગુણ છે અને ચોથું નિર્ગુણ છે. સાધક જીવ પોતાની રુચિ અને આધાત્મિક કક્ષા (ઉન્નતિ) અનુસાર આ ચારેય નિક્ષેપોમાંથી કોઈ પણ નિક્ષેપનો આધાર લઇ શકે છે.

722. જેમ પ્રાય: બાળકને રમકડાં (symbolic representations) દ્વારા કોઈ વસ્તુનો પરિચય કરાવાય છે, તેવી જ રીતે સાધકને પહેલા નામ અથવા સ્થાપના અથવા દ્રવ્ય નિક્ષેપથી ભગવાનનો પરિચય કરાવાય છે. જ્યારે તે જ સાધકને સાધનામાં પ્રગતિ-ઉન્નતિ કરાવવી હોય ત્યારે તેને ભગવાનના ભાવ સ્વરૂપનો પણ પરિચય કરાવાય છે. ભગવાનના ભાવસ્વરૂપનું સાધનામાં અત્યંત મહત્વ છે કારણ કે તે જ તો સાધકને પામવાનું છે.

723. સાધકે ભગવાનનું અવલંબન લઇને ‘સ્વ’ની જ અનુભૂતિ કરવાની છે. લોકો વિચારશે કે પરના અવલંબનથી ‘સ્વ’ની અનુભૂતિ કેવી રીતે થઈ શકે ? ઉત્તર: જેમ આપણે દર્પણમાં જોઈને પોતાને જ સજાવીયે છીએ નહીં કે દર્પણને, તેવી જ રીતે જેવી ભગવાનની અનુભૂતિ છે તેવી જ આંશિક અનુભૂતિ આપણે તેમના અવલંબનથી મેળવી શકીયે તેમ છીએ. તેને જ આત્મજ્ઞાન-સમ્યગ્દર્શન કહેવાય છે.

724. જ્યારે સાધક ભગવાનના સાક્ષાત્કાર (આત્મજ્ઞાન-સમ્યગ્દર્શન) માટે પોતાની યોગ્યતા બનાવી લે છે ત્યારે તેણે ભગવાનના ભાવ નિક્ષેપાનું અવલંબન લઇને પોતાના ભગવત-સ્વરૂપનો

(શુદ્ધાત્માનો) અનુભવ કરવો જોઈએ. જો તેને પોતાના શુદ્ધાત્માનો અનુભવ નથી થતો તો નક્કી-નિયમથી એમ સમજવું જોઈએ કે કાં તો મારી યોગ્યતામાં ઓછપ છે અથવા તો મને ભગવાનના ભાવ નિક્ષેપની સાચી ઓળખ જ નથી.

725. આત્મજ્ઞાન-સમ્યગ્દર્શન માટેની પોતાની યોગ્યતા બનાવવા માટે સૌ પ્રથમ તેની ઇચ્છા જાગૃત થવી જરૂરી છે, તેને જ ઇચ્છાયોગ કહેવાય છે. આ ઇચ્છાયોગ ત્યારે જ પ્રાપ્ત થાય છે જ્યારે સાધકને આ જગતના બાહ્ય સુખની સાચી ઓળખાણ થઈ જાય. કારણ કે જગત જેને સુખ માને છે તે હકીકતમાં સુખાભાસ જ છે, સાચું સુખ તો આત્મામાં જ છે નહીં કે બહાર.

726. ઇચ્છાયોગ ત્યારે જ પ્રાપ્ત થાય છે જ્યારે સાધકને એ પાકી ખાત્રી (શ્રદ્ધા) થઈ જાય કે જગત જે સુખની પાછળ ભાગે છે તે તો સુખાભાસ જ છે. કારણ કે ત્યારે જ તે સાધકને સાચા સુખની તરસ-લગની લાગશે અને ત્યારે જ તે સાધક સાચા સુખને શોધવા માટે અંદર જોવાની ઇચ્છા કરશે.

727. ઇચ્છાયોગ વગર કરેલી કોઈ પણ સાધના પોતાનું સાચું ફળ દેવા સક્ષમ હોતી નથી. તેથી તમામ સાધકોએ સૌ પ્રથમ આ ઇચ્છાયોગ પ્રાપ્ત કરવા માટેનો જ પુરુષાર્થ કરવો જોઈએ.

728. આપણામાં ઘટિત થતા કોઈ પણ કાર્યમાં સ્વને ઉપાદાન અને પરને નિમિત્ત કહેવાય છે. નિમિત્ત-ઉપાદાનની એવી વ્યવસ્થા છે કે જ્યારે કોઈ પણ કાર્ય થાય છે તો તે કાર્ય નિયમથી ઉપાદાનમાં જ ઘટિત થાય છે અને તે કાર્યનો નિશ્ચય કર્તા પણ ઉપાદાન જ હોય છે. અને નિયમથી તે સમયે નિમિત્તની હાજરી અવશ્ય હોય છે. તેથી વ્યવહારથી નિમિત્તને પણ તે કાર્યનો કર્તા કહેવાય છે.

729. નિમિત્ત-ઉપાદાનની સાચી વ્યવસ્થા સમજવાવાળા ક્યારેય તેનો દુરૂપયોગ કરીને સ્વચ્છંદી નથી બનતા. તેમને ખબર છે કે જ્યારે આત્મામાં વિકાર ઉત્પન્ન થાય છે ત્યારે નિયમથી તે કોઈ ને કોઈ નિમિત્ત કારણથી જ થાય છે, આપોઆપ નથી થતો. તેથી એકાંતથી નિમિત્તને અકર્તા માનવાવાળા પોતાની સાથે નિયમથી છેતરપિંડી કરી રહ્યા છે કે જેથી તેઓ પોતાનો અનંત કાળ (ભવિષ્ય) દુ:ખમય બનાવી લે છે. સાધકે સદૈવ એવા નિમિત્તોથી દૂર જ રહેવું જોઈએ કે જેનાથી તેમને પતનનું જોખમ હોય.

730. સાધકે નિમિત્ત-ઉપાદાનની વ્યવસ્થા કે- નિશ્ચયથી નિમિત્ત અકર્તા છે અથવા તેનું વ્યવહારિક પાસું કે- નિમિત્ત કર્તા છે, આ બન્નેમાંથી કોઈનો પણ એકાંતે પક્ષ ન લેતા વિવેકપૂર્વક આત્મહિતમાં જ્યારે જે અભિગમ (પાસું) હિતકારી હોય ત્યારે તેનો પ્રયોગ કરીને પોતાનું આત્મહિત સાધી લેવું જોઈએ.

731. પંચપરમેષ્ઠી અને જ્ઞાન-દર્શન-ચારિત્ર નું આલંબન ભગવાનનું જ આલંબન કહેવાય છે. કારણ કે પંચપરમેષ્ઠીમાં પહેલા બે -અરિહંત અને સિદ્ધ તો સાક્ષાત્ ભગવાન જ છે અને આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવંત સ્વરૂપનો આંશિક અનુભવ કરતા થકા ભવિષ્યના ભગવાન છે. જ્ઞાન- દર્શન-ચારિત્ર, આ ગુણોથી જ ભગવાન બનવાનો મોક્ષમાર્ગ અસ્તિત્વ ધરાવે છે.

732. અરિહંત ભગવાનના આલંબનને કારણે જ આપણને મોક્ષમાર્ગનું સ્વરૂપ જાણવા મળ્યું છે. તેમના કારણે જ આપણને સિદ્ધોનું સ્વરૂપ, સિદ્ધ બનવાનો માર્ગ, લોક, અલોક, જીવ, પુદ્ગલ, આકાશાસ્તિકાય, સમય, ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય, નરક, નિગોદ, સ્વર્ગ, કર્મ, આહારક શરીર, ઔદારિક શરીર, વૈક્રિયક શરીર, તેજસ શરીર, કાર્મણ શરીર, પાંચ લબ્ધિ, આઠ કરણ, કેવલજ્ઞાનાદિ, કાળગણના, કાલચક્ર વગેરેનું જ્ઞાન મળ્યું છે.

733. અરિહંત ભગવાનના કારણે જ આપણને સશરીરી-બોલતા એવા સાક્ષાત્ ભગવાનના દર્શન તથા તેમના ઉપદેશનો લાભ મળે છે. તેમના જીવનથી આપણને પ્રેરણા મળે છે કે શું કરવા જેવું છે. તેઓએ પોતાની સાધનાને સાર્વજનિક કરીને આપણા માટે અનંત સુખનો માર્ગ પ્રશસ્ત કર્યો છે. તેમના આલંબનથી આપણે પણ તેમના જેવા બની શકીયે છીએ – એવો વિશ્વાસ આવે છે.

734. જે સિદ્ધ ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે છે, તે સાધક ભગવાન જેવા જ પોતાના દ્રવ્ય-ગુણોનું ચિંતન કરતા, જો આત્માની અન્ય યોગ્યતાઓ વિદ્યમાન હોય તો, પર્યાયથી તેમાં અભેદ થઇને સિદ્ધસદૃશ આંશિક અનુભૂતિ કરે છે; ત્યારે આપણા હૃદયમાં ભગવાન બિરાજમાન થયા, સિદ્ધોને હૃદયમાં બિરાજમાન કર્યા – એવું કહેવામાં આવે છે. તેને જ આત્માજ્ઞાન-સમ્યગ્દર્શન-સાક્ષાત્કાર કહેવાય છે, આવી જ છે સિદ્ધોના આલંબનની રીત અને તેનું ફળ.

735. આચાર્ય, ઉપાધ્યાય, સાધુના ઉપદેશથી સાધકને આત્મપ્રાપ્તિ માટે માર્ગદર્શન મળે છે અને તેમના જીવનથી સાધકને પ્રેરણા પણ મળે છે. આચાર્ય-ઉપાધ્યાય-સાધુ, ભગવાનના સ્વરૂપનો

આંશિક અનુભવ કરતા હોવાથી તેઓ ભવિષ્યના ભગવાન જ છે. તેથી તેમનું આલંબન પણ ભગવાનનું જ આલંબન કહેવાય છે. તેમનું આલંબન લઇને આપણે પણ તેમના માર્ગ ઉપર ચાલવું જોઈએ.

736. જ્યારે કોઈ સાધકને આત્માનુભૂતિ થાય છે ત્યારે તે પરિણતિ (પર્યાય) પોતાના જ્ઞાન અને દર્શન ગુણની જ પરિણતિ હોય છે. ત્યાર બાદ જ્યારે તે સાધક તે સ્વાત્માનુભૂતિમાં સ્થિર થવાનો પ્રયાસ કરે છે, તેને ચારિત્ર ગુણની પરિણતિ કહેવાય છે. આ રીતે આત્માના જ્ઞાન-દર્શન-ચારિત્ર ગુણોમાં જ ભગવાન બનવાનો મોક્ષમાર્ગ વિદ્યમાન છે. તેથી તેમનું આલંબન પણ ભગવાનનું આલંબન જ કહેવાય છે.

737. આપણે સૌ જાણીયે છીએ કે જ્યારે કોઈનું મરણ થાય છે ત્યારે તેમની સાથે કાંઈ પણ જતું નથી, માત્ર તે જીવના કર્મો જ તેમની સાથે જાય છે. છતાં અનાદિથી મોહવશ આપણે પરિગ્રહ ભેગો કરવાના સંસ્કાર જ પાળતા-પોષતા આવ્યા છીએ. આત્મજ્ઞાન (સમ્યગ્દર્શન) પામવા માટે સાધકે તે પરિગ્રહના સંસ્કારોને મંદ કરવાનો પુરુષાર્થ કરવો જોઈએ.

738. પરિગ્રહના સંસ્કારોને મંદ કરવા માટે સાધકે બાર ભાવનાઓનું ચિંતન કરવું જોઈએ. અને અભ્યાસ રૂપે પોતાની આવશ્યકતા અનુસાર પરિગ્રહ-પરિમાણ પણ કરવું જોઈએ, જેથી એક મર્યાદા ઉપરાંત પરિગ્રહ ભેગો કરવાના ભાવોને મર્યાદિત કરી શકાય.

739. જરૂરત કરતા વધારે પરિગ્રહ ભેગો કરવાના ભાવોના કારણે જીવો તેને મેળવવામાં અને મળી ગયા બાદ તેની વ્યવસ્થામાં જ અધિક સમય વિતાવે છે. તેથી તેવા જીવો અનાદિથી આત્મજ્ઞાન (સમ્યગ્દર્શન) પામવા માટેના પુરુષાર્થ માટે બહુ ઓછો સમય આપે છે અથવા જરા પણ સમય આપતા નથી. આ વિષચક્રથી માત્ર એ જ જીવ છૂટી શકે છે કે જેને ખબર છે કે આ મનુષ્યપર્યાયનો એક-એક સમય અણમોલ છે.

740. જ્યારે કોઈ જીવ સમ્યક્ શાસ્ત્રાભ્યાસ કરે છે ત્યારે તે જીવને સમજ પડે છે અને તે વાત ઉપર શ્રદ્ધા પણ આવે છે કે પરિગ્રહ પુણ્યાનુસાર જ મળે છે નહીં કે શ્રમાનુસાર. ત્યારે તે જીવનો અધિક પુરુષાર્થ આત્મજ્ઞાન (સમ્યગ્દર્શન) પ્રાપ્ત કરવા માટે જ હોય છે અને બહુ જ ઓછો પુરુષાર્થ ધનાદિ પરિગ્રહ ભેગો કરવામાં લગાવે છે. આ જ સર્વ જીવોએ કરવા જેવું છે.

741. યોગ્ય પુરુષાર્થ કર્યા બાદ આપણને આપણા પુણ્યાનુસાર જે પણ ધનાદિ પરિગ્રહ પ્રાપ્ત થાય છે તેમાં આપણે સંતોષ માનવો જોઈએ. કારણ કે જે પણ જીવ અસંતોષ રાખે છે તે જીવ તે અસંતોષથી વર્તમાનમાં દુ:ખી થાય છે અને આર્તધ્યાનરૂપે પાપબંધ કરીને પોતાનું ભવિષ્ય પણ દુ:ખમય બનાવી લે છે. આ તે કેવી સમજદારી છે ? સરાસર મૂર્ખતા જ છે, આવી મૂર્ખતા કરવાથી સર્વ જનોએ બચવું જોઈએ.

742. કોઈને અથાક પુરુષાર્થ કરવા છતાં ધનાદિ પરિગ્રહની પ્રાપ્તિ થતી નથી અથવા ઓછી થાય છે ત્યારે તેમણે નારાજ ન થતાં ધર્મ-પુરુષાર્થ વધારવો જોઈએ કે જેનાથી તેઓ પોતાના આત્મકલ્યાણની સાથે-સાથે ધનાદિ પરિગ્રહ પણ સહજ માં જ પ્રાપ્ત કરી શકે છે. કારણ કે સત્ય ધર્મ-પુરુષાર્થ વધારતા જ તેમના સત્તામાં રહેલા પાપકર્મોની શક્તિ ઘટતી જાય છે અને પુણ્યકર્મોની શક્તિમાં વધારો થાય છે.

743. જ્યાં સુધી કોઈ પણ જીવ પરિગ્રહાદિ પરથી પોતાને સુખી માને છે, ત્યાં સુધી તેની પરિગ્રહાદિ પાછળની દોડ રોકાતી નથી. ભલેને પરિગ્રહાદિ પરવસ્તુનો સંયોગ-વિયોગ પુણ્ય-પાપને આધીન હોય પરંતુ અનેકવાર પરિગ્રહાદિ પરવસ્તુનો સંયોગ-વિયોગ મહેનત અથવા ચાપલૂસીથી (ખુશામતથી) થતો જોઈને તેને તો એવો જ ભ્રમ થઈ જાય છે કે જેટલો વધુ સમય હું આના પાછળ આપીશ તેટલું તે મને અધિક પ્રાપ્ત થશે. આ જ આપણી અનાદિની કથા (વાસ્તવિકતા) છે.

744. કોઈ વિરલાજ સાચા દેવ-શાસ્ત્ર-ગુરૂના યોગથી સમજી શકે છે કે આપણને આપણા પુણ્ય અનુસાર જ ધનાદિ પરિગ્રહની પ્રાપ્તિ થાય છે. કારણ કે આ બધી વાતો અનાદિથી આપણે અનંતવાર વાંચી હશે, સાંભળી હશે પરંતુ તેના ઉપર વિશ્વાસ થવો, શ્રદ્ધા થવી આ કાળમાં બહુ મુશ્કેલ છે.

745. પુણ્યાનુસાર મળેલા ધનાદિ પરિગ્રહને સાચવવામાં કે વધારવામાં કોઈ વાંધો નથી પરંતુ જ્યારે તે પરિગ્રહ માટેના આપણા મનના લગાવને કારણે જો આપણે આત્મહિત ખોઈ બેસીએ તો ઘણી મોટી તકલીફ છે. કારણ કે આ જન્મમાં આપણે શીઘ્રાતિશીઘ્ર પોતાનું આત્મહિત સાધી લેવું જોઈએ કે જે આપણા હાથમાં (કારણે) છે નહીં કે ધનાદિ પરિગ્રહને વધારવા પાછળ દોડવાનું છે કે જે પુણ્યના હાથમાં (કારણે) છે.

746. ધનાદિ પરિગ્રહમાં ગૃદ્ધિ અવશ્ય આત્મહિત માટે બાધારૂપ છે નહીં કે પુણ્યના કારણે મળેલ ધનાદિ પરિગ્રહ. તેથી સર્વજનોએ ધનાદિ પરિગ્રહમાં ગૃદ્ધિને ઘટાડવાનો તથા દૂર (હટાવવાનો) કરવાનો પ્રયાસ કરવો જોઈએ.

747. જ્યારે આપણે પરિગ્રહ વધારવા માટે ધર્મ કરીયે છીએ ત્યારે આપણે જાણે-અજાણ્યે આપણો સંસાર જ વધારીયે છીએ અને આપણું ભવિષ્ય પણ દુ:ખમય બનાવીયે છીએ. તેથી ધર્મ એકમાત્ર સંસારથી મુક્તિ મેળવવા માટે જ કરવો જોઈએ નહીં કે સંસાર વધારવા માટે.

748. જ્યાં સુધી આપણી પરિગ્રહ સંજ્ઞા તીવ્ર છે ત્યાં સુધી આપણું સંસારમાં ભટકવાનું નક્કી છે, તેથી આપણું ભવિષ્ય પણ દુ:ખમય છે. આ વાત ક્યારેય ભૂલવા જેવી નથી.

749. કોઈની પાસે પરિગ્રહ ઓછો છે કે વધુ છે, તેનાથી એ જીવનો કર્મબંધ નક્કી થતો નથી પરંતુ તે જીવની પરિગ્રહ-સંજ્ઞા કેટલી તીવ્ર છે તેનાથી તે જીવનો કર્મબંધ નક્કી થાય છે.

750. તીવ્ર પરિગ્રહ-સંજ્ઞાને કારણે આપણે અનાદિથી સંસારરૂપી સાગરમાં ડૂબેલા છીએ. તેથી આપણે અનાદિથી અનંત દુ:ખો સહન કરતા ભટકી રહ્યા છીએ. હવે આ ક્રમ આપણે ક્યાં સુધી ચાલુ રાખવો છે ? ખરેખર તો સર્વજનોએ પોતાની ઉપર દયા કરીને આ વાત ઉપર વિચાર કરવા જેવો છે કારણ કે તે વિચાર-ચિંતન કરવા માટે આ મનુષ્યભવ એ સુવર્ણ તક સમાન છે, સોનાના સૂરજ સમાન છે.

751. જો આપણો આ મનુષ્યભવરૂપી સુવર્ણ અવસર આત્મજ્ઞાનની (સમ્યગ્દર્શનની) પ્રાપ્તિ માટેના પુરુષાર્થ કર્યા વગરનો નકામો જશે તો આપણે અનંત કાળ સુધી દુ:ખો ભોગવતા આ સંસારમાં ભટકવું પડી શકે તેમ છે.

752. આત્મજ્ઞાન (સમ્યગ્દર્શન) માટેનો સાચો પુરુષાર્થ એટલે પોતાના અસ્તિત્વ વિશેના સત્યની શોધ, પોતાના અસ્તિત્વનો અનુભવ.

753. પોતાના અસ્તિત્વના અનુભવથી અર્થાત્ આત્મજ્ઞાનથી (સમ્યગ્દર્શનથી) આપણને આપણું સાચું હિત-અહિત સમજણમાં આવે છે કે જેથી આપણું ભવિષ્ય ઉજ્જ્વળ બનવાનું નિશ્ચિત થાય છે.

WWW.JAYESHSHETH.COM

754. આપણે અન્યોની દેખા-દેખીમાં ધાર્મિક પુસ્તકો-શાસ્ત્રો તો વસાવી લઈયે છીએ પરંતુ માત્ર શાસ્ત્રો વસાવવાથી આપણું આત્મકલ્યાણ નિશ્ચિત થતું નથી. આપણે તે શાસ્ત્રોનું કેટલું સમ્યક્ અધ્યયન અને કેટલો સ્વાધ્યાય-અભ્યાસ કરીયે છીએ તેનાથી આપણું આત્મકલ્યાણ નિશ્ચિત થાય છે. તેથી આપણે શાસ્ત્રોનું આત્મલક્ષી સમ્યક્ અધ્યયન તથા સ્વાધ્યાય-અભ્યાસ કરવો જોઈએ.

755. લોકો સમજે છે કે જ્ઞાન શાસ્ત્રોમાં હોય છે પરંતુ કોઈક સાધક જે એકાદ શાસ્ત્રથી આત્મજ્ઞાન પામીને પોતાનું કલ્યાણ કરી લે છે જ્યારે અન્ય કોઈક સાધક તે જ શાસ્ત્રનો ઉંધો અર્થ ગ્રહણ કરીને પોતાનો સંસાર બાંધતા અને વધારતા પણ જણાય છે. તેનાથી નિશ્ચિત થાય છે કે જ્ઞાન માત્ર શાસ્ત્રોમાં નથી હોતું પરંતુ જ્ઞાન તે શાસ્ત્રોની સમ્યક્ સમજણમાં હોય છે.

756. ધનાદિ પરિગ્રહ જીવને અહંકારી બનાવી શકે છે, તે અહંકાર તે જીવને અનંત કાળ સુધી સંસારમાં ભટકાવી શકે છે; તે જીવનું ભવિષ્ય અંધકારમય અને દુ:ખમય બનાવી શકે છે. તેથી સર્વજનોએ અહંકારથી બચવું જોઈએ, અહંકારથી દૂર જ રહેવું જોઈએ.

757. પદ, પ્રતિષ્ઠા, અધિકાર, પ્રતિભા, તાકાત, સામર્થ્ય વગેરે જીવોને અહંકારી બનાવી શકે છે કારણ કે લોકો તેમને શાશ્વત ટકવાવાળા માની લે છે. અહંકાર તે જીવને અનંત કાળ સુધી સંસારમાં ભટકાવી શકે છે, તે જીવનું ભવિષ્ય અંધકારમય અને દુ:ખમય બનાવી શકે છે. તેથી સર્વજનોએ અહંકારથી બચવું જોઈએ, અહંકારથી દૂર જ રહેવું જોઈએ.

758. ધન, પદ, પ્રતિષ્ઠા, અધિકાર, પ્રતિભા, તાકાત, સામર્થ્ય વગેરે આપણા પૂર્વકૃત પુણ્યનું ફળ છે એટલે કે આપણા ભૂતકાળના ધર્મકાર્યોનું ફળ છે, ભગવાનની આજ્ઞા પાળવાનું ફળ છે. તેથી તેના ઉપર અહંકાર ન કરતા ભગવાનની આજ્ઞામાં રહેવાનો પ્રયાસ કરવો જોઈએ.

759. અહંકારથી બચવા માટે સર્વજનોએ ભગવાનની આજ્ઞામાં રહેવાનો પ્રયાસ કરવો જોઈએ અને તેમાં દૃઢતા પામવા માટે આપણું અનાદિનું નિવાસસ્થાન એવા નિગોદને કદિ પણ ભૂલવા જેવું નથી. સાથે-સાથે એ પણ યાદ રાખવું જોઈએ કે જો હું હમણાં ભગવાનની આજ્ઞામાં ન રહેતા અહંકાર કરું છું તો નિગોદ મારું ભવિષ્ય પણ બની શકે છે.

760. અનાદિથી આપણે નિગોદમાં હતા અને જો આપણે આ જન્મમાં આત્મજ્ઞાન (સમ્યગ્દર્શન) પ્રાપ્તિનો પુરુષાર્થ કરતા નથી તો નિગોદ આપણું ભવિષ્ય પણ બની શકે છે. તો આપણે અહંકાર કઇ વાત ઉપર કરીયે છીએ ? અનંત કાળની સામે આપણા આ જન્મનું આયુષ્ય અતિ અલ્પ છે, તો કઇ વાતનો અહંકાર કરીયે છીએ ?

761. અહંકારી વ્યક્તિનો અંત અત્યંત ખરાબ હોય છે અને 'જેનો અંત ખરાબ તેનું બધું ખરાબ' આ કહેવત ક્યારેય ભૂલવા જેવી નથી. તેથી સર્વ જીવોએ કોઈ પણ વાતનો અહંકાર કરવા જેવો નથી.

762. જેમણે પણ આત્મપ્રાપ્તિની યોગ્યતા પ્રાપ્ત કરીને આત્મજ્ઞાન (સમ્યગ્દર્શન) પાપ્ત કર્યું અને તેને સાથે લઇને નવા ભવમાં ગયા અર્થાત્ સમાધિમરણ પણ પ્રાપ્ત કર્યું તેમના માટે કહી શકાય કે તેમણે 'જેમનો અંત સારો તેમનું બધું સારું' એ કહેવતને યથાર્થ કરી. તેથી સર્વ જીવોએ આજ કરવા યોગ્ય છે.

763. આપણે કોઈ પણ કાર્ય કરતી વખતે આ સૂત્ર - 'જેમનો અંત સારો તેમનું બધું સારું, જેમનો અંત ખરાબ તેમનું બધું ખરાબ' યાદ રાખવું જોઈએ. તેથી જે કાર્ય કરવાથી આપણો અંત બગડી શકે છે તેવું કોઈ કાર્ય પણ કરતા આપણે અટકી જઈશું અથવા અનિવાર્ય પણે કરીશું તો પણ ભીરૂ ભાવે કરીશું.

764. આ બહુમૂલ્ય મનુષ્ય જીવનનો અંત જો ખરાબ આવે તો આપણો અનંતાનંત કાળ દુ:ખમય, અંધકારમય, અનંત પીડાદાયક બની શકે છે. તેનાથી ખબર પડે છે કે આ જન્મમાં આપણે કેટલા જાગૃત-સભાન રહેવાની જરૂર છે.

765. લોકો કહે છે કે આપણે તો અહીંયા (આ મનુષ્ય ભવમાં) મજા કરવા માટે જ જન્મ્યા છીએ, તો પણ આપ 'જેમનો અંત ખરાબ તેમનું બધું ખરાબ' કહીને અમારી મજા ખરાબ કરી રહ્યા છો. આવા લોકોને અમે કહીએ છીએ કે- અમે તો આપને સમયસર ચેતવણી આપીયે છીએ કારણ કે એક વાર હાથમાંથી આ મોકો જતો રહ્યો તો પસ્તાવો કરવા સિવાય બીજું કાંઇ નહીં બચે. આ જ આપણી અનાદિની કથા (વાસ્તવિકતા) છે.

766. અનેક લોકોને નરક, સ્વર્ગ, મોક્ષ વગેરે મનુષ્યોને ડરાવવા માટે અથવા લલચાવવા માટે બનાવેલી કાલ્પનિક વાતો લાગે છે. કદાચ આવા લોકોને 'જેમનો અંત સારો એમનું બધું સારૂં, જેમનો અંત ખરાબ એમનું બધું ખરાબ' એ વાત સમજણમાં નહીં આવે. પરંતુ તેમણે એ તો વિચારવું જોઈએ કે આ મનુષ્ય ભવમાં પણ આપણે લોકોને સુખી-દુ:ખી દેખીયે છીએ, ઓછામાં ઓછું એ વાત ઉપર વિચાર કરીને પણ પોતાના સર્વ કાર્યોમાં જાગૃત-સભાન રહેવું જોઈએ.

767. અનેક લોકો કહે છે કે અહીંયા આપણે આપણા શરીરના કારણે અનેક સુખો ભોગવી શકીયે છીએ, જ્યારે મોક્ષમાં તો શરીરનો જ અભાવ છે તો આપણે મોક્ષમાં સુખોનો અનુભવ કેવી રીતે કરી શકીયે ? આવા લોકોને એ જાણકારી હોવી જોઈએ કે એક-એકથી ચઢિયાતું શારીરિક સુખ ભોગવવા માટે શરીર પણ એક-એકથી ચઢીયાતું હોવું જોઈએ. જેમ કે આપણે મનુષ્ય જન્મમાં જે સુખ ભોગવીયે છીએ તેનાથી અનેક ગણું અધિક સુખ દેવ ભવમાં વૈક્રિય શરીરથી ભોગવી શકીયે છીએ. દેવ ભવમાં પણ દેવો ઉપર-ઉપરના દેવલોકમાં નીચેના દેવલોકથી અધિક-અધિક સુખ ભોગવે છે. અને સમ્યગ્દર્શનધારી સાધુ એક વર્ષની દીક્ષા પર્યાય પછી સમ્યગ્ચારિત્રના (આત્માની વારંવારની અનુભૂતિના) કારણે તે દેવોથી પણ અધિક સુખ ભોગવે છે. તેથી જણાય છે કે સુખ આત્મામાં છે નહીં કે શરીરમાં, શરીર તો આપણા (આત્મા) માટે બંધન છે અને મોક્ષમાં આ બંધનનો જ વિચ્છેદ થઇ જવાથી સાદિઅનંત કાળ માટે અનંત સુખ મળે છે.

768. મોક્ષ સુખને સમજવા માટે એવું પણ ઉદાહરણ લઇ શકાય કે અનેક લોકો પૈસા માટે વ્યવસાય, ધંધો કે બીજાની સેવા-ચાકરી કરતા જણાય છે; આ રીતે એ લોકો આકરી મહેનત કરીને પૈસા કમાઈને સંસારના સુખો ભોગવતા જણાય છે. જો તેમને કહેવામાં આવે કે તમારે કાંઈ પણ કરવાની જરૂરત નથી, રોજે તમારી પાસે ટંકશાળમાંથી જેટલા જોઈએ તેટલા પૈસા આવી જશે, તો તેઓ બહુ ખુશ થઇ જશે અને સંસારના સુખોમાં મગ્ન રહેશે. તેવી જ રીતે અત્યારે આપણે બહુ ઓછા સુખ માટે ખૂબ જ મહેનત કરવી પડે છે, જ્યારે મોક્ષમાં કોઈ પણ મહેનત કર્યા વગર જ દરેક સમયે અનંત સુખ મળે છે. આ રીતે મોક્ષ અનંત સુખની ખાણ છે, ટંકશાળ છે.

769. સાધકે આત્મજ્ઞાન (સમ્યગ્દર્શન) માટે અને પાપબંધથી બચવા માટે પણ શીલરક્ષાનું (બ્રહ્મચર્યનું) મહત્વ સમજવું જરૂરી છે. ગૃહસ્થોએ પણ પરસ્ત્રીગમન-પરપુરૂષગમન, વેશ્યાગમન વગેરેથી બચવું જરૂરી છે.

770. શીલરક્ષાનું (બ્રહ્મચર્યનું) આત્મજ્ઞાન (સમ્યગ્દર્શન) માટે બહુ જ મહત્વ છે કારણ કે અનાદિથી આપણા ઉપર મૈથુન સંજ્ઞા પ્રભાવી છે. તેથી, આ સંજ્ઞાના પાશથી (ફંદાથી) છૂટવાનો આ ભવમાં પ્રયાસ કરવો જરૂરી છે.

771. અનાદિથી આપણે આપણા અનંત જીવન કાળ મૈથુન સંજ્ઞાની પાછળ દોડવામાં વીતાવ્યા છે, અનંત દુ:ખો ભોગવ્યા છે. હવે ક્યાં સુધી આ રીતે બરબાદ થતા રહેવું છે ? ક્યાં સુધી આપણે આપણું ભવિષ્ય દુ:ખમય બનાવતા રહેવું છે ? થોડું રોકાઈને વિચારો, તેમાં જ પોતાનું કલ્યાણ છે.

772. જેટલું આપણે આ ભવમાં મૈથુન સંજ્ઞામાં સુખ માનીને તેના પાછળ ભાગતા રહીશું, તેના વિશે જ વિચારીશું, દિવસ-રાત તેના માટે જ ઝુરતા રહેશું; તેના કારણે એટલું જ આપણું અનંત કાળ સુધી નપુંસક બન્યા રહેવું નિશ્ચિત છે. આ જ આપણી અનાદિની કથા (વાસ્તવિકતા) છે. હવે ક્યાં સુધી આ ચાલુ રાખવું છે ? થોડું રોકાઈને વિચારો, તેમાં જ પોતાનું કલ્યાણ છે.

773. મૈથુન સંજ્ઞાથી છૂટવું એટલે જરૂરી છે કે જ્યાં સુધી આપણને સુખ (સુખાભાસ) બહાર દેખાય છે ત્યાં સુધી આપણી દોડ બહાર તરફની જ રહેશે, ત્યાં સુધી આપણે આત્માની દરકાર પણ નહીં કરીયે. પરંતુ જ્યારે આપણને સાચી સમજણ આવશે કે બહાર જે પણ સુખ દેખાય છે તે સુખ નથી પરંતુ સુખાભાસ (મૃગતૃષ્ણા) છે, ત્યારે આપણે સાચા સુખ માટે આત્મા તરફ જોઈશું, તે સાચા સુખની શોધ માટે આત્મધર્મ તરફ વળીશું.

774. મૈથુન સંજ્ઞાથી છૂટવા માટે શારીરિક બ્રહ્મચર્ય પાળવું એટલું જરૂરી નથી જેટલું આપણા મનને તેનાથી મુક્ત કરાવવું જરૂરી છે. કારણ કે જો એક વાર અશુચિઆદિ ભાવનાના મનન-ચિંતનથી, મૈથુનની સુખબુદ્ધિ દૂર થાય તો તે સંજ્ઞા આપોઆપ નબળી પડી જશે અને કાળક્રમે તે જતી પણ રહેશે.

WWW.JAYESHSHETH.COM

775. બ્રહ્મચર્યમાં મન-વચન-કાયા અને કરવું-કરાવવું-અનુમોદના એ તમામથી બચવું અત્યંત જરૂરી છે. બીજુ, બ્રહ્મમાં (આત્મામાં) લીનતાને (રમણતાને) અંતરંગ બ્રહ્મચર્ય સમજવું જોઈએ. મોક્ષમાર્ગમાં બન્નેનું મહત્વ છે, પરંતુ જ્યાં સુધી આપણે બીજા પ્રકારનું બ્રહ્મચર્ય પ્રાપ્ત ન કરીયે ત્યાં સુધી મોક્ષમાર્ગની શરૂઆત થતી નથી.

776. સાધક-સાધુએ પૂર્ણ રૂપથી બ્રહ્મચર્ય પાળવું જોઈએ અને ગ્રહસ્થોએ પોતાની પત્ની અથવા પતિથી જ સંતોષ માનવો જોઈએ. પરંતુ મોક્ષમાર્ગમાં પ્રવેશ માટે બન્નેયને આત્માનુભૂતિવાળું બ્રહ્મચર્ય પ્રાપ્ત કરવું જરૂરી છે, કારણ કે તેના વગર તો મોક્ષમાર્ગમાં પ્રવેશ જ મળતો નથી.

777. સાધક-સાધુએ બ્રહ્મચર્યની રક્ષા માટે વિજાતીય પાત્રના પરિચયથી બચવું જોઈએ અને મળવું પણ પડે તો એકલામાં ન મળવું જોઈએ. ગ્રહસ્થોએ પણ પોતાની પત્ની અથવા પતિ સિવાય બીજા વિજાતીય પાત્રોને એકલામાં ન મળવું જોઈએ.

778. ભગવાને બ્રહ્મચર્યની રક્ષા માટે એમ જણાવેલ છે કે વિજાતીય પાત્રની સામે જોતી વખતે એકીટસે (ટગર-ટગર) ન જોવું જોઈએ. જેવી રીતે આપણે ભર બપોરના સૂર્યને જોઇને તરત જ તેની ઉપરથી નજર હટાવી લઇયે છીએ, તે જ પ્રકારે વિજાતીય પાત્ર ઉપરથી પણ આપણે આપણી નજર હટાવી લેવી જોઈએ.

779. લોકો દાદાગીરી, ધમકી, મારપીટ અને આતંકથી ગભરાટ ફેલાવે છે. તેઓને એ ખબર નથી કે આવું કરવાથી તેમને અનંત કાળ સુધી ભય અને આતંકના વાતાવરણમાં જીવવું પડશે. આવા કામોથી ભયસંજ્ઞા તીવ્ર બને છે, પાપબંધ થાય છે. જેથી તે જીવને અનંત કાળ સુધી ભયભીત રહેવું પડશે. આ જ આપણી અનાદિની કથા (વાસ્તવિકતા) છે.

780. અનાદિથી આપણે આપણા અનંત જીવન ભય સંજ્ઞાના પડછાયામાં જ વીતાવ્યા છે, અનંત દુ:ખો સહન કર્યા છે. હવે ક્યાં સુધી આપણે આવી રીતે ભયના પડછાયામાં જીવવું છે ? ક્યાં સુધી આપણું ભવિષ્ય દુ:ખમય બનાવતા રહેવું છે ? થોડું રોકાઈને વિચારો, તેમાં જ આપણું કલ્યાણ છુપાયેલું છે.

WWW.JAYESHSHETH.COM

781. જેટલા આપણે આ જીવનમાં લોકોને ભયભીત કરીશું અથવા આપણા અધિકારો અને સત્તાનો દુરૂપયોગ કરીને તેમને ડરાવીને રાખીશું એટલું જ આપણું અનંત કાળ સુધી ભયભીત રહેવાનું નિશ્ચિત થતું જાય છે. આ જ આપણી અનાદિની કથા (વાસ્તવિકતા) છે. હવે ક્યાં સુધી આ ચાલુ રાખવું છે ? થોડું રોકાઈને વિચારો, તેમાં જ આપણું કલ્યાણ છુપાયેલું છે.

782. જો આ જીવનમાં લોકોને ભયભીત રાખીને અથવા આપણા અધિકારો અને સત્તાનો દુરૂપયોગ કરીને તેઓને ડરાવેલા રાખીને આપણે અનંત કાળ સુધી ભયભીત ન રહેવું હોય તો આપણે લોકો સાથે ચાર ભાવનાઓ અનુસારના વર્તનયુક્ત આપણું જીવન બનાવવું જોઈએ. આપણે લોકો પ્રત્યે મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ ભાવ રાખવો જોઈએ કારણ કે તેમાં જ આપણું કલ્યાણ છુપાયેલું છે.

783. ભયસંજ્ઞાને ઘટાડવા માટે એ જરૂરી છે કે આપણે સર્વ જીવોને આપણા જેવા જ આત્મા તરીકે જોવા જોઈએ. તેના માટે પહેલા પોતાને આત્મા સમજવા અને સ્વાત્માની અનુભૂતિ કરવી જરૂરી છે. જ્યાં સુધી આપણે પોતાને આત્મા ન માનીયે ત્યાં સુધી આપણે બીજાને આત્મા કેવી રીતે માની શકીયે? ન માની શકીયે.

784. ભયસંજ્ઞાને મંદ કરવા માટે આપણે આપણા આત્મારૂપી અસ્તિત્વનો અહેસાસ કરવો પડશે. અને તેના માટે બાર ભાવનાઓને સમજીને તેનું ચિંતન કરવું જરૂરી છે કે જેથી આપણા મનનો ભય ઓછો થાય, આપણે આત્મા છીએ તે ભાવ પાકો થાય અને આપણે અમર છીએ એવો ભાવ થાય.

785. સાધકે આત્મજ્ઞાન (સમ્યગ્દર્શન) માટે અને પાપબંધથી બચવા પણ અભક્ષ્ય ભક્ષણના ત્યાગનું મહત્વ સમજવું જરૂરી છે. અભક્ષ્ય ભક્ષણ એટલે માંસ, દારૂ, કંદમૂળ, રાત્રિભોજન, અથાણા, અંજીર, મધ, માખણ વગેરે નું ભક્ષણ.

786. અભક્ષ્ય ભક્ષણના ત્યાગનું આત્મજ્ઞાન (સમ્યગ્દર્શન) માટે ખુબ જ મહત્વ છે કારણ કે અનાદિથી આપણા ઉપર તીવ્ર આહાર સંજ્ઞાએ જ કબજો જમાવેલ છે. તેથી આ સંજ્ઞાના ફંદામાંથી છૂટવા માટે આ ભવમાં પ્રયાસ કરવો જરૂરી છે.

787. અનાદિથી આપણે આપણા અનંત જીવન તીવ્ર આહાર સંજ્ઞા-અભક્ષ્ય ભક્ષણની પાછળ દોડવામાં જ ગુમાવ્યા-વીતાવ્યા છે, અનંત દુ:ખો સહન કર્યા છે. હવે કયાં સુધી આવી રીતે બરબાદ થતા રહેવું છે ? ક્યાં સુધી આપણું ભવિષ્ય દુ:ખમય બનાવતા રહેવું છે ? જરા ધીરા પડીને વિચારો, એમાં જ આપણું કલ્યાણ છુપાયેલું છે.

788. જેટલું આપણે આ જીવનમાં અભક્ષ્ય ભક્ષણમાં સુખ માનીને તેની પાછળ દોડીશું, તેના વિશે જ વિચારીશું અને દિવસ-રાત તેના માટે જ જીવીશું, એટલું આપણું અનંત કાળ સુધી દુ:ખી થવાનું નિશ્ચિત થતું જાય છે. આ જ આપણી અનાદિની કથા (વાસ્તવિકતા) છે. હવે ક્યાં સુધી તેની પાછળ દોડવું છે ? જરા ધીરા પડીને વિચારો, એમાં જ આપણું કલ્યાણ છુપાયેલું છે.

789. આહાર ગ્રહણ કર્યા વગર જીવન શક્ય નથી, પરંતુ આપણે અભક્ષ્ય આહારના ભક્ષણનો ત્યાગ અવશ્ય કરી શકીયે છીએ. કે જેનાથી આપણા જીવનમાં પાપબંધ ઓછો થશે અને આપણી તીવ્ર આહારસંજ્ઞા પણ મંદ થશે.

790. તીવ્ર આહારસંજ્ઞાથી છૂટવું જરૂરી છે કારણ કે જ્યાં સુધી આપણને સુખ (સુખાભાસ) બાહર દેખાય છે ત્યાં સુધી આપણી દોડ બહાર તરફની જ રહેશે કે જેના કારણે આપણને આત્માની દરકાર પણ નહીં હોય. પરંતુ જ્યારે આપણને ખબર પડશે કે બહારમાં જે સુખ દેખાય છે તે સુખ નહીં સુખાભાસ છે, ત્યાર બાદ આપણે અવશ્ય સાચા સુખ માટે આત્મા તરફ વળીશું, તે સાચા સુખની શોધ માટે આત્મધર્મ તરફ વળીશું.

791. તીવ્ર આહારસંજ્ઞાથી છૂટવા જેટલું અભક્ષ્ય-ભક્ષણના ત્યાગનું મહત્વ છે એટલું જ મહત્વ આપણા મનને પણ તેનાથી મુક્ત કરાવવાને આપવું જોઈએ. કારણ કે જ્યારે અનિત્યાદિ ભાવનાઓના મનન-ચિંતનથી અભક્ષ્ય-ભક્ષણ ઉપરથી સુખબુદ્ધી હટી જાય છે ત્યારે તે આહારસંજ્ઞા આપોઆપ નબળી પડતી જાય છે.

792. એક પળના સુખની સામે અનંતકાળનું દુ:ખ મળે એવો સંસાર કોને જોઈએ ? કોઈને પણ આ વાત મંજુર હોતી નથી, આવા સંસારને તો કોઈપણ જીવ ઇચ્છતો નથી. બધાને સુખની જ આશા અને પિપાસા હોય છે. કોઈ પણ જીવ દુ:ખ ઇચ્છતો નથી.

793. `સંસારમાં એક પળના સુખની સામે અનંતકાળનું દુ:ખ મળે છે' એ વાતથી આપણે અજાણ હોવાથી અજાણતા જ આપણે અનાદિથી આપણા માટે અનંતકાળના દુ:ખોનું આરક્ષણ (booking) કરતા રહ્યા છીએ. હવે આ ક્યાં સુધી આ ચાલું રાખવું છે ? થોડું રોકાઈને વિચારો, તેમાં જ આપણું કલ્યાણ છે.

794. આપણે જેને સુખ કહીયે-માનીયે છીએ તે ખરેખર તો સુખાભાસ જ છે. પરંતુ તે સુખ પણ આપણને માત્ર ત્રસકાયમાં જ મળી શકે છે કે જેનો કાળ માત્ર બે હજાર સાગરોપમનો જ છે. પછી નિયમથી આપણે એકેન્દ્રિયમાં જવું પડે છે કે જ્યાં દુ:ખ જ દુ:ખ છે. ત્યાં આપણે અસંખ્યાત પુદ્ગલ પરાવર્તન કાળ સુધી રહી શકીયે છીએ. અને એક પુદ્ગલ પરાવર્તન કાળના અનંતમાં ભાગમાં પણ વીસ ક્રોડાક્રોડી સાગરોપમના અનંત કાળચક્ર હોય છે. આ ગણતરીથી સમજાય છે કે સંસારમાં એક પળના સુખની સામે અનંતકાળનું દુ:ખ કેવી રીતે મળે છે.

795. આપણે આપણા આ ૧૦૦ વર્ષના નાના જીવનમાં પણ આપણો અનંત કાળ સુખમય, સોહામણો બનાવી શકીયે છીએ, એટલી તાકાત છે સત્ય ધર્મમાં. છતાં આપણે એટલા દોઢડાહ્યા-મૂર્ખ છીએ કે આપણને આપણા ૧૦૦ વર્ષના આયોજનમાંથી (planningમાંથી) નવરાશ જ ક્યાં છે કે આપણે આ ૧૦૦ વર્ષ પછીના અનંતકાળ માટે વિચારીયે. થોડું રોકાઈને વિચારો, તેમાં જ આપણું કલ્યાણ છે.

796. લોકોએ એ વિચારવું જોઈએ કે શું આ જીવનના બચેલા આયુષ્ય (સમય) માટેના આયોજન અને ધનાર્જનમાં જ આપણું બચેલું જીવન વ્યતિત કરવું જોઈએ કે આ જીવન પછીના અનંતકાળના સુખની પ્રાપ્તિ માટે તેનો ઉપયોગ કરવો જોઈએ ? ઉત્તર- જેઓને આ હકીકતની ખબર છે કે આ જીવનમાં આપણા આયોજન અને ધનાર્જન માટેના પુરુષાર્થથી નહીં પરંતુ આપણા પૂર્વકર્મોથી જ આપણને અનુકૂળ અથવા પ્રતિકૂળ સંયોગો મળે છે, તેઓ આયોજન અને ધનાર્જનમાં થોડોક જ પુરુષાર્થ લગાવે છે અને પોતાનો વધુમાં વધુ સમય પોતાનો અનંતકાળ સુધારવામાં લગાવે છે.

797. આપણું આ જીવન અને આપણો અનંતકાળ કેવી રીતે સુધારી શકાય છે ? કેવી રીતે સોહામણો બનાવી શકાય છે ? કેવી રીતે સુખમય બનાવી શકાય છે ? તેનો ઉત્તર બહુ સરળ છે. આપણે સત્ય



WWW.JAYESHSHETH.COM

ધર્મને અપનાવવો જોઈએ અને પોતાની (આત્માની) ઓળખણ કરવી જોઈએ એટલે કે સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) પ્રાપ્ત કરવું જોઈએ. તેનાથી આપણું વર્તમાન જીવન અને અનંત ભવિષ્યકાળ એમ બન્નેય સોહામણા બની જશે, સુખમય બની જશે.

798. આપણા મનુષ્યભવનું આયુષ્ય આપણા આત્માના ભવિષ્યના અનંતકાળના ભ્રમણની સરખામણીમાં એક વિજળીના ચમકારા જેટલું પણ નથી. અને જો આપણે અંધારી રાતે વીજળીના ચમકારે સોયમાં દોરો પરોવવાનો હોય તો કેટલી જાગૃતિ રાખવી પડે, એ વિચારવું જોઈએ. એવી જ જાગૃતિ જો આપણે આ જન્મમાં આપણા આત્માને પતનથી બચાવવા માટે રાખીશું તો આપણો અનંતકાળ સોહામણો બની શકે છે, સુખમય બની શકે છે.

799. આપણે આપણી ઓળખાણ કરવી જોઈએ. એટલે કે સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) પ્રાપ્ત કરવું જોઈએ. પરંતુ કેવી રીતે ? તેનો ટૂંકમાં ઉત્તર એ છે કે જ્યારે આપણને સુખ બહાર દેખાવાનું બંધ થાય ત્યારે જ આપણે આત્મામાં સુખ શોધીશું, ત્યારે આપણને સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) થઇ શકે છે. તેની વિસ્તૃત સમજણ માટે અમારા પુસ્તક "સમ્યગ્દર્શન ની રીત"નું ચોવીસમું પ્રકરણ "સમ્યગ્દર્શન માટેની યોગ્યતા" ચોક્કસ વાચવું અને તેના ઉપર ચિંતન કરવું.

800. સમ્યગ્દર્શનની (આત્મજ્ઞાનની) પ્રાપ્તિ કેવી રીતે કરવી ? તેનો ટૂંકામાં ઉત્તર એ છે કે આપણે આપણી જાતને બદલવાની છે. તે કેવી રીતે ? સત્ય ધર્મની શોધ કરવી અને સત્ય ધર્મ અનુસાર પોતાને બદલવા. સમ્યગ્દર્શન માટે પોતાની યોગ્યતા બનાવવી. તેની વિસ્તૃત સમજણ માટે અમારા પુસ્તક "સમ્યગ્દર્શન ની રીત"નું ચોવીસમું પ્રકરણ "સમ્યગ્દર્શન માટેની યોગ્યતા" ચોક્કસ વાંચવું અને તેના ઉપર ચિંતન કરવું.

801. સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) માટે સાત તત્ત્વો અથવા નવ તત્ત્વોને પણ સમજવા જોઈએ. કારણ કે આ તત્ત્વોની સમ્યક્ શ્રદ્ધાને સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) કહેવાય છે. તે જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ આ રીતે સાત છે, તેમાં પુણ્ય અને પાપને ઉમેરીયે તો નવ થાય છે.

WWW.JAYESHSHETH.COM

802. સાત તત્ત્વોમાં જીવ અને અજીવ આ બે તત્ત્વો જાણવા યોગ્ય (જ્ઞેય) છે, આસ્રવ અને બંધ આ બે તત્ત્વો ત્યાગવા યોગ્ય (હેય) છે તથા સંવર, નિર્જરા અને મોક્ષ આ ત્રણ તત્ત્વો પ્રાપ્ત કરવા યોગ્ય (ઉપાદેય) છે.

803. આસ્રવ અને બંધ આ બે તત્ત્વો ત્યાગવા યોગ્ય (હેય) કહેવાય છે. તેમાં પુણ્ય અને પાપ બન્ને સમાયેલા છે. પુણ્ય અને પાપ બન્ને મોક્ષની (મુક્તિની) અપેક્ષાથી તો એક સમાન હેય છે, પરંતુ અમુક લોકો મોક્ષમાર્ગમાં પુણ્ય અને પાપ બન્નેયને એકાંતે સમાનરૂપથી હેય જણાવે છે. પરંતુ આપણે જ્યારે આત્મપ્રાપ્તિની અને મોક્ષમાર્ગની પ્રાપ્તિની વાત કરીયે ત્યારે અપેક્ષાએ પહેલાં પાપનો ત્યાગ થાય છે અને એકમાત્ર મોક્ષના લક્ષે શુભ(પુણ્ય)માં રહેવું જરૂરી હોય છે કારણ કે અપેક્ષાએ પાપ મોક્ષમાર્ગમાં અડચણ રૂપ હોય છે અને પુણ્ય મોક્ષમાર્ગમાં સહાયક હોય છે.

804. એકાંતથી પુણ્ય અને પાપને સમાનરૂપથી હેય કહેવાવાળા માટે સ્થિતિ સ્પષ્ટ કરવા માટે જ અને અપેક્ષા સમજાવવા માટે જ સાત તત્ત્વોમાં પુણ્ય અને પાપને ઉમેરીને નવ તત્ત્વો રૂપે કહ્યા છે.

805. મોક્ષ(મુક્તિ)ની અપેક્ષાથી પુણ્ય અને પાપને અનુક્રમથી સોનાની અને લોઢાની બેડી (બંધન) સમાન કહ્યા છે. આત્મપ્રાપ્તિ અથવા મોક્ષમાર્ગની પ્રાપ્તિની અપેક્ષાથી તે બન્ને બેડી સમાન નથી કારણ કે પુણ્ય અથવા પાપ આત્મપ્રાપ્તિમાં રૂકાવટ બનતા નથી. પરંતુ અપેક્ષાથી પુણ્ય અથવા પાપ મોક્ષમાર્ગમાં ક્રમશ: છાયડામાં (અનુકૂળતામાં) અથવા તડકામાં (પ્રતિકૂળતામાં) બેસીને મોક્ષની રાહ જોવા સમાન છે.

806. અપેક્ષાએ સાત અથવા નવ તત્ત્વોનો સમાવેશ જીવ અને અજીવ આ બે તત્ત્વોમાં પણ કરી શકાય છે. પરંતુ મોક્ષમાર્ગને સ્પષ્ટ કરવા માટે અને મોક્ષમાર્ગમાં હેય, જ્ઞેય અને ઉપાદેય તત્ત્વોની ઓળખાણ કરાવવા માટે તેનો સાત અથવા નવ તત્ત્વો તરીકે વિસ્તાર કરવામાં આવ્યો છે.

807. જીવ તત્ત્વ એટલે તમામ જીવો, તમામ આત્માઓ. ભગવતીસૂત્રમાં આત્માના આઠ પ્રકાર જણાવ્યા છે. તે દ્રવ્યાત્મા, કષાયાત્મા, યોગાત્મા, ઉપયોગાત્મા, જ્ઞાનાત્મા, દર્શનાત્મા, ચારિત્રાત્મા અને વીર્યાત્મા. તેમાંથી દ્રવ્યાત્મા તમામ સિદ્ધ અને સંસારી જીવોમાં હોય છે. અર્થાત્ દ્રવ્યાત્મા જ શુદ્ધાત્મા છે.

WWW.JAYESHSHETH.COM

808. અનેક લોકો દ્રવ્યાત્માને દ્રવ્ય અને પર્યાયના સંદર્ભમાં ન સમજતા દ્રવ્ય અને ભાવના સંદર્ભથી સમજે છે. વાસ્તવમાં દ્રવ્ય અને ભાવને પણ દ્રવ્ય અને પર્યાય કહી શકાય છે. તેનાથી એ નક્કી થાય છે કે દ્રવ્યાત્મા જીવનું ત્રિકાળી દ્રવ્ય છે, ત્રિકાળી ધ્રુવ છે, શુદ્ધાત્મા છે. તેથી દ્રવ્યાત્મા તમામ સિદ્ધ તેમ જ સંસારી જીવોમાં હોય છે.

809. જેઓને નયોનું યથાર્થ જ્ઞાન નથી તેઓ "દ્રવ્યાત્મા જ જીવનું ત્રિકાળી દ્રવ્ય છે, ત્રિકાળી ધ્રુવ છે, શુદ્ધાત્મા છે" એવી વાતો સમજી શકતા નથી. તેઓને લાગે છે કે સંસારી જીવમાં શુદ્ધાત્મા કેવી રીતે હોય શકે છે ? ન હોય શકે. તેઓને આ વાત સમ્યક્ નયથી સમજવી જરૂરી છે કે શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી દ્રવ્યાત્મા છે તે જ શુદ્ધાત્મા છે, તે જ ત્રિકાળી ધ્રુવ છે.

810. અનેક લોકો જીવ તત્ત્વમાં માત્ર શુદ્ધાત્મા એટલે કે ત્રિકાળી ધ્રુવને જ માને છે. તેઓ એક જ નયથી જીવની વ્યાખ્યા કરે છે, તેઓ માત્ર શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી જ જીવની વ્યાખ્યા કરે છે અને અશુદ્ધ દ્રવ્યાર્થિકનયની જીવ તત્ત્વની વ્યાખ્યાને જ નકારી દે છે. પરંતુ જીવ તત્ત્વને સમગ્રતાથી સમજવા માટે તેને તમામ નયોથી સમજવો જરૂરી છે.

811. અનેક લોકો જીવ તત્ત્વમાં પણ દ્રવ્ય સત્ અને પર્યાય સત્ એમ બે સત્ સમજે છે. તેવું અપેક્ષાથી કહી શકાય છે પરંતુ એકાંતથી ન માની શકાય કારણ કે જીવ તત્ત્વ એક અભેદ તત્ત્વ છે. અભેદ જીવ તત્ત્વમાં સમજાવવા માટે કલ્પના કરીને ભેદ કર્યા છે, જીવ તત્ત્વમાં તેવા વાસ્તવિક ભેદ નથી.

812. અનેક લોકો જીવ તત્ત્વમાં પણ દ્રવ્ય, ગુણ અને પર્યાય એવા ત્રણ કાલ્પનિક ભેદોને વાસ્તવિક માને છે. તે ભેદો અપેક્ષાથી કહેવાય છે પરંતુ એકાંતથી તેવા ભેદો માની ન શકાય કારણ કે જીવ તત્ત્વ એક અભેદ છે. અભેદ જીવ તત્ત્વમાં કલ્પના કરીને સમજાવવા માટે ભેદો કરવામાં આવ્યા છે, તેમાં તેવા વાસ્તવિક ભેદો નથી.

813. અનાદિથી આપણે અનંતીવાર અભેદ જીવ તત્ત્વને સમજાવવા માટે કરેલા કાલ્પનિક ભેદો ને વાસ્તવિક ભેદો માનીને આપણા અનેક જીવનો નષ્ટ કર્યા છે, અનંતાનંત દુ:ખો સહન કર્યા છે. હવે એવું ક્યાં સુધી ચાલુ રાખવું છે ? તેના ઉપર વિચાર કરીને પોતાની માન્યતા સમ્યક્ બનાવવી જોઈએ.

814. સમગ્રતાથી જીવ તત્ત્વને સમજવાથી જણાય છે કે જીવતત્ત્વની પર્યાયમાં જ દ્રવ્ય છુપાયેલું છે. પર્યાયને ગૌણ કરતા જ દ્રવ્ય પ્રાપ્ત થાય છે. અર્થાત્ પર્યાય દ્રવ્યની જ બનેલ છે. પર્યાય દ્રવ્યનું જ વર્તમાન રૂપ છે.

815. તમામ નયોથી જીવતત્ત્વને સમજવાથી જણાય છે કે આપણે અત્યારે જે વિભાવમય જીવનો અનુભવ કરીયે છીએ, તે વિભાવને ગૌણ કરતા જ શુદ્ધાત્મા પ્રાપ્ત કરી શકાય છે. તે જ દ્રવ્યાત્મા છે, તે જ ત્રિકાળી ધ્રુવ છે. તેના જ અનુભવથી સમ્યગ્દર્શનની (આત્મજ્ઞાનની) પ્રાપ્તિ થાય છે.

816. તમામ નયોથી જીવતત્ત્વને સમજવાથી જણાય છે કે આપણે અત્યારે જે વિભાવમય જીવનો અનુભવ કરીયે છીએ તે પણ સત્ય છે, તે સ્વપ્ન (મિથ્યા) નથી. તે વિભાવભાવ જ જીવની વર્તમાન પર્યાય છે. તે વિભાવ પર્યાયને ગૌણ કરતા જ આપણને શુદ્ધાત્માની પ્રાપ્તિ થાય છે, આત્માની અનુભૂતિ થાય છે.

817. અનેક લોકો પોતે વિભાવમય જીવ હોવા છતાં પોતાને શુદ્ધાત્મા માનવા લાગે છે. તેઓ પોતાને વર્તમાનમાં જ શુદ્ધાત્મા માનીને પોતાની વર્તમાન વિભાવમય સ્થિતિને નજર-અંદાજ કરીને ભ્રમમાં જ જીવવું પસંદ કરે છે. તેમની આ સ્થિતિ જીવતત્ત્વને સમ્યક્ રૂપે ન સમજવાથી ઉત્પન્ન થઇ છે.

818. તત્ત્વને સમ્યક્ રૂપે સમજવા માટે જીવને સમગ્રતાથી, તમામ નયોથી સ્વીકારવો જોઈએ અને વર્તમાન વિભાવમય સ્થિતિમાં જ આત્માની અન્ય યોગ્યતાઓ સહિત વિભાવને ગૌણ કરતા જ શુદ્ધાત્માનો અનુભવ થાય છે. જ્ઞાનીઓ આ સ્વાત્માનુભૂતિ પછી સહજમાં જ પોતાની પ્રતીતિમાં પોતાને શુદ્ધાત્મા માનશે, પરંતુ પોતાની વર્તમાન વિભાવમય સ્થિતિને નજર-અંદાજ ન કરતા વિભાવથી મુક્ત થવા પોતાની શક્તિ અનુસાર પુરુષાર્થ પ્રારંભ કરશે. તેને જ મોક્ષની સાધના કહેવાય છે, મોક્ષમાર્ગ કહેવાય છે.

819. અનાદિથી આપણે અનંતીવાર પોતાને એકાંતે શુદ્ધ માનીને આપણા અનેક જીવનો (ભવો) નષ્ટ કર્યા છે, અનંતાનંત દુ:ખો સહન કર્યા છે. હવે એવું ક્યાં સુધી ચાલુ રાખવું છે ? તેના ઉપર વિચાર કરીને પોતાની માન્યતા સમ્યક્ બનાવવી જોઈએ.

820. અનાદિથી આપણે અનંતીવાર પોતાને એકાંતે અશુદ્ધ માનીને આપણા અનેક જીવનો (ભવો) નષ્ટ કર્યા છે, અનંતાનંત દુ:ખો સહન કર્યા છે. હવે એવું ક્યાં સુધી ચાલુ રાખવું છે ? તેના ઉપર વિચાર કરીને પોતાની માન્યતા સમ્યક્ બનાવવી જોઈએ.

821. જીવતત્ત્વનું લક્ષણ ઉપયોગ છે. ઉપયોગ બે પ્રકારે હોય છે – જ્ઞાન (સાકાર) અને દર્શન (અનાકાર). જાણવું-જોવું જીવનું લક્ષણ છે, તેનાથી જ જીવની ઓળખાણ થાય છે. આત્માની અન્ય યોગ્યતાઓ સહિત "આ જાણવા-જોવાવાળો છે તે જ હું છું" - એમ વિચારતા આત્માનો અનુભવ થાય છે. તેને જ સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) કહેવાય છે.

822. જ્યારે કોઈનું મૃત્યુ થાય છે ત્યારે તેમનું શરીર તો અહીંયા રહી જાય છે પરંતુ આત્મા ચાલ્યો જાય છે. તે પછી તે મૃતદેહ જાણી-જોઈ શકતો નથી. એનાથી સિદ્ધ થાય છે કે આત્મા શરીરથી ભિન્ન છે. તેથી પોતાને અજર-અમર એવા આત્મા માનવાનો છે, શરીર નથી માનવાનું. [શરીર તો આ નાટકનું એક પાત્ર (role) જ છે.]

823. અનેક લોકો જીવતત્ત્વને શરીરવ્યાપી ન માનતા માત્ર અંગુઠા જેટલા ક્ષેત્રમાં રહેવાવાળો માને છે. જો જીવ શરીરવ્યાપી ન હોત તો શરીરના તમામ ભાગોમાં સંવેદના થવી સંભવેત જ નહીં. જેમ કે નખ કાપતી વખતે પીડા થતી નથી પરંતુ જો જીવતો નખ કપાય જાય તો જરૂરથી પીડા થાય છે. તેનાથી સમજાય છે કે જીવતત્ત્વ પૂર્ણ શરીરમાં વિદ્યમાન (વ્યાપેલ) છે અને જ્યાં જીવતત્ત્વ હાજર છે ત્યાં જ સંવેદના થાય છે.

824. અમુક લોકો જીવતત્ત્વને નિત્ય-અપરિણામી માને છે જ્યારે અમુક લોકો જીવતત્ત્વને માત્ર પરિણામોના પ્રવાહરૂપ અનિત્ય (ક્ષણિક) માને છે. પરંતુ સમ્યક્રૂપથી જીવતત્ત્વ નિત્ય-પરિણામી છે અર્થાત્ તે નિત્ય તો છે જ સાથે પરિણમનશીલ પણ છે. જો આપણે સોનાની વીંટી તોડાવીને સોનાની બુટ્ટી બનાવીયે છીએ તો તેમાં સોનુ તો તે ને તે જ રહે છે માત્ર તે સોનાનું પરિણમન (આકાર) વીંટીથી બુટ્ટીરૂપ થાય છે.

825. અનેક લોકો જીવતત્ત્વને એકાંતે કર્તા અથવા અકર્તા માને છે. એક અપેક્ષાએ જીવતત્ત્વ પોતાનો કર્તા છે અને પરનો અકર્તા છે. બીજી અપેક્ષાથી અજ્ઞાની જીવ કર્તા છે અને જ્ઞાની જીવ અકર્તા છે. આ રીતે તમામ દૃષ્ટિકોણથી જીવતત્ત્વને યથાર્થરૂપે ન સમજીને જીવ પોતાનો અનંત

સંસાર વધારે છે અને પોતાનો અનંતકાળ દુ:ખમય બનાવે છે. આનાથી સર્વ જનોએ બચવું જોઈએ અર્થાત્ જીવતત્ત્વને સમગ્રતાથી (તમામ દૃષ્ટિકોણથી) ગ્રહણ કરવો જોઈએ.

826. જીવતત્ત્વ લોકની જેમ અસંખ્યાત પ્રદેશી છે. અનેક લોકો જીવતત્ત્વને શરીર જેટલો જ નાનો-મોટો માને છે. તેઓ જીવતત્ત્વની સંકોચ-વિસ્તાર શક્તિ ને જાણતા નથી કે જેના થકી જીવતત્ત્વ આપોઆપ જ પોતાને પ્રાપ્ત શરીર પ્રમાણ નાનો કે મોટો બનાવી લે છે.

827. જીવતત્ત્વમાં પાંચ ભાવો હોય છે. તે આ પ્રમાણે - પારિણામિક, ઔદયિક, ક્ષાયોપશમિક, ઔપશમિક અને ક્ષાયિક. જીવતત્ત્વ મૂળથી પારિણામિક ભાવનો જ બનેલ છે પરંતુ કર્મ ના ઉદય, ક્ષયોપશમ, ઉપશમ અથવા ક્ષયની અપેક્ષાથી અન્ય ચાર ભાવો કહેવાય છે.

828. જીવતત્ત્વ મૂળરૂપે પારિણામિક ભાવનો બનેલ હોવા છતાં તેની ગતિ, ઇન્દ્રિય, સંજ્ઞા, કાયા, પર્યાપ્તિ વગેરે અનુસાર અનેક ભેદ થાય છે. એ તમામ ભેદોને યથાર્થરૂપે સમજતા સંસારનું સ્વરૂપ સમજમાં આવે છે. તેનાથી જ સાચો વૈરાગ્ય જન્મે છે કે જેનાથી આત્મકલ્યાણ સંભવે છે.

829. સંપૂર્ણ લોક જીવોથી ઠસોઠસ ભરેલો છે. તે સૂક્ષ્મ અને બાદર એ બે રૂપે વિદ્યમાન છે. સૂક્ષ્મ જીવ એકેન્દ્રિય જ હોય છે, બાદર જીવ એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધી હોય છે. બાદર જીવ પૃથ્વી અને વિમાનના આધારે હોય છે અને સૂક્ષ્મ જીવ સંપૂર્ણ લોકમાં ઠસોઠસ ભરેલા છે. કેવલી સમુદ્ઘાતના સમયે જીવ પોતે એક સમય માટે સંપૂર્ણ લોકવ્યાપી થાય છે.

830. અજીવતત્ત્વના રૂપી અને અરૂપી એમ બે પ્રકાર છે. તેમાંથી એક માત્ર પુદ્ગલ તત્ત્વ જ રૂપી છે. અરૂપીના ચાર પ્રકાર છે - ધર્મ, અધર્મ, આકાશ અને કાળ. અંદાજે કહી શકાય કે - જેનું રૂપ દેખાય છે, ઇન્દ્રિયગ્રાહ્ય છે તે રૂપી છે અને જે દેખાતું નથી, ઇન્દ્રિયગ્રાહ્ય નથી તે અરૂપી છે.

831. આ જગતમાં જે પણ દેખાય છે એ તમામ પુદ્ગલના જ અલગ અલગ રૂપો છે. અમુક પુદ્ગલો સૂક્ષ્મ પણ હોય છે જે આપણને દેખાતા નથી પરંતુ તે સર્વાવધિ જ્ઞાનીને અવશ્ય દેખાય છે. પુદ્ગલમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંસ્થાન વગેરે હોય છે તેથી તેને રૂપી કહેવાય છે.

WWW.JAYESHSHETH.COM

832. લોકમાં પુદ્ગલો અનંતાનંત છે. તે એક એટલે કે પરમાણુના રૂપમાં પણ વિદ્યમાન છે અને અનેકોના સમૂહરૂપ સ્કંધ (પુદ્ગલાસ્તિકાય) રૂપે પણ વિદ્યમાન છે. અનંતાનંત પુદ્ગલોનો એવો પણ સ્કંધ હોય છે કે જે એક સમય માટે લોકવ્યાપી હોય છે.

833. ધર્મ, અધર્મ, આકાશ અને કાળમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વગેરે નથી હોતા તેથી તેને અરૂપી કહેવાય છે. તે છદ્મસ્થ ને નથી દેખાતા. તે કેવલજ્ઞાનના જ્ઞેય છે. (કેવલજ્ઞાનમાં જ જણાય છે.)

834. ધર્મ અથવા ધર્માસ્તિકાય (ધર્મનો સમૂહ) સંપૂર્ણ લોકમાં એક-અખંડ દ્રવ્ય તરીકે જ હોય છે, પૂર્ણ લોકવ્યાપી છે. તે ગતિપરિણીત (સ્વયં ગતિ કરતા) જીવ કે પુદ્ગલને ગતિ કરવામાં નિમિત્ત (facilitator) બનીને સહાય કરે છે. જેમ પાણી માછલીને ગતિમાં સહાયક થાય છે, તેવી જ રીતે ધર્માસ્તિકાય પણ જીવ અને પુદ્ગલ બન્નેને ગતિમાં સહાયક થાય છે.

835. ધર્માસ્તિકાય હંમેશા પોતાના પારિણામિકભાવમાં જ પરિણમતું રહે છે. લોકો ધર્માસ્તિકાય ને માને અથવા ન માને પરંતુ આ વાત ભગવાને જણાવેલ છે અને આજનું વિજ્ઞાન પણ તેને ઇથરના (ether - the upper regions of air beyond the clouds, medium of motion for light) રૂપે માને છે.

836. અધર્મ અથવા અધર્માસ્તિકાય (અધર્મનો સમૂહ) સંપૂર્ણ લોકમાં એક-અખંડ દ્રવ્ય તરીકે જ હોય છે, તે પૂર્ણ લોકવ્યાપી છે. તે સ્થિતિપરિણીત (સ્વયં સ્થિત) જીવ કે પુદ્ગલને સ્થિતિ કરવામાં નિમિત્ત (facilitator) બનીને સહાય કરે છે. જેવી રીતે ખુરશી બેસવા માટે સહાયક હોય છે, તેવી જ રીતે અધર્માસ્તિકાય જીવ અને પુદ્ગલને સ્થિતિમાં સહાયક હોય છે.

837. અધર્માસ્તિકાય હંમેશા પોતાના પારિણામિકભાવમાં જ પરિણમતું રહે છે. લોકો અધર્માસ્તિકાય ને માને અથવા ન માને પણ આ વાત ભગવાને જણાવેલ છે અને આજનું વિજ્ઞાન પણ તેને ગુરુત્વાકર્ષણના (gravity) રૂપે માને છે.

838. આકાશાસ્તિકાય (સંપૂર્ણ આકાશ) લોક તેમ જ અલોકમાં એક અખંડ જ છે, અનંત છે. તેના જેટલા ભાગમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, જીવ, પુદ્ગલ વગેરે હોય છે તે ભાગને લોકાકાશ

કહેવાય છે અને બાકી આકાશને અલોકાકાશ કહેવાય છે. તે અન્ય તમામ દ્રવ્યોને અવગાહનામાં નિમિત્ત (facilitator) બની સહાય કરે છે.

839. આકાશાસ્તિકાય હંમેશા પોતાના પારિણામિકભાવમાં જ પરિણમન કરતું રહે છે. લોકો લોકાકાશ અને અલોકાકાશને માને કે ન માને પરંતુ આ વાત ભગવાને જણાવેલ છે. આજનું વિજ્ઞાન પણ લોકાકાશને અનંત નથી માનતું કારણ કે લોકાકાશને અનંત માને તો તમામ દ્રવ્યો અનંત લોકાકાશમાં વેરવિખેર થઇ જાય.

840. કાળનો સ્વભાવ વર્તના છે. કાળનું વ્યવહારિક સ્વરૂપ ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ તથા સેકંડ, મિનિટ, કલાક, દિવસ, મહિના, ઋતુ, વર્ષ, યુગ વગેરે રૂપે પ્રચલિત છે. કાળ નવાને જૂનું કરે છે. કાળને દ્રવ્યની વર્તમાન પર્યાય રૂપે પણ ઓળખાય છે. નિશ્ચયથી કાળાણું સંપૂર્ણ લોકના દરેક પ્રદેશે વિદ્યમાન છે.

841. એક કાળાણું બીજા કાળાણુંથી સ્વતંત્ર હોય છે, તેઓ અસ્તિકાયરૂપે (સમૂહ રૂપે) નથી હોતા. કારણ કે વર્તમાન હંમેશા એક સમયનો જ હોય છે, બીજા સમયે તે ભૂતકાળ થઇ જાય છે. ભગવાને આંખના એક પલકારામાં અસંખ્યાત સમય જણાવ્યા છે. લોકો આ વાતને માને અથવા ન માને પણ આજનું વિજ્ઞાન પણ તેને નેનોસેકંડ (એક સેકંડના ૧૦૦૦૦૦૦૦૦૦મો ભાગ) રૂપે અવશ્ય સ્વીકાર કરે છે.

842. એક પક્ષ કાળને સ્વતંત્ર દ્રવ્ય માને છે અને બીજો પક્ષ તેને જીવ-અજીવના પર્યાયોના પ્રવાહ રૂપે માને છે. તમે કાળને બે માંથી ગમે તે રીતે માનો, તેથી આપના સમ્યગ્દર્શનમાં કોઈ ફરક પડતો નથી, તે માન્યતા બાધારૂપ થતી નથી. અર્થાત્ એ વાત આપણા માટે કાર્યકારી નથી, સમ્યગ્દર્શનમાં સહાયક નથી. કારણ કે સમ્યગ્દર્શનમાં સ્વનો નિર્ણય કાર્યકારી છે નહીં કે પરનો (કાળનો) નિર્ણય.

843. જે કારણે આત્મામાં કર્મોનું આવવું થાય છે તેને આસ્રવ કહેવાય છે. વૈકલ્પિક રીતે કર્મોનું આત્મા પ્રત્યે આકર્ષાવું પણ આસ્રવ કહેવાય છે. મુખ્યત: આકર્ષણના કારણો પાંચ છે. તે આ પ્રમાણે છે- મિથ્યાત્વ (પહેલું ગુણસ્થાનક), અવિરતિ (પાંચમા ગુણસ્થાનક સુધી), પ્રમાદ (છઠ્ઠા ગુણસ્થાનક સુધી), કષાય (દસમા ગુણસ્થાનક સુધી), અને યોગ (તેરમા ગુણસ્થાનક સુધી).

844. મુખ્યત: આત્મા મિથ્યાત્વાદિ કારણસહિત રાગ-દ્વેષ (વિષય-કષાય) કરે છે તેથી કર્મોનું આત્માની સમીપ આવવું (આકર્ષાવું) થાય છે. તેને જ આસ્રવ કહેવાય છે. જ્યાં સુધી જીવ પહેલા ગુણસ્થાનકવર્તી એટલે કે મિથ્યાત્વી હોય છે ત્યાં સુધી તેનામાં આસ્રવના પાંચે કારણો - મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, અને યોગ વિદ્યમાન હોય છે.

845. મિથ્યાત્વના ત્યાગ પછી એટલે કે સમ્યગ્દર્શનની (આત્મજ્ઞાનની) પ્રાપ્તિ પછીથી ચોથા અને પાંચમા ગુણસ્થાનકમાં આત્મા અનુક્રમે અવિરતિ અને દેશ અવિરતિ (દેશ વિરતિ) હોય છે. તેથી આ બે ગુણસ્થાનકોમાં આસ્રવના ચાર કારણો - અવિરતિ, પ્રમાદ, કષાય, અને યોગ વિદ્યમાન હોય છે.

846. આસ્રવના પાંચ કારણો - મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, અને યોગને જો ૯ની સંખ્યા આપીને કહીયે તો પાંચેય આસ્રવને ૯૯૯૯૯ એમ કહી શકાય. આમાંથી જ્યારે મિથ્યાત્વ જાય ત્યારે પહેલો ૯ નિકળે અને આસ્રવ માત્ર ૯,૯૯૯ જ રહી જાય. તેવી જ રીતે જીવ જ્યારે છઠ્ઠા ગુણસ્થાને પહોંચે છે ત્યારે બીજો ૯ નિકળી આસ્રવ માત્ર ૯૯૯ જ બચે છે. આ રીતે જીવ ગુણસ્થાન આરોહણ કરતો જાય છે ત્યારે એક-એક ૯ નિકળતો જાય છે અને ચૌદમા ગુણસ્થાનકે સંપૂર્ણ આસ્રવનો નિરોધ થઇ જાય છે.

847. જ્યારે આપણે દીક્ષા લઈયે છીએ એટલે કે આપણે સાધુ બનીયે છીએ ત્યારે આપણે દ્રવ્યરૂપથી તો મિથ્યાત્વ અને અવિરતિ આ બે આસ્ત્રવોનો અભાવ થઇ ગયો એમ માનીયે છીએ. તેથી જ કહેવાય છે કે “જે સાધુ બને તે મહાન છે”. હકીકતમાં તો સમજાય છે કે જો આપણે સમ્યગ્દર્શન અને વિરતિ પરિણામ સહિત સાધુ બનીયે તો જ મિથ્યાત્વ અને અવિરતિ આ બે આસ્ત્રવોનો અભાવ થાય છે, અન્યથા નહીં. તેથી આપણે કહી શકીયે કે સાધુ બનવાથી મોક્ષની ગેરંટી નથી મળતી, પરંતુ સમ્યગ્દૃષ્ટિ બનવાથી મોક્ષની પાક્કી ગેરંટી હોય છે. તેથી ખરેખર એમ કહેવું જોઈએ કે “જે સમ્યગ્દૃષ્ટિ બને તે મહાન છે”. તેથી એમ ન સમજવું કે અમે સાધુ બનવાની મનાઈ કરીયે છીએ, સાધુ બનવું તો સારું જ છે. પરંતુ જો સમ્યગ્દર્શન ન હોય તો માત્ર સાધુ બનીને પોતાને મહાન ન માનતા, એકમાત્ર સમ્યગ્દર્શનના લક્ષે સાધુત્વ પાળવું જોઈએ.

848. આત્મા સાથે કર્મોનું જે બંધન થાય છે તેને બંધ કહેવાય છે. વૈકલ્પિક રૂપથી જે કારણોથી કર્મોનું આત્માની સાથે જોડાણ થાય છે તે કારણોને પણ બંધ કહી શકાય છે. કર્મબંધ ચાર પ્રકારથી થાય છે - પ્રકૃતિ બંધ, સ્થિતિ બંધ, અનુભાગ બંધ અને પ્રદેશ બંધ.

849. પ્રકૃતિબંધ એટલે જ્ઞાનાવરણીય વગેરે આઠ કર્મપ્રકૃતિઓનો બંધ. સ્થિતિબંધથી એ નક્કી થાય છે કે તે કર્મો આત્માની સાથે કેટલા સમય (સ્થિતિ) સુધી જોડાયેલા રહેશે. અનુભાગબંધ એ નક્કી કરે છે કે તે કર્મો તીવ્ર, મંદ અથવા મધ્યમ વગેરે કેવું ફળ આપશે. પ્રદેશબંધથી એ નક્કી થાય છે કે બંધાવાવાળા કર્મદલિકોની સંખ્યા કેટલી હશે. પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ મન-વચન-કાયાના યોગને કારણે હોય છે તથા સ્થિતિબંધ અને અનુભાગબંધ કષાયના કારણે હોય છે.

850. કર્મોનું બંધન આત્માની ઉચ્ચ, મધ્યમ અને નીચ વગેરે સ્થિતિ અનુસાર થાય છે. ચોથા ગુણસ્થાનકે સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) થયા બાદ પાપકર્મોની સ્થિતિ અને અનુભાગ ઓછા થતા જાય છે. તે પછી ઉપર-ઉપરના ગુણસ્થાનકે પણ પાપનો બંધ ઓછો અને પુણ્યનો બંધ અધિકાધિક થતો જાય છે તથા પુણ્યનો તીવ્રતર અનુભાગ અને પાપનો મંદતર અનુભાગ બંધાતો જાય છે.

851. પુણ્યતત્ત્વ અને પાપતત્ત્વનો આસ્રવ-બંધમાં સમાવેશ થઇ જતો હોવા છતાં વિશેષ સ્પષ્ટીકરણ માટે તે બન્નેને અલગથી જણાવ્યા છે. કારણ કે પુણ્યથી ઇષ્ટસંયોગ અને અનિષ્ટવિયોગ થાય છે જ્યારે તેનાથી વિપરીત, પાપથી અનિષ્ટસંયોગ અને ઇષ્ટવિયોગ થાય છે. તેથી પુણ્યથી સુખ અને પાપથી દુ:ખ મળે છે એમ કહેવાય છે.

852. જોકે મોક્ષની (કર્મક્ષયની) અપેક્ષાએ પુણ્ય અને પાપ બન્ને કર્મો હોવાથી સમાનરૂપે હેય છે છતાં જ્યાં સુધી જીવ સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) પામતો નથી તથા જ્યાં સુધી જીવ સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા બાદ મોક્ષ પ્રાપ્ત કરતો નથી ત્યાં સુધી તે જીવને દુ:ખની અપેક્ષાએ સુખ સારૂં લાગે છે. એમ પણ સર્વ જીવોને દુ:ખ નહીં પણ સુખ જ પસંદ હોય છે. આ જ ફરક છે પુણ્ય અને પાપમાં.

853. પુણ્ય અનુકૂળ આકુળતા આપે છે અને પાપ પ્રતિકૂળ આકુળતા આપે છે. એ અપેક્ષાથી બન્ને આકુળતા આપે છે છતાં આધ્યાત્મિક માર્ગમાં પહેલા પાપ છૂટે છે પછી મોક્ષના લક્ષે પુણ્ય (શુભમાં રહેવું) હોય છે. શુદ્ધોપયોગમાં સ્થિત થયા પછી શુભભાવ પણ છૂટી જાય છે પરંતુ ત્યાર બાદ જ્યાં સુધી યોગ છે ત્યાં સુધી તે જીવ નિયમથી પુણ્યોપાર્જન જ કરે છે.

854. જીવના સારા અને ધર્માનુકૂળ ભાવોથી પુણ્ય બંધાય છે તથા ખરાબ અને ધર્મવિરુદ્ધ ભાવોથી પાપ બંધાય છે. આમપણ લોકમાં લોકો પણ સારાની જ પ્રશંસા કરે છે નહીં કે ખરાબની. તેનાથી પણ સમજાય છે કે અશુભની અપેક્ષાએ શુભ લૌકિક તેમ જ પરલૌકિક (પારમાર્થિક) બન્ને ક્ષેત્રમાં એક અપેક્ષાથી (શુદ્ધના લક્ષે) ઉપાદેય છે.

855. આ વાત સર્વવિદિત છે કે પુણ્યથી સાંસારિક સુખ મળે છે અને પાપથી દુ:ખ મળે છે. તેથી સમજાય છે કે પુણ્યથી નસીબ બને છે અને પાપથી નસીબ બગડે છે. આ વાત તમામ સુખના ઇચ્છુકોએ યાદ રાખવી જોઈએ અને પાપથી દૂર રહેવું જોઈએ.

856. સંસારના તમામ સુખો, જેમ કે માતા-પિતા, ધન-ધાન્ય, સંતાન, પત્નિ-પતિ, ઘરબાર, હીરા-ઝવેરાત, મિત્ર, ઉદ્યોગ-વ્યાપાર વગેરે તમામ સંયોગો પુણ્ય અને પાપથી જ નક્કી થાય છે. જો પુણ્ય ભરપૂર હોય તો બધું જ અનુકૂળ મળે છે અને જો પાપ ભરપૂર હોય તો બધું જ પ્રતિકૂળ મળે છે. જો બન્ને ઓછા-વધારે હોય તો કાંઈક અનુકૂળતા અને કાંઈક પ્રતિકૂળતા મળે છે. તેથી આપણી પ્રતિકૂળતા માટે બીજાને દોષ ન દેતા તેને પોતાના જ પૂર્વના પાપોનું ફળ માનવું જોઈએ અને 'ધન્યવાદ! સ્વાગતમ્!'નો '(Thank you! Welcome!)'નો ભાવ કરવો જોઈએ કે જેથી આપણે નવા પાપોથી બચી જઈએ.

857. દરેક વ્યક્તિએ પોતાના મનને બરોબર તપાસવું જોઈએ કે પોતાને સુખ જોઈએ છે કે દુ:ખ? જો ઉત્તરમાં એમ જણાય કે મને તો સુખ જ જોઈએ છે તો તે વ્યક્તિએ તમામ પ્રકારના પાપોથી બચવું જોઈએ. ખાસ કરીને સપ્ત મહાવ્યસન (જુગાર, દારૂ, માંસભક્ષણ, વેશ્યાગમન, ચોરી, શિકાર, પરસ્ત્રી કે પરપુરુષ ગમન), રાત્રિભોજન, કંદમૂળભક્ષણ, અભક્ષભક્ષણથી (અથાણા, પાપડ, મધ, માખણ, ચીજ વગેરેના સેવનથી) દૂર જ રહેવું જરૂરી છે. અને મોક્ષના લક્ષે સૌથી મોટું પાપ એવા મિથ્યાત્વના નાશનો પ્રયત્ન કરતા-કરતા યથાશક્ય પુણ્ય કરવું પણ જરૂરી છે.

858. જીવને પુણ્ય માત્ર થોડા કાળ માટે જ સંયોગી સુખ આપી શકે છે. પરંતુ જો તે જીવ ભવિષ્યમાં સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) પ્રાપ્ત કરીને મોક્ષ પ્રાપ્ત કરી લેતો નથી તો નિયમથી તે જીવ અમુક કાળ પછી એકેન્દ્રિયમાં જન્મ લેશે કે જ્યાં દુ:ખ જ દુ:ખ છે. અને જો તેણે સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) પ્રાપ્ત નથી કર્યું તો તેને એકેન્દ્રિયમાં અસંખ્યાત પુદ્ગલપરાવર્તન કાળ સુધી રહેવું પડી શકે છે. અને

તે એક પુદ્ગલપરાવર્તન કાળ પણ એવો છે કે જેના અનંતમાં ભાગમાં પણ વીસ ક્રોડા-ક્રોડી સાગરોપમના અનંત કાળચક્ર હોય છે. તેથી સમજાય છે કે સંસારમાં માત્ર પુણ્યના બળે અનંત કાળના દુ:ખથી બચી શકાતું નથી. અનંત કાળના દુ:ખથી બચવા માટે સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) અત્યંત-અત્યંત જરૂરી છે. તેથી સર્વે જનોએ પોતાનું પૂર્ણ જીવન સમ્યગ્દર્શનની (આત્મજ્ઞાનની) પ્રાપ્તિ માટે જ લગાડવું જોઈએ.

859. પુણ્ય અને પાપ બન્નેના બે બે પ્રકાર છે. એક પુણ્યાનુબંધી અને બીજો પાપાનુબંધી. અત્યારે બાંધેલા પુણ્ય કે પાપનો જ્યારે ઉદય થશે ત્યારે જો તે જીવને શુભભાવ થશે તો તેને ક્રમશ: પુણ્યાનુબંધી પુણ્ય અથવા પુણ્યાનુબંધી પાપ કહેવાય છે. તેવી જ રીતે અત્યારે બાંધેલા પુણ્ય કે પાપનો જ્યારે ઉદય થશે ત્યારે જો તે જીવને અશુભભાવ થશે તો તેને ક્રમશ: પાપાનુબંધી પુણ્ય અથવા પાપાનુબંધી પાપ કહેવાય છે.

860. પુણ્ય અને પાપ કર્મોનો બંધ જીવના વર્તમાન ભાવથી નક્કી થાય છે, અર્થાત્ વર્તમાન ભાવ જો શુભ હોય તો પુણ્ય કર્મ બંધાશે અને વર્તમાન ભાવ જો અશુભ હોય તો પાપ કર્મ બંધાશે. પરંતુ તેનો અનુબંધ તે જીવના અભિપ્રાયથી નક્કી થાય છે. અર્થાત્ જો અભિપ્રાય સમ્યક્ હોય તો પુણ્યાનુબંધી પુણ્ય અથવા પુણ્યાનુબંધી પાપ બંધાશે અને જો અભિપ્રાય મિથ્યા હોય તો પાપાનુબંધી પુણ્ય અથવા પાપાનુબંધી પાપ બંધાશે.

861. સમ્યક્ અભિપ્રાય માટે સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) હોવું જરૂરી છે. તેથી એ નક્કી થાય છે કે સમ્યગ્દર્શન વગર પુણ્ય અને પાપ બન્નેય પાપાનુબંધી જ બંધાશે. તેથી સાધક હોય કે સાધુ, સર્વ મોક્ષેચ્છુકોએ વર્તમાન જીવનમાં મોક્ષમાર્ગમાં પ્રવેશ માટે નિયમથી સમ્યગ્દર્શન પામવું અત્યંત આવશ્યક છે. તેથી આપણે આપણી તમામ ધાર્મિક ક્રિયાઓ એકમાત્ર મોક્ષના લક્ષે જ કરવી જોઈએ.

862. પુણ્યરૂપ અનુબંધને કુશલાનુબંધ પણ કહેવાય છે. તેથી એ સમજવું જરૂરી છે કે સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) વગર કુશલાનુબંધ હોવો શક્ય નથી. અને અત્ર સમ્યગ્દર્શન એટલે નિશ્ચય સમ્યગ્દર્શન જ સમજવું જરૂરી છે કે જેનું લક્ષણ સ્વાત્માનુભૂતિ છે. પછી જ્યાં સુધી સમ્યગ્દર્શન ટકે

WWW.JAYESHSHETH.COM

છે ત્યાં સુધી તેની પ્રતીતિ ટકી રહે છે. સ્વાત્માનુભૂતિ છ મહિનામાં એકવાર અવશ્ય થાય છે નહીં તો સમ્યગ્દર્શન ચાલ્યું જાય છે.

863. અમુક લોકો અમૃત અનુષ્ઠાનને (ભગવાનની સમક્ષ અશ્રુપાત થવો, રોમરોમ પુલકિત થવા, વગેરેને) પણ સમ્યગ્દર્શનનું (આત્મજ્ઞાનનું) લક્ષણ ગણાવે છે. એક આચાર્યભગવંતે પણ પ્રશ્નોતરીમાં આ વાત કહી છે. આ વાત અપેક્ષાથી સાચી હોઈ શકે છે. પરંતુ એકાંતે નહીં. કારણ કે એકાંતે અમૃત અનુષ્ઠાન કે જે બાહ્ય અંગ છે તેને જ સમ્યગ્દર્શનનું (આત્મજ્ઞાનનું) લક્ષણ માની લઈએ તો શાસ્ત્રોમાં જણાવેલ શુદ્ધોપયોગની જરૂરિયાત જ નહીં રહે. તેથી આપણે એ સમજવું જોઈએ કે અશ્રુપાતાદિ તો સમ્યગ્દર્શન સહિત પણ હોઈ શકે છે અને સમ્યગ્દર્શન વગર પણ હોઈ શકે છે. પરંતુ શુદ્ધોપયોગ હોય અને સમ્યગ્દર્શન ન હોય એવું ક્યારેય બનતું નથી. અર્થાત્ અશ્રુપાતાદિ સાથે સમ્યગ્દર્શનનો એવો અવિનાભાવી સંબંધ ન માની શકાય જેવો સમ્યગ્દર્શનનો શુદ્ધોપયોગ સાથે માનવામાં આવે છે.

864. સંવર તત્ત્વ એટલે કર્મોનો આસ્રવ (આવવું) આંશિકરૂપે અથવા પૂર્ણરૂપે રોકાઈ જવો. આસ્રવના પાંચ દ્વારો છે- મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ. આ કારણોનું આંશિક અથવા પૂર્ણપણે અટકવું જ સંવર કહેવાય છે. અને તેનું આંશિકરૂપે અથવા પૂર્ણરૂપે રોકાવું ગુણસ્થાનક આરોહણથી જ શક્ય બને છે, નહીં કે બીજી કોઈ રીતે. આપણે અનાદિથી અનંતવાર દીક્ષા ગ્રહણ કરી છે. પરંતુ યોગ્ય ગુણસ્થાનકની પ્રાપ્તિ વગર તે દીક્ષાઓ આપણા આત્મા માટે ફાયદાકારક સિદ્ધ થઇ નથી.

865. મિથ્યાત્વનો સંવર નિશ્ચય સમ્યગ્દર્શનથી (આત્મજ્ઞાનથી) જ થાય છે, નહીં કે વ્યવહાર સમ્યગ્દર્શનથી. અર્થાત દેવ-શાસ્ત્ર-ગુરુ-ધર્મની સ્વાત્માનુભૂતિ વગરની શ્રદ્ધાને કે નવ તત્ત્વોની સ્વાત્માનુભૂતિ વગરની શ્રદ્ધાને વ્યવહાર સમ્યગ્દર્શન કહેવાય છે. પરંતુ તેનાથી મિથ્યાત્વનો સંવર થતો નથી. તેથી સર્વ જનોએ પૂર્ણ જીવન સમ્યગ્દર્શનની (આત્મજ્ઞાનની) પ્રાપ્તિ અર્થે જ લગાવવું યોગ્ય છે. અન્યથા આપણે સ્વયં જ આપણા અનંત ભવિષ્યને દુ:ખમય બનાવવામાં નિમિત્ત બનીશું.

866. સમ્યગ્દર્શનની (આત્મજ્ઞાનની) પ્રાપ્તિ બાદ તે જીવના અભિપ્રાયમાં તો સર્વવિરતિનો જ ભાવ હોય છે. પરંતુ જ્યાં સુધી તે જીવ પોતાની નબળાઈના કારણે (ચારિત્રમોહનીય કર્મોના કારણે) દીક્ષા ગ્રહણ કરતો નથી ત્યાં સુધી તેને અવિરતિનો આસ્રવ રહે છે, એટલે કે અવિરતિનો સંવર નહીં થાય. અર્થાત્ સમ્યગ્દર્શનસહિત (આત્મજ્ઞાનસહિત) દીક્ષા ગ્રહણ કર્યા પછી જ અવિરતિનો સંવર થાય છે, અન્યથા નહીં. આ વાત સમજવી જરૂરી છે. તેથી આપણો પૂરો પુરુષાર્થ ફક્ત દીક્ષા ગ્રહણનો નહીં પરંતુ સમ્યગ્દર્શનસહિત દીક્ષા ગ્રહણનો હોવો જોઈએ કે જેથી આપણું અક્ષયકલ્યાણ (સિદ્ધત્વ) શકય બને.

867. સમ્યગ્દર્શનની (આત્મજ્ઞાનની) પ્રાપ્તિ બાદ તે જીવના અભિપ્રાયમાં તો સર્વવિરતિનો જ ભાવ હોય છે. પરંતુ જ્યાં સુધી તે જીવ પોતાની નબળાઈના કારણે (ચારિત્રમોહનીય કર્મોના કારણે) દીક્ષા ગ્રહણ કરતો નથી ત્યાં સુધી તે પોતાની શક્તિ અનુસાર દેશવિરતિ પણ ગ્રહણ કરી શકે છે. તે જીવને જેટલી વિરતિ હશે તેટલો સંવર અવશ્ય થશે. અર્થાત્ અવિરતિનો દેશસંવર થશે.

868. સમ્યગ્દર્શનસહિત (આત્મજ્ઞાનસહિત) દીક્ષા ગ્રહણ કર્યા બાદ છઠ્ઠે-સાતમે ગુણસ્થાનકે ઝૂલતો જીવ જ્યારે સાતમા ગુણસ્થાનકે હોય છે ત્યારે તેને પ્રમાદનો સંવર થાય છે. તેથી સાતમા ગુણસ્થાનકને અપ્રમત્ત ગુણસ્થાનક કહેવાય છે. અર્થાત્ છઠ્ઠા ગુણસ્થનાક સુધી પ્રમાદનો આસ્રવ હોય છે.

869. સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) પ્રાપ્ત જીવ જ્યારે સાતમાં ગુણસ્થાનકથી ઉપર ચઢે છે ત્યારે દસમા ગુણસ્થાનક સુધી તેમને સૂક્ષ્મ કષાય હોય છે. તેથી દસમા ગુણસ્થાનકનું નામ સૂક્ષ્મસામ્પરાય ગુણસ્થાનક છે. જીવને દસમા ગુણસ્થાનક સુધી કષાયનો આસ્રવ હોય છે. કષાયનો પૂર્ણ સંવર નથી હોતો. કષાયનો પૂર્ણ સંવર દસમા ગુણસ્થાનક પછી જ થાય છે. ત્યાં સુધી જેટલી કષાયનો ક્ષય અથવા ઉપશમ હોય છે તેટલો કષાયનો સંવર અવશ્ય હોય છે, અર્થાત્ કષાયનો દેશસંવર હોય છે.

870. સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) પ્રાપ્ત જીવ જ્યારે ક્ષપકશ્રેણી ચઢીને તેરમા ગુણસ્થાનકમાં આવે છે ત્યારે એમને કેવળજ્ઞાન-કેવળદર્શનની પ્રાપ્તિ થાય છે પરંતુ ત્યારે તેમને શરીર નો સંયોગ હોવાથી પૂર્ણરૂપે યોગનો સંવર નથી થતો. જ્યારે આ જીવ ચૌદમા ગુણસ્થાનકે પ્રવેશ કરે છે ત્યારે એને યોગ

આસ્રવનો સંવર થાય છે. તેથી ચૌદમા ગુણસ્થાનકનું નામ અયોગકેવળી ગુણસ્થાનક છે. આ રીતે એ જીવને ચૌદમા ગુણસ્થાનકે સમસ્ત આસ્રવોનો સંવર થાય છે અને અંતર્મુહૂર્તમાં જ તે જીવ સિદ્ધત્વ પ્રાપ્ત કરે છે, મુક્ત થાય છે. આ જ મુક્તિ આપણા સૌનું લક્ષ્ય હોવું જોઈએ.

871. મુક્તિ (મોક્ષ-સિદ્ધત્વ) માટે સાચા (કાર્યકારી) સંવરનું બહુ જ મહત્વ છે. તેથી સંવરને નવ તત્ત્વોમાં ઉપાદેયની શ્રેણીમાં રાખ્યુ છે. અજ્ઞાની જીવને કાર્યકારી સંવરની પ્રાપ્તિ માટે સૌથી પહેલા નિશ્ચય સમ્યગ્દર્શનની (આત્મજ્ઞાનની) પ્રાપ્તિ જરૂરી છે. નિશ્ચય સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા પછી અવિરતિના સંવર માટે છઠ્ઠા ગુણસ્થાનકસહિતની દીક્ષા જરૂરી છે. આ રીતે મુક્તિ માટે એક પછી એક આસ્રવોના સંવર માટે આગળ વધતા-વધતા અંતે મુક્તિ જ પ્રાપ્ત કરવાની છે. તેથી અનેક લોકો મોક્ષને જ પરમ (સર્વદેશ) ઉપાદેય કહે છે અને સંવર તથા નિર્જરાને એકદેશ ઉપાદેય કહે છે.

872. નિર્જરા એટલે આત્માની સાથે બંધાયેલા કર્મોનું આંશિક રૂપે ખરી જવું. નિર્જરાના બે પ્રકાર છે - અકામ નિર્જરા અને સકામ નિર્જરા. અકામ નિર્જરા બધા સંસારી જીવોને થાય છે અને સકામ નિર્જરા ચતુર્થાદિ ગુણસ્થાનક આરોહણથી જ થાય છે, નહીં કે બીજી કોઈ રીતે. અનાદિથી આપણે અનંતીવાર દીક્ષા ગ્રહણ કરી પરંતુ ચતુર્થાદિ ગુણસ્થાનક પ્રાપ્ત કર્યા વગરની તે દીક્ષાઓ આપણા આત્મહિતમાં કાર્યકારી ન થઇ કારણ કે તેનાથી નિર્જરા ચોક્કસ થઇ હશે પરંતુ ગુણસ્થાનક આરોહણથી જે ગુણશ્રેણી નિર્જરા થાય છે તે ન થવાથી તે દીક્ષાઓ કાર્યકારી ન થઇ. કામ ન થયું.

873. ગુણશ્રેણી નિર્જરા સમ્યગ્દર્શનની (આત્મજ્ઞાનની) પ્રાપ્તિ થયા બાદ જ થાય છે. ગુણશ્રેણી નિર્જરા ચોથા ગુણસ્થાનકથી ઉપર-ઉપરના ગુણસ્થાનાકોમાં અધિકાધિક થતી જાય છે. જેમ-જેમ આત્માની વિશુદ્ધિ વધતી જાય છે તેમ-તેમ ગુણશ્રેણી નિર્જરા પણ અધિકાધિક થતી જાય છે. તેથી સર્વ જીવોએ પોતાના આત્માની વિશુદ્ધિ વધારતા રહેવી જોઈએ. એવો જ પુરુષાર્થ સર્વ સાધકો માટે કર્તવ્ય છે.

874. કર્મોથી સંપૂર્ણ મુક્તિને મોક્ષ કહેવાય છે. તમામ આસ્રવોનો સંવર થઇ જવાથી અન્તર્મુહૂર્તમાં સંપૂર્ણ કર્મોનો ક્ષય (નિર્જરા) થઇ જાય છે. તેને જ મોક્ષ કહેવાય છે. તે જ સમયે સત્-ચિત્-આનંદ-

WWW.JAYESHSHETH.COM

સ્વરૂપ આત્મા લોકાગ્રે પહોંચીને અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંત વીર્યમાં સાદિ અનંત કાળ માટે સ્થિત થઇ જાય છે.

875. સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) મોક્ષમાર્ગનો દરવાજો છે. તેથી જેમને મુકત થવું છે તેમને સૌથી પહેલા સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરવી જરૂરી છે નહીં કે દીક્ષાની. અનેક લોકો કહે છે કે મોક્ષ જોઈએ તો દીક્ષા તો લેવી જ પડશે, દીક્ષા લીધા વગર તમે મોક્ષે જઇ નહીં શકો. તેથી તેઓ એમ પણ કહે છે કે "જે સાધુ બને તે મહાન છે." આવા લોકોએ એ સમજવું જરૂરી છે કે જેમને સમ્યગ્દર્શન થયું છે તેમના અભિપ્રાયમાં દીક્ષા તો હોય જ છે પરંતુ તેઓ ત્યાં સુધી દીક્ષા નથી લેતા જ્યાં સુધી એમને પાકી ખાત્રી ન થઇ જાય કે હું દીક્ષા લઈને પૂર્ણરીતે પાળી શકીશ અને હું સાચે જ છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકનો આનંદ લઇ શકીશ. તેઓ માટે દીક્ષા એ અપૂર્વ આનંદનો અવસર છે નહીં કે બીજી કોઈ ઇચ્છા કે આશા કે અપેક્ષાનો. આપણે અભ્યાસ માટે અથવા પાપથી બચવા જરૂર દીક્ષા લઇ શકીએ છીએ પરંતુ જો આપણી એવી જ માન્યતા રહે કે આપણે દીક્ષા લઇ લીધી છે તેથી હવે આપણું કલ્યાણ નિશ્ચિત જ છે. તો આપણે તે માન્યતાને ઠીક કરવાની જરૂર અવશ્ય જ છે. અન્યથા આવી માન્યતા આપણને અનંત સંસારમાં ભટકાવી શકે છે. આવી માન્યતાને કારણે આપણી પૂરી શક્તિ દીક્ષાપ્રાપ્તિ ઉપર જ કેન્દ્રિત થશે નહીં કે સમ્યગ્દર્શન પ્રાપ્તિ ઉપર કે જે મોક્ષમાર્ગનો દરવાજો છે. આ જ આપણી અનાદિની કથા છે, પણ હવે નહીં. ક્યારેય એવી ભૂલ નહીં કરૂં.

876. શીલભંગ એટલે અનૈતિક અથવા અવૈધ (ગેરકાયદેસર) શારીરિક સંબંધમાં મન, વચન અથવા કાયાથી જોડાવું.

877. શીલભંગ પાપબંધનું કારણ બને છે અને તે સમાજમાં પણ અસ્વીકાર્ય છે. તેનાથી સમાજમાં એ વ્યક્તિની બદનામી પણ થાય છે.

878. શીલભંગના આપણા અનાદિના સંસ્કાર છે. અનાદિથી આપણને મૈથુન સંજ્ઞા નામનો રોગ લાગેલો છે.

879. સાધક માટે શીલરક્ષા જરૂરી છે કારણ કે શીલભંગ તીવ્ર મોહનું કારણ બની શકે છે.

880. શીલભંગથી પાપકર્મોનો બંધ થાય છે, જેનાથી ભવિષ્યમાં દુ:ખ અને નિગોદ પ્રાપ્ત થાય છે. તેથી બધા માટે શીલભંગથી બચવું જરૂરી બની જાય છે.

881. શીલભંગથી ક્ષણિક સુખ મળી પણ જાય તોય તે દુ:ખદાયી હોય છે કારણ કે તે સુખ ભોગવવાથી તેની ફરી ફરી ઇચ્છા થતી રહે છે અને તે ઇચ્છા પણ દુ:ખ દેવાવાળી છે. શીલભંગની ઇચ્છા અને ભોગ બન્નેય પાપબંધના કારણ છે. જેનાથી ભવિષ્યમાં દુ:ખ અને નિગોદ પ્રાપ્ત થાય છે. તેથી બધા માટે શીલભંગથી બચવું જરૂરી બની જાય છે.

882. શીલભંગ એ સુખનો આભાસ માત્ર છે. તે દુ:ખ ઉત્પન્ન કરવાનું સાધન બની જાય છે. જેનાથી ભવિષ્યમાં દુ:ખ અને નિગોદ પ્રાપ્ત થાય છે. આ કારણે બધા માટે શીલભંગથી બચવું જરૂરી બની જાય છે.

883. શીલરક્ષા માટે સાધકે વિજાતીય વ્યક્તિ સાથે એકલામાં મળવાનું ટાળવું જોઈએ. વિજાતીયને એકીટશે જોવાનું પણ ટાળવું જોઈએ.

884. શીલરક્ષા આપણી અનાદિની મૈથુન સંજ્ઞા ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે અત્યંત જરૂરી છે.

885. શીલરક્ષા માટે સાધકે સાત્વિક ભોજન કરવું જોઈએ. રાત્રિભોજનનો ત્યાગ અવશ્ય કરવો જોઈએ. શક્ય હોય તો સાંજનું જમવાનું પણ સાંજે ચાર વાગ્યા પહેલા કરી લેવું જોઈએ.

886. શીલરક્ષા માટે સાધકે સાત્વિક ફિલ્મો જ જોવી જોઈએ. એ ફિલ્મો શીલભંગને સીધી કે આડકતરી રીતે પ્રોત્સાહન આપવાવાળી ન હોવી જોઈએ.

887. શીલરક્ષા માટે સાધકે પોતાનું જીવન સાદાઈથી જીવવું જોઈએ. વધુ પડતો સાજ-શણગાર કરવાથી આપણી બીજા માટે આકર્ષણના પાત્ર બનવાની સંભાવના વધી જાય છે, તેથી શીલભંગની સંભાવના પણ વધી જાય છે.

888. લોકો પોતાની વ્યક્તિગત સ્વતંત્રતાનો હવાલો દઇને શારીરિક પ્રદર્શન કરતા કપડાં પહેરે છે. તેનાથી તેમની બીજા માટેના આકર્ષણના પાત્ર બનવાની સંભાવના વધી જાય છે, જેથી શીલભંગની સંભાવના પણ વધી જાય છે. આપણે કોઈ પણ કિંમતી વસ્તુ, જેમ કે રૂપિયા, હિરા-

ઝવેરાત, સોનું, ચાંદી વગેરેને ખુલ્લામાં લઈને બહાર નથી નીકળતા, પરંતુ તે દેખાઈ ન જાય તેવી રીતે ચીવટથી તેને લપેટીને બહાર લઇ જઈએ છીએ. તેવી જ રીતે આપણે સૌથી મૂલ્યવાન એવા આ શરીરને પણ પૂરા કપડાં પહેરાવીને જ બહાર નીકળવું જોઈએ.

889. અમે કોઈની સ્વતંત્રતાની વિરૂદ્ધ નથી, પરંતુ વ્યક્તિગત સ્વતંત્રતાના નામે સ્વચ્છંદતા ન તો ઉચિત છે અને ન તો સમાજમાં પણ સ્વીકાર્ય છે. તેથી બધાએ પોતાના વિવેક અનુસાર યોગ્ય કપડાં પહેરવા જોઈએ. કે જેથી તેઓ પોતાના અને અન્યના શીલભંગમાં નિમિત્ત ન બને.

890. શીલરક્ષામાં મનની ભૂમિકા બહુ મોટી છે. અનેક સાધકો શીલરક્ષા માટે તપ કરતા રહેવા છતાં પણ મનમાં વિજાતીયના વિચારોથી હેરાન-પરેશાન રહે છે. તેનું કારણ એ છે કે તેઓ પોતાના મનને વિજાતીયના આકર્ષણથી મુક્ત કરી શક્યા નથી હોતા.

891. શીલરક્ષામાં મનની ભૂમિકા બહુ મોટી છે. તેથી સાધકે બાર ભાવના દ્વારા, ખાસ કરીને અશુચિ ભાવના દ્વારા પોતાના મનને વિજાતીયના કે સજાતીયના શારીરિક સંબંધોના આકર્ષણથી વિમુખ કરતા રહેવું જોઈએ અને મનને વધુને વધુ આત્મકેન્દ્રિત વિચારોમાં મગ્ન રાખવું જોઈએ.

892. બીજાના પ્રત્યે ચીડ રાખીને અથવા બધા પ્રત્યે ચિડચિડીયાપણું રાખીને આપણે આપણા જ વર્તમાન અને ભવિષ્યને બગાડવા માટે કારણભૂત બનીયે છીએ.

893. જ્યારે આપણે કોઈ પ્રત્યે ચીડ રાખીએ છીએ તો પાપકર્મોનો બંધ થાય છે. આ રીતે ચીડથી વર્તમાનમાં આપણી મનોદશા ખરાબ થાય છે કે જેનાથી આપણે દુ:ખી થઇએ છીએ અને વર્તમાનમાં બાંધેલા પાપના ઉદયથી ભવિષ્યમાં પણ દુ:ખ મળી શકે છે.

894. જ્યારે આપણે બધા પ્રત્યે ચિડચિડીયાપણું રાખીએ છીએ ત્યારે વર્તમાનમાં એ ચિડચિડીયાપણાથી દુ:ખી રહીએ છીએ અને બીજાને પણ દુ:ખી કરીએ છીએ કે જેનાથી આપણને પાપકર્મોનો બંધ થાય છે. જેથી આપણને ભવિષ્યમાં પણ દુ:ખ મળી શકે છે. આનાથી નક્કી થાય છે કે ચિડચિડીયાપણું રાખવું આપણા માટે બહુજ મોટું જોખમ છે.

895. ચિડચિડીયાપણું રાખવાથી દુ:ખી થવાનું જોખમ તો રહે જ છે. તે ઉપરાંત પોતાની અક્ષય કલ્યાણરૂપી આત્મપ્રાપ્તિમાં પણ બાધા ઉત્પન્ન થાય છે. તેથી આપણી મનોવૃત્તિ બદલવી અત્યંત જરૂરી છે.

896. ચિડચિડીયાપણું રાખવાથી સામેવાળાનું કાંઈ જ ખરાબ થતું નથી પણ આપણું જ ખરાબ થાય છે. આ વાત જેમને સમજમાં આવી જાય છે તે આ જીવનને શાંતિથી જીવી શકે છે. અને પોતાનું ભવિષ્ય પણ ઉજ્જ્વળ બનાવી શકે છે. તો પછી આપણને ચિડચિડીયાપણાથી બચાવવામાં કોણ બાધક છે? આપણે પોતે જ બાધક છીએ. તેથી આપણે આપણી મનોવૃત્તિ બદલવી અત્યંત જરૂરી થઇ જાય છે.

897. આપણે એ સમજવાની જરૂરત છે કે પુણ્યોદય વગર આપણી મન-મરજી અનુસાર કાર્ય થતું નથી અને આપણને અનુકૂળ સંયોગો પણ મળતા નથી. તેમાં બીજા પ્રત્યે ચીડાવાની ક્યાં જરૂર છે? દોષ આપણા પાપોદયનો છે અને આપણે ચીડાઈએ છીએ બીજા ઉપર. શું આ તર્કસંગત છે? નથી જ.

898. જેમનો ચિડચિડીયો સ્વભાવ હોય તેમણે એ સમજવું જોઈએ કે તેમણે સપનામાં પણ પાપ કરતા ડરવું જોઈએ. અર્થાત્ આવા લોકોએ દરેક પળે જાગૃત રહેવાનું છે કે કોઈ પણ મોટું પાપ ન થઇ જાય, કોઈ પણ જઘન્ય અપરાધ ન થઇ જાય કે જેથી તેમને ભવિષ્યમાં દુ:ખ સહન કરવું પડે કે જેનાથી ચિડચિડીયાપણું થાય.

899. તર્કસંગત વાત એ છે કે જ્યારે પાપોદયના કારણે આપણી મન-મરજી અનુસાર કાર્ય ન થતું હોય ત્યારે પહેલા તો આપણે આપણા જૂના પાપોની માફી માંગવી જોઈએ. બીજું, આપણે એમ વિચારવું જોઈએ કે હવે ભવિષ્યમાં હું આવા પાપ ક્યારેય નહીં કરૂં કે જેથી આપણને ફરીથી આવા સંયોગો જ ન મળે. ત્રીજું અને સૌથી મહત્વપૂર્ણ કામ એ કરવાનું છે કે આવા સંયોગો માટે જે પણ નિમિત્ત બન્યા હોય તેમને આપણા પાપ ધોવામાં સહાયક માનીને, પોતાના મનમાં એમના પ્રત્યે ઉપકાર ભાવ લાવીને, તેમને મનમાં જ ધન્યવાદ આપવાના છે કે જેથી આપણને એમના પ્રત્યે ચીડ કે રોષ થાય જ નહીં. આનાથી આપણા જૂના પાપો ધોવાય જશે અને નવાં પાપકર્મ બાંધતા

બચી જઈશું કે જેનાથી આપણું વર્તમાન અને ભવિષ્ય બન્નેય સુધરી જશે અને આત્મપ્રાપ્તિના પુરુષાર્થમાં આપણા ભાવો પણ બાધક નહીં બને.

900. ચિડચિડીયાપણું રાખવાવાળાને ટોકવાથી એમનું ચિડચિડીયાપણું વધે છે, ઘટતું નથી. તેથી એ સમયે આપણે શાંત રહીને 'ધન્યવાદ! સ્વાગતમ્! (Thank you! Welcome!)' કરવું જોઈએ. પછી જ્યારે તે શાંત થઇ જાય ત્યારે આપણે તેમને પ્રેમથી સમજાવી શકીએ છીએ. જો તેમને તે જ સમયે ટોકવામાં આવે તો એમનો ગુસ્સો વધી જશે કે જેથી એમનું ચિડચિડીયાપણું પણ વધશે.

901. બધાથી ચિડાઈ જવાવાળા પણ ક્યારેક-ક્યારેક મજબૂરીથી શાંત રહે છે. પરંતુ એમના મનમાં તો રોષ ભરેલો જ રહે છે કે જેનાથી એમને પાપબંધ થાય છે. આવા જીવ વર્તમાનમાં તો દુ:ખી હોય જ છે અને પાપબંધના કારણે ભવિષ્યમાં પણ દુ:ખી થાય છે.

902. પુણ્યના ઉદયથી આપણને ધન પ્રાપ્ત થાય છે અને આપણે એ ધનને મોજ-શોખમાં ખર્ચીને પાપ બાંધીએ છીએ. તે પાપથી આપણને ભવિષ્યમાં દુ:ખી અને નિર્ધન અવસ્થા મળી શકે છે. આમાં ક્યાં સમજદારી છે? મહેરબાની કરીને સમજદાર બનો.

903. પુણ્યના ઉદયથી આપણને ધન પ્રાપ્ત થાય છે અને આપણે એ ધનને આપણા અહંકારની પુષ્ટિ માટે અને આપણું વર્ચસ્વ જમાવવા માટે ધર્મના ક્ષેત્રમાં ખર્ચીને પણ પાપનો બંધ કરી લઈએ છીએ. તે પાપથી આપણને ભવિષ્યમાં દુ:ખી અને નિર્ધન અવસ્થા મળી શકે છે. આમાં ક્યાં સમજદારી છે? મહેરબાની કરીને સમજદાર બનો.

904. પુણ્યના ઉદયથી આપણને ધન પ્રાપ્ત થાય છે અને આપણે એ ધનને ધર્મમાં રાજનીતિ માટે, ધર્મસ્થાનકમાં-મંદિરમાં સત્તા હથિયાવી લેવા ધર્મના ક્ષેત્રમાં ખર્ચીને પણ પાપનો બંધ કરી લઈએ છીએ. તે પાપથી આપણને ભવિષ્યમાં દુ:ખી અને નિર્ધન અવસ્થા મળી શકે છે. આમાં ક્યાં સમજદારી છે? મહેરબાની કરીને સમજદાર બનો.

905. પુણ્યના ઉદયથી આપણને ધન પ્રાપ્ત થાય છે પણ આપણે એમ સમજીએ છીએ કે બીજાનું શોષણ કર્યું, એમની પાસેથી વધુ પડતું કામ લીધું તેથી આપણે વધુ ધન કમાયા. તેનાથી આપણને

WWW.JAYESHSHETH.COM

પાપનું બંધન થાય છે. તે પાપથી આપણને ભવિષ્યમાં દુ:ખી અને શોષિત અવસ્થા મળી શકે છે. આમાં ક્યાં સમજદારી છે? મહેરબાની કરીને સમજદાર બનો.

906. સાચી સમજદારી એ છે કે પુણ્યના ઉદયથી આપણને જે પણ ધન-સંપત્તિ પ્રાપ્ત થઇ છે તેને આપણે આપણી જરૂરત ઉપર ખર્ચ કરી શકીએ છીએ અને આપણા ભવિષ્યની જરૂરિયાતો માટે રાખીને, બાકીની ધન-સંપત્તિ આપણું નામ આપ્યા વગર એકમાત્ર આત્મપ્રાપ્તિના લક્ષે ધર્મક્ષેત્ર, ધર્મસ્થાન, જ્ઞાનદાન, સાધર્મિક ભક્તિ, કરૂણાદાન, જરૂરતમંદોને મદદ વગેરેમાં વાપરવી જોઈએ. તેનાથી આપણને પુણ્ય બંધાય છે અને ભવિષ્યમાં તે પુણ્યના કારણે આપણને સુખ અને ધન તો મળે જ છે, સાથે-સાથે એકમાત્ર આત્મપ્રાપ્તિના લક્ષના કારણે આપણને સૌથી અધિક કિંમતી (મૂલ્યવાન) એવો મોક્ષમાર્ગ પણ મળે છે કે જેનાથી ભવિષ્યમાં આપણને અનંત અવ્યાબાધ સુખ એટલે કે મોક્ષ મળે છે.

907. સાચી સમજદારી એ છે કે પુણ્યના ઉદયથી આપણને જે પણ ધન-સંપત્તિ પ્રાપ્ત થવાની હોય તે થાય પરંતુ આપણે ક્યારેય કોઈનું શોષણ ન કરીએ કારણ કે જો આપણે કોઈનું પણ શોષણ કરીશું તો આપણે પણ ભવિષ્યમાં શોષિત થવા માટે તૈયાર રહેવું પડશે. શું આપણને શોષિત થવું મંજૂર છે? જો ના, તો પછી આપણે પણ ક્યારેય કોઈનું શોષણ ન કરવું જોઈએ.

908. અનેક લોકો ધનનો ઉપયોગ વિશ્વપર્યટનમાં કરે છે, પરંતુ તેઓ અજ્ઞાનવશ પોતાના અનંતકાળ માટેના દુ:ખોનું આરક્ષણ કરી લે છે. કારણ કે જ્યાં આસક્તિ ત્યાં જ ઉત્પત્તિના સિદ્ધાંત અનુસાર પર્યટનમાં એમને જે પણ કુદરતી સૌંદર્ય દેખાય છે અને તેના પ્રત્યે તેઓને આકર્ષણ થાય છે ત્યાં પથ્વી, પાણી, વનસ્પતિ આદિમાં તેમનું જન્મ લેવાનું નક્કી થઇ જાય છે. એક વાર એકેન્દ્રિયમાં જન્મ લીધા પછી એકેન્દ્રિય ગતિમાંથી બહાર નિકળવું બહુ જ અઘરું છે.

909. જો આપણે કોઈ પણ કારણવશ વિશ્વપર્યટનમાં જવું પણ પડે તો પણ ત્યાં આપણને પ્રાકૃતિક સૌન્દર્ય નહીં પણ અસંખ્ય એકેન્દ્રિય જીવરાશિના દુ:ખો દેખાવા જોઈએ. એમના પ્રત્યે કરૂણા આવવી જોઈએ કારણ કે તે જ આપણો પણ ભૂતકાળ છે. અને જો સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને મોક્ષ પ્રાપ્ત નથી કરતા તો આપણું ભવિષ્ય પણ તે જ છે. આત્મપ્રાપ્તિના લક્ષે આ રીતે ચિંતન કરવાથી આપણે એકેન્દ્રિય ગતિથી બચી શકીએ છીએ.

910. અનેક લોકો ધનનો ઉપયોગ યથેચ્છ ખાવા-પીવામાં કરે છે તેનાથી તેઓ આ ભવમાં રોગગ્રસ્ત થઇને દુ:ખી થાય છે અને અજ્ઞાનવશ તેઓ ભક્ષ્ય-અભક્ષ્યના વિવેકને ભૂલીને પોતાના અનંતકાળ માટે દુ:ખોનું આરક્ષણ પણ કરી લે છે. આમાં ક્યાં સમજદારી છે? મહેરબાની કરીને સમજદાર બનો.

911. સાચી સમજદારી એ છે કે ખાવા-પીવાની બાબતમાં આપણે ભક્ષ્ય-અભક્ષ્યના વિવેક અનુસાર આપણા શરીરને સાધન અને ભોજનને ઈંધણ (fuel) માનીને ખાવું-પીવું જોઈએ. અને ભવિષ્યમાં અણાહારી (સિદ્ધ) બનવાના લક્ષે જીવન જીવવા માટે શરીરને સાધન બનાવવું જોઈએ.

912. ધનની પાછળ ભાગવાવાળાઓને પણ ધન તો પુણ્યોદયથી જ મળે છે. જો તેઓને પાપનો ઉદય હોય તો તેમને ધનપ્રાપ્તિ નહીં થાય કે જેથી તેઓ દુ:ખી થશે. તેથી તેમને નવો પાપબંધ થશે. ધન મળે કે ન મળે પરંતુ બન્ને સંયોગોમાં તેમને ધનની પાછળ ભાગવાથી પાપબંધ તો અવશ્ય થશે. આમાં ક્યાં સમજદારી છે? મહેરબાની કરીને સમજદાર બનો.

913. સાચી સમજદારી એ છે કે આપણે આપણો ઓછામાં ઓછો સમય ધનાર્જનમાં લગાવીએ અને વધુમાં વધુ સમય સત્ય-ધર્મની પ્રાપ્તિમાં લગાવીએ. જેથી આપણને આપણા પુણ્યોદય અનુસાર ધનની પ્રાપ્તિ પણ થશે અને પાપબંધ પણ ઓછામાં ઓછો થશે. આપણે જે પણ સમય સત્ય-ધર્મની પ્રાપ્તિમાં લગાવીશું તેનાથી આપણને મોક્ષમાર્ગની પ્રાપ્તિની સાથે પુણ્ય પણ અર્જિત થશે. જેનાથી આપણને ભવિષ્યમાં મોક્ષપ્રાપ્તિ ન થાય ત્યાં સુધી અનુકૂળ સંયોગો પણ પ્રાપ્ત થશે. આપણે જાણીએ છીએ કે એક માત્ર આત્મપ્રાપ્તિના લક્ષે થયેલ પુણ્યથી ભવિષ્યમાં આપણને સુખ અને ધનતો મળે જ છે પણ સૌથી વધુ મૂલ્યવાન એવો મોક્ષમાર્ગ પણ મળશે કે જેનાથી આપણને ભવિષ્યમાં અનંત આવ્યાબાધ સુખ એટલે કે મોક્ષ મળશે.

914. એકાંત પ્રરૂપણા આપણને સમ્યક્ સમજ તરફ ન લઇ જઇ શકે.

915. એકાંત પ્રરૂપણા એક અપેક્ષાથી સાચી હોય શકે છે. તેથી તે અપેક્ષાએ આપણે તેને સાચી માની શકીએ. પરંતુ તે અપેક્ષા વગર તેને સાચી ન માની શકાય, અર્થાત્ એકાંતે તેને સાચી ન માની શકાય.

916. કર્મનયથી આપણે એમ કહી શકીએ છીએ કે "જૂના કર્મોથી નવા કર્મો બંધાય છે" અને તેથી જ આપણે અનાદિથી આજ સુધી સંસારમાં રખડીએ છીએ. કારણ કે જ્યારે જૂના કર્મોના ઉદયમાં જીવ જોડાય છે ત્યારે નવા કર્મો બંધાય છે. પરંતુ જીવ સત્ય-ધર્મના પુરુષાર્થથી જૂના કર્મોના ઉદય પહેલા જ તેને નિરસ્ત (નિર્જરા) કરી શકે છે. અથવા જીવ તેને પ્રદેશ ઉદયથી પણ ભોગવી શકે છે કે જેથી તે જીવ નવા કર્મબંધથી બચી શકે છે.

917. જો આપણે એકાંતે એમ માનીએ કે "જૂના કર્મોથી નવા કર્મો બંધાય છે" અને તેથી જ આ સંસાર ક્યારેય રોકી ન શકાય અને સંસારિક રખડપટ્ટી ક્યારેય અટકાવી ન શકાય તો પછી આપણે ક્યારેય સત્ય-ધર્મ અનુસાર પુરુષાર્થ કરવા પ્રેરિત નહીં થઈએ કે જે સંસારમુક્તિ માટે પરમ આવશ્યક છે. જો આપણે મુક્તિ પ્રાપ્ત ન કરીએ તો અનંત કાળ સુધી દુ:ખી થઇ શકીએ છીએ.

918. જો આપણે એકાંતે એમ માનીએ કે "જૂના કર્મોથી નવા કર્મો બંધાય છે" અને નિયતિ અનુસાર જ્યારે આપણી મુક્તિ થવાની હશે તે સમયે મુક્તિ થશે તો પછી આપણે ક્યારેય સત્ય-ધર્મ અનુસાર પુરુષાર્થ કરવા પ્રેરિત નહીં થઈએ કે જે સંસારમુક્તિ માટે પરમ આવશ્યક છે. જો આપણે મુક્તિ પ્રાપ્ત ન કરીએ તો અનંત કાળ સુધી દુ:ખી થઇ શકીએ છીએ.

919. જો આપણે એકાંતે એમ માનીએ કે ક્રમબદ્ધપર્યાય અનુસાર જ્યારે આપણી મુક્તિ થવાની હશે ત્યારે નિશ્ચિત રૂપે મુક્તિ થઇ જ જશે. તો પછી આપણે ક્યારેય સત્ય-ધર્મ અનુસાર પુરુષાર્થ કરવા પ્રેરિત નહીં થઇએ કે જે સંસારમુક્તિ માટે પરમ આવશ્યક છે. જો આપણે મુક્તિ પ્રાપ્ત ન કરીએ તો અનંત કાળ સુધી દુ:ખી થઇ શકીએ છીએ.

920. અનેક લોકો એવું માને છે કે કર્મોનો જીવ સાથે કારણ-કાર્ય સંબંધ નથી. કારણ કે કર્મ એ પુદ્ગલદ્રવ્ય છે અને આત્મા ચેતનદ્રવ્ય છે. બે ભિન્ન દ્રવ્યો વચ્ચે નિશ્ચયથી કારણ-કાર્ય સંબંધ માની શકાતો નથી. પરંતુ એકાંતે આવું માનવાથી જીવને કર્મોથી મુક્ત થવાના પ્રયત્નો કરવા માટે ક્યારેય પ્રેરણા મળશે નહીં કે જે સંસારમાંથી મુક્તિ માટે પરમ આવશ્યક છે. જો આપણે મુક્તિ પ્રાપ્ત ન કરીએ તો અનંત કાળ સુધી દુ:ખી થઇ શકીએ છીએ.

921. કર્મ અને જીવમાં કારણ-કાર્ય સંબંધ ન માનવાવાળા જીવના પરિણમનનું (પર્યાયનું) કારણ જીવની તત્સમયની યોગ્યતાને માને છે. અહિંયા આપણે એ સમજવું જરૂરી છે કે તે તત્સમયની

યોગ્યતા કર્મોના કારણે જ તો થાય છે. કારણ કે જેને આપણે પુદ્ગલ કર્મ માનીએ છીએ તે પણ જીવના જૂના ભાવોને જ દર્શાવે છે. તેથી આપણે એમ કહી શકીએ કે નિશ્ચયનયથી જીવનો પોતાના જૂના ભાવોની સાથે કારણ-કાર્ય સંબંધ છે. તેથી જ જીવના જૂના ભાવો પ્રમાણે (કર્મોને અનુકૂળ) જ એ જીવની વર્તમાનમાં તત્સમયની યોગ્યતા બને છે. અર્થાત્ તે જીવ પોતાના જૂના ભાવો અનુસાર જ વર્તમાનમાં પરિણમિત થાય છે.

922. જ્યારે જીવનો કર્મો સાથે કારણ-કાર્ય સંબંધનો ઉલ્લેખ કરીએ છીએ ત્યારે નિશ્ચયથી આપણે એ જીવના જ જૂના ભાવોની સાથે કારણ-કાર્ય સંબંધ સમજવાનો છે. નહીં કે પુદ્ગલ કર્મો સાથે કારણ કે તે તો અલગ દ્રવ્ય છે. આપણે સમજવાનું એ છે કે તે કર્મો પણ એ જીવના જૂના ભાવોને જ દર્શાવે છે, જાહેર કરે છે. તેથી જીવનો કર્મો સાથે નિમિત્ત-નૈમિતિક સંબંધ કહ્યો છે.

923. અનેક લોકો કર્મો જીવથી જુદા પુદ્ગલદ્રવ્ય હોવાથી જીવના પરિણામને કર્મોથી સ્વતંત્ર માને છે, નિરપેક્ષ માને છે. એમણે એ સમજવું જરૂરી છે કે કર્મો તો જીવના જૂના ભાવોના પ્રતિનિધિ જ છે, પ્રતિબિંબ જ છે. તેથી આપણે જીવના પરિણામોને કર્મોથી નિરપેક્ષ નહીં પણ સાપેક્ષ માનવા જોઈએ. જીવનો કર્મો સાથે નિમિત્ત-નૈમિતિક સંબંધ માનવો જોઈએ.

924. જ્યાં સુધી બાંધેલા કર્મો સત્તામાં છે, ઉદયાવલિમાં આવ્યા નથી ત્યાં સુધી આપણે સત્ય-ધર્મ અનુસાર પુરુષાર્થ કરીને તેમને હળવા બનાવી શકીએ છીએ. કર્મ જો નિકાચિત હોય તો પણ આપણે તેનો અનુબંધ તો બદલી જ શકીએ છીએ. તેથી આપણે હંમેશા સત્ય-ધર્મ અનુસાર પુરુષાર્થ કરતા જ રહેવો જોઈએ.

925. જ્યારે કોઈ જીવ સત્ય-ધર્મ અનુસાર પુરુષાર્થ કરવાની શરૂઆત કરે છે તો એના જીવનમાં વાત-વાત પર લડવા-ઝઘડવાનો ભાવ, મરવા-મારવાનો ભાવ વિલીન થવા લાગે છે. આવા ભાવોનું સ્થાન ચાર ભાવના, બાર ભાવના, ધન્યવાદ! સ્વાગતમ્! (Thank you! Welcome!) વગેરે લઇ લે છે. તેથી એ જીવ કર્મોના વિષચક્રથી બચી જાય છે.

926. જીવનો સત્ય-ધર્મ અનુસારનો પુરુષાર્થ-જેમ કે ચાર ભાવના, બાર ભાવના, ધન્યવાદ! સ્વાગતમ્! (Thank you! Welcome!) વગેરે રૂપે જીવ જે કરે છે, તે સફળ તો જ થાય છે જો તે

એકમાત્ર આત્મપ્રાપ્તિના લક્ષે કરવામાં આવે. અર્થાત્ મુક્તિ હેતુ કરેલો પુરુષાર્થ જ જીવને અનંતકાળના દુ:ખથી બચાવી શકે છે.

927. જીવ આ નાનકડા માનવ જીવન માટે અત્યાધિક એશો-આરામનું આયોજન કરતો રહે છે. પરંતુ તેને એ ખબર નથી કે આ મનુષ્યભવથી નિકળી એ ક્યાં જશે? અને આ જન્મમાં સત્ય-ધર્મ અનુસાર પુરુષાર્થ ન કરીને તે પોતાને માટે અનંતકાળના દુ:ખોનું જ આરક્ષણ કરી રહ્યો છે.

928. જીવને સાચો આરામ અને સાચી ખુશી એકમાત્ર મોક્ષમાં જ મળી શકે છે, બીજે ક્યાંય નહીં. જીવને આ ખબર ન હોવાથી તે આ મનુષ્યભવમાં જ એશો-આરામ અને ખુશી શોધે છે કે જે તેને મળી નહીં શકે.

929. જીવને એ ખબર ન હોવાથી કે અનંતકાળ માટે સાચું સુખ એકમાત્ર મોક્ષમાં જ મળી શકે છે, તે આ મનુષ્યભવમાં જ સુખ શોધે છે. તેથી જ સત્ય-ધર્મ અનુસાર પુરુષાર્થ કરવાનું તો દૂર તે તેને જરૂરી પણ નથી માનતો.

930. મનુષ્યભવમાં સુખ શોધવાથી પુણ્ય નહીં પણ પાપ બંધાય છે. જેથી આ ભવમાં આકુળતારૂપી દુ:ખ જ મળે છે અને ભવિષ્યમાં પણ તે આકુળતાથી બંધાયેલ પાપના ઉદયથી દુ:ખ મળી શકે છે.

931. જીવને એ ખબર ન હોવાથી કે અનંતકાળ માટે સાચું સુખ એકમાત્ર મોક્ષમાં જ મળી શકે છે, તે આ મનુષ્યભવને દેવભવના સુખોની પ્રાપ્તિની સાધનામાં લગાવે છે. તેનો આ પુરુષાર્થ નિદાનયુક્ત હોવાથી તે તેના દુ:ખોનું જ કારણ બને છે.

932. આ મનુષ્યભવમાં સાધનાનો પરિશ્રમ કરીને કોઈએ દેવગતિ પ્રાપ્ત કરી પણ લીધી તોય તે દેવભવનો પણ અંત થવાનો જ છે. તે દેવાયુનો અંત થયા પછી તે જીવ ક્યાં જશે તેની પણ તેને ખબર નથી. અને તેવો દેવભવ પામવાનો પુરુષાર્થ તે જીવને અનંતકાળના દુ:ખોથી બચાવી નહીં શકે.

933. જે જીવને દેવગતિમાં સુખ દેખાય છે તેને સાચા સુખની ઓળખાણ જ નથી. તેને એ પણ નથી ખબર કે જો તે આ મનુષ્યભવને દેવગતિ પામવામાં ગુમાવશે તો તેનો અંનતકાળ દુ:ખમય બની શકે છે.

934. સર્વજનોએ સાચા સુખની ઓળખ કરીને તેને જ પામવા માટે પોતાનો પૂરો પુરુષાર્થ લગાવવો જોઈએ. પ્રમાદવશ પોતાનો અમૂલ્ય મનુષ્યભવ વ્યર્થ જવા દેવા જેવો નથી.

935. આ મનુષ્યભવમાં આપણે એકમાત્ર આત્મપ્રાપ્તિના લક્ષે આપણો પુરો પુરુષાર્થ આત્મપ્રાપ્તિ માટે જ લગાવવો જોઈએ. અન્યથા આપણને અનંતકાળના દુ:ખોથી કોઈ બચાવી શકે તેમ નથી.

936. અનેક લોકો મૌનને પણ ધર્મસાધના સમજીને થોડા દિવસો માટે અથવા જીવનભર મૌનવ્રત રાખતા જણાય છે. પરંતુ તેઓને આત્મપ્રાપ્તિનું લક્ષ ન હોવાથી તે મૌનવ્રત અનંતકાળના દુ:ખોથી બચાવી શકે તેમ નથી.

937. થોડા દિવસો માટે અથવા જીવનભર માટે મૌનવ્રત લેતી વખતે તે સાધકે એ તપાસવું જોઈએ કે મને શું ગમે (મૂર્છા) છે? ઉત્તરમાં જો સાંસારિક ઇચ્છાઓ હોય તો સમજવું કે પહેલા મારે એ ઇચ્છાઓ તથા આકાંક્ષાઓને નિર્મૂળ કરવા ઉપર કામ કરવાની જરૂરત છે. અને મૌનવ્રતને હઠયોગરૂપે ન લેતા સહજયોગરૂપે લેવું જોઈએ કે જેમાં તે જીવે જરૂરતથી વધુ બોલતા બચવું જોઈએ અર્થાત્ મન-વચન-કાયાની ગુપ્તિ રાખવી જોઈએ.

938. જો આપણે મૌનવ્રતને જ આત્માની સાધના માની લઈશું તો આપણે એમાં જ અટકી જઈશું. તેથી મૌનવ્રતને સાધ્ય ન માનવું પરંતુ તેને સાધન માનીને જરૂરતથી વધુ ન બોલતા સત્ય-ધર્મનો પુરુષાર્થ કરવો જોઈએ. અર્થાત્ ચાર ભાવના, બાર ભાવના, ધન્યવાદ! સ્વાગતમ્! (Thank you! Welcome!) વગેરેનું ગહનતમ મનન-ચિંતન તથા અનુભવન કરતા-કરતા, મન-વચન-કાયાનો ઓછામાં ઓછો દુરુપયોગ કરીને જીવન જીવવું જોઈએ.

939. સામાન્ય રીતે મૌન રહેવું એ સારું મનાય છે પરંતુ જ્યારે વાત પ્રશ્ન કરીને અધ્યાત્મની કે સત્ય-ધર્મની વાત સમજવાની હોય અથવા કોઈને સમજાવવાની હોય ત્યારે આપણે મૌન ન રહેતા જરૂરિયાત અનુસાર બોલવું પણ જોઈએ.

940. જ્યારે લોકો સ્મશાનયાત્રા અથવા મૈયતમાં જાય છે ત્યારે થોડા સમય માટે તેમને મૃત્યુનો ડર લાગી શકે છે. પરંતુ થોડા સમય બાદ તેઓ બધું જ ભૂલીને સ્વયંને અમર માનીને જીવવા લાગે છે. આને જ સ્મશાન-વૈરાગ્ય કહેવાય છે.

941. અધ્યાત્મના સાધક માટે વૈરાગ્ય અત્યંત આવશ્યક છે. જિનવચનના અનુશાસનમાં રહ્યા વગર સાધકના જીવનમાં વૈરાગ્ય ખીલી શકતો નથી.

942. લૌકિક જીવનમાં પણ અનુશાસનનું બહુ જ મહત્વ હોય છે. અધ્યાત્મના સાધક માટે હંમેશા જિનવચનના અનુશાસનમાં રહેવું પરમ આવશ્યક બની જાય છે.

943. જિનવચનના અનુશાસનમાં ન રહેવાથી ક્યારેક આવેલ વૈરાગ્યને ચાલ્યો જતા પણ સમય લાગતો નથી.

944. સાધકના સર્વ કાર્ય જિનવચનના અનુશાસન સાપેક્ષ હોવા જોઈએ. જિનવચનના અનુશાસન નિરપેક્ષ કાર્ય અનંત કાળ માટે અનંત દુ:ખો આપવા માટે સમર્થ છે.

945. જેઓને જિનવચનનું અનુશાસન માન્ય છે અને પ્રિય છે, તેમને તુરંત જ મોક્ષમાર્ગ અને આગળ ચાલીને મોક્ષ પણ મળી શકે છે. તેથી સર્વે સાધકોએ જિનવચનના અનુશાસન સાપેક્ષ જ જીવવું જોઈએ.

946. લૌકિક જીવનમાં પણ આપણે લોકોના સંસ્કાર જોઈને જ તેમનું મૂલ્યાંકન કરતા હોઈએ છીએ. બાળકોને પણ આપણે સારા સંસ્કાર (જેને આપણે સારા માનતા હોઈએ તે) આપવાની કોશિશ કરતા હોઈએ છીએ. તો પછી અધ્યાત્મમાં આપણે સંસ્કારની અવગણના કેવી રીતે કરી શકીએ? ન જ કરી શકીએ.

947. અધ્યાત્મસાધકે સ્વયં પોતાને સારા સંસ્કારોથી સંસ્કૃત કરતા રહેવું જોઈએ. જેઓ પોતાના ખોટા સંસ્કારોની અવગણના કરીને તેમાં જ લીન રહીને પોતાની સાધનામાં આગળ વધવાનો પુરુષાર્થ કરતા રહે છે તેઓને સફળતા મળવી મુશ્કેલ જ છે.

948. આપણું મન હંમેશા આપણી પસંદ-નાપસંદ અનુસાર સંસ્કૃત થતું રહે છે. આપણે આપણા મનને હંમેશા સમ્યક્ ધારણાઓથી સંસ્કૃત કરતા રહેવું જોઈએ કે જેથી આપણી અધ્યાત્મયાત્રા સાચી દિશામાં આગળ વધે.

WWW.JAYESHSHETH.COM

949. મનની પ્રતિક્રિયા આપણા સંસ્કાર અનુસાર હોય છે. તેથી આપણે જો આપણી પ્રતિક્રિયા સમ્યક્ બનાવવી હોય તો મનને સમ્યક્ ધારણાઓથી સંસ્કૃત કરવું અનિવાર્ય છે.

950. મનને સમ્યક્ ધારણાઓથી સંસ્કૃત કરવા માટે પહેલા પોતે સમ્યક્ ધારણાઓનો નિર્ણય કરવો જરૂરી છે. તેના માટે શાસ્ત્રોનું સમ્યક્ અધ્યયન જરૂરી છે.

951. શાસ્ત્રોના સમ્યક્ અધ્યયનથી નિર્ણીત સમ્યક્ ધારણાઓનું ચિંતન-મનન કરવાથી મન સંસ્કૃત થતું રહે છે.

952. મનને સમ્યક્ ધારણાઓથી સંસ્કૃત કરતા રહેવાથી આપણને મોક્ષમાર્ગ જલ્દી મળી શકે છે. તેથી સર્વ મુક્ષેચ્છુકોએ પોતાના મનને સમ્યક્ ધારણાઓથી સંસ્કૃત કરતા રહેવું જોઈએ.

953. સર્વે સાધકોએ હંમેશા સાવધાન રહેવું જોઈએ કે જેથી ભૂલથી પણ મનને ખોટી ધારણાઓથી સંસ્કૃત ન કરે. તેના માટે એમણે વિવેકેપૂર્વક શાસ્ત્રોનું સમ્યક્ અધ્યયન કરતા રહેવું જોઈએ.

954. મોક્ષમાર્ગમાં પણ હંમેશા આ ભય રહે છે કે સાવધાની હટી તો દુર્ઘટના (આત્માની દુર્ગતિ) ઘટી. તેથી સર્વે સાધકોએ હંમેશા આજીવન સાવધાન રહેવું જોઈએ અને પોતાની સાધનામાં આગળ વધતા રહેવું જોઈએ.

955. વિષયાસક્તિના આપણા અનાદિના સંસ્કાર હોવાથી આપણે એ ચિંતન કરવું જોઈએ કે આપણે એક-એક વિષયની પાછળ ભાગીને અનંતાનંત દુ:ખો ભોગવ્યા છે. આ સિલસિલો ક્યાં સુધી ચાલુ રાખવો છે? આવા દુ:ખો ક્યાં સુધી ભોગવતા રહેવા છે? આવા દુ:ખોનો અંત ક્યારે કરવો છે?

956. વિષયાસક્તિથી સુખ (સુખાભાસ) ઓછું અને દુ:ખ વધુ મળે છે. આવી વિષયાસક્તિ કોણ રાખવા ઇચ્છે? પરંતુ આ વાતનો અહેસાસ ન હોવાથી જ આપણે અનાદિથી વિષયાસક્તિને પાળીપોષીને રાખી છે અને વધારી છે. કારણ કે આપણે તો તેને આનંદદાયક માની છે.

957. અનાદિથી આપણે વિષયાસક્તિમાં અંધ બનીને અનંત પરાવર્તન કર્યા છે, અનંત દુ:ખો ભોગવ્યા છે. તેનું એકમાત્ર કારણ મિથ્યાત્વ છે. તેથી આપણે ત્વરાએ મિથ્યાત્વથી છુટકારો

મેળવવો જોઈએ. તેના માટે આત્મપ્રાપ્તિ (સમ્યગ્દર્શન) જરૂરી છે. તેથી સર્વેએ એકમાત્ર આત્મપ્રાપ્તિના લક્ષે ધર્માચરણ કરતા રહેવું જોઈએ.

958. કોઈક ઉપદેશકો વિષયાસક્તિનો અંત કરવા માટે ભોગ ભોગવવાની સલાહ આપે છે, પરંતુ તેઓને એ ખબર હોવી જોઈએ કે વિષયસેવનથી તેની માંગ ઘટતી નથી પરંતુ વધે છે, વિષયસેવનના સંસ્કાર દૃઢ થાય છે.

959. કોઈક ઉપદેશકો વિષયાસક્તિનો અંત કરવા માટે ભોગ ભોગવવાની સલાહ આપે છે. પરંતુ તેઓએ એ વિચારવું જોઈએ કે અનાદિથી આપણે અનંતીવાર વિષયોનું સેવન કર્યું છે તો પણ વિષયાસક્તિનો અંત કેમ નથી થયો? તેથી વિષયાસક્તિનો અંત કરવાનો માર્ગ વિષયસેવન નહીં પરંતુ વિષયવિરક્તિ છે.

960. વિષયસેવનથી વિરક્તિ પામવા માટે આપણે બાર ભાવનાઓનું ચિંતન-મનન કરતા રહેવું જોઈએ. અને આપણી અનાદિની દુ:ખભરી કથાને પણ ભૂલવી ન જોઈએ. વિષયસેવનના (દુ:ખાદિ) કડવા-ફળ વિષે પણ વિચારવું જોઈએ.

961. વિષયસેવનના કડવા-ફળ એટલે વિષયસેવનના પહેલા તેને પ્રાપ્ત કરવાની આકુળતાનું દુ:ખ, વિષયસેવન વખતે થાકવાનું દુ:ખ અને ભવિષ્યમાં વિષયસેવનની ઇચ્છાથી તથા વિષયસેવનથી બાંધેલ પાપના ફળસ્વરૂપે દુ:ખની પ્રાપ્તિ. આવી રીતે વિષયસેવનના કડવા-ફળ વિષે વિચારીને આપણે વિષયસેવનની ઇચ્છાથી મુક્ત થઇ શકીએ છીએ.

962. સૌથી પહેલા આપણે વિષયસેવનની ઇચ્છાથી મુક્તિ મેળવવી જોઈએ, તે પછી કાળક્રમે વિષયસેવનથી મુક્તિ અવશ્ય મળશે. કારણ કે જો કોઈ જીવની વિષયસેવનની ઇચ્છા જ સમાપ્ત થઇ જાય તો તે જીવ શક્ય હોય ત્યાં સુધી તો વિષયસેવનના કાદવથી બચવાનો પ્રયત્ન અવશ્ય જ કરશે.

963. જ્યારે કોઈ જીવના પાપનો ઉદય હોય ત્યારે તેમણે નિરાશ ન થતા સત્ય-ધર્મનું સેવન કરવું જોઈએ કે જેથી તેમનું મન શાંત રહે અને પાપબંધ પણ ઓછો (હળવો) થાય.

964. જ્યારે કોઈ જીવ એકમાત્ર આત્મપ્રાપ્તિના (સમ્યગ્દર્શનના) લક્ષે સત્ય-ધર્મનું સેવન કરવાનું પ્રારંભ કરે છે ત્યારે તેમના પાપ નબળા પડતા જાય છે અને પુણ્ય બળવાન બનતા જાય છે.

965. વર્તમાન કાળમાં જીવને ઘણું કરીને દુ:ખના કારણે જ ધર્મની યાદ આવે છે. તેથી ક્યારેક જીવને પાપનો ઉદય ધર્મપ્રાપ્તિનો માર્ગ પણ બની જાય છે.

966. જ્યારે પાપના ઉદયથી જીવનમાં દુ:ખ આવે છે ત્યારે સૌથી પહેલા તે પાપ માટે આપણે માફી માંગવી જોઈએ, પછી એ વિચારવું જોઈએ કે ભવિષ્યમાં આવું પાપ હું ક્યારેય નહીં કરું. અને એ દુ:ખના નિમિત્તને આપણે પાપથી છોડાવવાવાળા સમજીને એમને મનમાં ધન્યવાદ આપવો જોઈએ. આમ કરવાથી આપણને નિમિત્ત ઉપર ગુસ્સો કે દુર્ભાવ કે રોષ નહીં આવે.

967. જ્યારે પાપના ઉદયના કારણે જીવનમાં દુ:ખો આવે છે ત્યારે કોઈક જીવોને ધર્મની યાદ અવશ્ય આવે છે. પરંતુ આ કાળમાં સત્ય-ધર્મ તો બહુ જ ઓછા લોકોને મળે છે. તેમાંથી પણ બહુ જ ઓછા લોકો એને ઓળખી પણ શકે છે.

968. પાપના ઉદયના કારણે આવેલ દુ:ખમાં જો કોઈને સત્ય-ધર્મ મળ્યો અને એમણે તેને ઓળખ્યો પણ, તો પણ બહુ જ ઓછા લોકો તેના અનુસાર પોતાના જીવનને બદલી શકે છે. અર્થાત્ બહુ જ ઓછા લોકો તેના અનુસાર પોતાની સમજ બનાવી શકે છે.

969. આ કાળમાં સત્ય-ધર્મ મળવો, તેને ઓળખવો, તેના અનુસાર પોતાના વિચારો બદલવા, પોતાનું જીવન બદલવું, સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) પામવું તે એક-એકથી અધિક દુર્લભ છે.

970. જેને બીજાનું દિલ દુભાવવું સારૂં લાગે છે, બીજાને દુ:ખ દેવું સારૂં લાગે છે, બીજાને દુ:ખી દેખી સારૂં લાગે છે, બીજાના દુ:ખોથી આનંદ આવે છે તેવા જીવને બહુ જ તીવ્ર પાપબંધ થાય છે.

971. બીજાને દુ:ખી જોઈને આનંદ લેવાવાળા જીવને જ્યારે તે પાપનો ઉદય આવે છે ત્યારે તે એમને તીવ્ર દુ:ખનું કારણ બને છે. તેમને એ દુ:ખ ઘણા લાંબા કાળ સુધી સહન કરવું પડી શકે છે. તેથી આપણે બીજાના દુ:ખથી આનંદ ન લેતા પાપથી બચવાનો પાઠ શીખવો જોઈએ.

WWW.JAYESHSHETH.COM

972. બીજાને દુ:ખી જોઈને અથવા દુ:ખી કરીને આનંદ લેવાવાળા પ્રાય: નરકમાં જાય છે અને અસંખ્યાત કાળ સુધી દુ:ખી થાય છે. કારણ કે આવા જીવો પ્રાય: નરકથી નીકળીને ક્રૂર તિર્યંચ બને છે અને ફરીને નરકમાં જાય છે અને આ ચક્કરમાં ફસાઈને અનંત દુ:ખ પામે છે. તેથી આપણે બીજાના દુ:ખથી આનંદ ન લેતા પાપથી બચવાનો પાઠ શીખવો જોઈએ.

973. બીજાને ત્રાસ આપીને આનંદ લેવાવાળા જીવને જ્યારે તે પાપનો ઉદય આવે છે ત્યારે તે એને તીવ્ર દુ:ખનું કારણ બને છે. તેમને એ દુ:ખો ઘણા લાંબા કાળ સુધી સહન કરવા પડી શકે છે. ત્રાસ ભોગવવો પડી શકે છે. તેથી જો આપણામાં બીજાને ત્રાસ આપીને આનંદ લેવાની મનોવૃત્તિ હોય તો તે ત્યાગવી જોઈએ, કોઈનેય ત્રાસ આપવો જ ન જોઈએ.

974. અનેક લોકો દુ:ખથી બચવા માટે પાપ ઘટાડે છે અને સુખ પામવા માટે પુણ્ય વધારે છે. તેઓ પુણ્યને જ ધર્મ માને છે. તેમણે એ સમજવું જરૂરી છે કે પુણ્ય કોઈ પણ જીવને અનંત કાળ સુધી દુ:ખથી બચાવી ન શકે. અનંત કાળ સુધી દુ:ખથી બચવા માટે તો કર્મોથી મુક્તિ (મોક્ષ) જ જરૂરી છે. અને તેના માટે સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) જરૂરી છે. તેથી સર્વ જનોએ આત્મપ્રાપ્તિના લક્ષે શુભમાં રહેવું જોઈએ.

975. ઘણું કરીને જે આપણે આપીએ છીએ, તે જ આપણને મળે છે. તેથી આપણે બીજાને એ જ આપવું જોઈએ જે આપણને પસંદ હોય. બીજાના માટે એવું જ વિચારવું જોઈએ, જે આપણને ગમતું હોય, જે આપણી સાથે થાય તો આપણને સારું લાગે.

976. ઘણા લોકો દુ:ખ આવે ત્યારે હતાશ અથવા ચિંતાગ્રસ્ત થઈ જાય છે. પરંતુ તેઓને એ ખબર નથી કે હોતી કે હતાશ અથવા ચિંતાગ્રસ્ત થવાથી (આર્તધ્યાનને કારણે) પાપનો બંધ થાય છે. હતાશ અથવા ચિંતાગ્રસ્ત થવાથી તેઓ વર્તમાનમાં દુ:ખી થાય છે અને તેનાથી થતા પાપબંધના કારણે ભવિષ્યમાં પણ દુ:ખી થશે. તેથી તેઓએ દુ:ખના કાળે હતાશ અથવા ચિંતાગ્રસ્ત ન થતા ધર્મધ્યાનરૂપે ચિંતન કરીને દુ:ખના સમયમાં પણ ધર્મમય રહેવું જોઈએ.

977. ઘણા લોકો દુ:ખ આવે ત્યારે હતાશ અથવા ચિંતાગ્રસ્ત થઈ જાય છે. તેઓને તેનાથી પાપબંધ સિવાય શારીરિક વ્યાધિ પણ થઇ શકે છે. તેનાથી વર્તમાનમાં તેમનું મન અને તન (શરીર) બન્ને દુ:ખી થાય છે અને તેનાથી થયેલ પાપબંધના કારણે ભવિષ્યમાં પણ દુ:ખી થશે. તેથી તેઓએ

દુ:ખના કાળે હતાશ અથવા ચિંતાગ્રસ્ત ન થતા ધર્મધ્યાનરૂપે ચિંતન કરીને પોતાના મન અને તન (શરીર) બન્નેને પ્રસન્ન રાખવા જોઈએ.

978. ક્રોધ અન્ય લોકો સાથે સારા સંબંધ બાંધવામાં અવરોધરૂપ બને છે. ક્રોધ આપણને બીજાની વાત શાંતિથી સમજવા દેતો નથી. ક્રોધ આપણને ગુરૂનો ઠપકો ખાઈને પણ સુધરતા અટકાવે છે. તેથી, જેને સત્યની શોધ છે તેણે પહેલા ક્રોધને મંદ કરવાનું કામ કરવું જોઈએ.

979. ક્રોધ આપણને એવો અહેસાસ કરાવે છે કે જાણે આપણી સાથે બહુ મોટો અન્યાય થયો હોય, આપણે કોઈની પાસેથી કાંઈ સમજવાની જરૂરત જ નથી વગેરે. તેનાથી આપણે તત્ત્વજ્ઞાનથી વંચિત રહી જઈએ છીએ, સત્યથી વંચિત રહી જઈએ છીએ. તેથી ક્રોધ ચોક્કસપણે છોડવા જેવો જ છે.

980. ક્રોધના કારણે આપણે બધાને તુચ્છ સમજવા લાગીએ છીએ કે જેનાથી આપણને પાપબંધ થાય છે કે જે આપણને ભવિષ્યમાં દુ:ખ દેવા સમર્થ હોય છે. તેથી ક્રોધ છોડીને આપણે સર્વ જીવોને સમભાવયુક્ત દૃષ્ટિથી જોવા જોઈએ અને પાપબંધથી (દુ:ખોથી) બચવું જોઈએ.

981. ક્રોધના કારણે લોકો પોતાને મહાન માનવા લાગે છે. તેથી તેઓ પોતાની અનેક પ્રકારની અજ્ઞાનતાઓને પંપાળીને રાખે છે કે જેનાથી તેઓ પોતાનું જ નુકસાન કરે છે.

982. ક્રોધના કારણે એવા પાપોનો બંધ થાય છે કે જેના કારણે તે જીવ તે પાપોના ઉદયમાં ત્રાસ પામે છે અને જીવનભર બીજાના ક્રોધનો ભોગ બને છે. ક્યારેક-ક્યારેક તો અનેક જન્મો સુધી બીજા જીવોના ક્રોધને સહન કરવો પડે છે, ત્રાસ સહન કરવો પડે છે. આવા કડવાં ફળને સામે રાખીને બધાએ ક્રોધને તુરંત જ ત્યાગવો જોઈએ.

983. પ્રાય: ક્રોધિત જીવ પાપ બંધના કારણે અનંત દુ:ખી થાય છે. આવા કડવા ફળ દેવાવાળો ક્રોધ બહુ જ મોંઘો સોદો છે, આવો મોંઘો સોદો કોણ કરે ? કોઈ ન કરે. તો પણ અનેક જીવોએ અનાદિના આજ્ઞાનને કારણે ક્રોધને પાળ્યો છે.

984. પ્રાય: ક્રોધ જીવને આંધળો બનાવે છે, વિવેકહીન બનાવે છે કે જેનાથી તે અનંતકાળ સુધી હલકી યોનિઓમાં ભટકે છે. તેને તુચ્છ જીવ તરીકે જન્મ લેવો પડે છે. આવા કડવા ફળ દેવાવાળો

ક્રોધ બહુ જ મોંઘો સોદો છે, આવો મોંઘો સોદો કોણ કરે ? કોઈ ન કરે. તો પણ અનેક જીવોએ અનાદિના આજ્ઞાનને કારણે ક્રોધને પાળ્યો છે.

985. અહંકાર આપણને બીજા પાસેથી કાંઈ શીખવા નથી દેતો કારણ કે આપણો અહંકાર આપણને બીજાને વિનમ્રતાથી પ્રશ્ન કરતા રોકે છે. તેથી જેમને સત્યની શોધ છે તેમણે પહેલા અહંકારને દૂર કરવાનું કામ કરવું જોઈએ.

986. અહંકાર આપણને એવો અહેસાસ કરાવે છે કે જાણે આપણને બધી જ ખબર છે, આપણે કોઈની પાસેથી કાંઈ શીખવાની જરૂર જ નથી વગેરે. તેનાથી આપણે તત્ત્વજ્ઞાનથી વંચિત રહી જઈએ છીએ, સત્યથી વંચિત રહી જઈએ છીએ. તેથી ક્રોધ ચોક્કસપણે છોડવા જેવો જ છે.

987. અહંકારને કારણે આપણે બીજાને તુચ્છ સમજવા લાગીએ છીએ કે જેનાથી આપણને ભવિષ્યમાં અનેક તુચ્છ ભવો લેવા પડી શકે છે કે જે આપણને ભવિષ્યમાં દુ:ખ દેવા સમર્થ છે. તેથી ક્રોધ છોડીને આપણે સર્વ જીવોને સમભાવયુક્ત દૃષ્ટિથી જોવા જોઈએ અને પાપબંધથી (દુ:ખોથી) બચવું જોઈએ.

988. અહંકારના કારણે લોકો પોતાને સંપૂર્ણ માનવા લાગે છે કે જેથી તેઓ પોતાના અનેક પ્રકારના અજ્ઞાનને પોષે છે, તેનાથી તેઓ પોતાનું જ નુકસાન કરે છે.

989. અહંકારના કારણે એવા પાપનો બંધ થાય છે કે તે જીવ તેવા પાપના ઉદયમાં તુચ્છપણું પ્રાપ્ત કરે છે અને જીવનભર અપમાન સહે છે, બેઈજ્જતી સહે છે. ક્યારેક ક્યારેક તો અનેક જન્મો સુધી અપમાન સહે છે, બેઈજ્જતી સહે છે. આવા કડવા ફળોને દૃષ્ટિમાં રાખીને બધાએ અહંકારનો ત્વરાએ ત્યાગ કરવો જોઈએ.

990. ઘણુંકરીને અહંકારી જીવ પાપબંધના કારણે અનંત તુચ્છભવોના-બેઈજ્જતીના દુ:ખો પામે છે. આવા કડવા ફળ દેવાવાળો અહંકાર બહુ મોંઘો સોદો છે, આવો મોંઘો સોદો કોણ કરે ? કોઈ ન કરે. તો પણ ઘણા જીવો અનાદિના આજ્ઞાનવશ અહંકારને પાળે-પોષે છે.

991. ઘણુંકરીને અહંકાર જીવના પતનનું કારણ બને છે, અનંતકાળ સુધી તુચ્છ (હલકી) યોનિઓમાં ભટકાવે છે. તુચ્છ (હલકા) જીવના રૂપમાં જન્મ અપાવે છે. આવા કડવા ફળ દેવાવાળો અહંકાર બહુ

જ મોંઘો સોદો છે, આવો મોંઘો સોદો કોણ કરે ? કોઈ ન કરે. તો પણ ઘણા જીવો અનાદિના આજ્ઞાનવશ અહંકારને પાળે-પોષે છે.

992. માયાચાર-કપટ-છળ-પ્રપંચ આપણને બીજા સાથે સારા સંબંધ રાખવા નથી દેતા. માયાચાર-કપટ-છળ-પ્રપંચ આપણને બીજાની વાત સરળતાથી સમજતા અટકાવે છે, ગુરૂ સાથે સરળ વ્યવહાર રાખતા અટકાવે છે. તેથી જેમને સત્યની શોધ છે તેમણે પહેલા માયાચાર-કપટ-છળ-પ્રપંચને છોડી સરળતા ગ્રહણ કરવી જોઈએ.

993. માયાચાર-કપટ-છળ-પ્રપંચ આપણને એવો અહેસાસ કરાવે છે કે આપણે માયાચાર-કપટ-છળ-પ્રપંચથી કાંઈ પણ પ્રાપ્ત કરી શકીએ છીએ, આપણે કોઈની પણ સાથે સીધી રીતે વર્તવાની કોઈ જરૂરિયાત જ નથી વગેરે. તેનાથી આપણે તત્ત્વજ્ઞાનથી વંચિત રહી જઈએ છીએ, સત્યથી વંચિત રહી જઈએ છીએ. તેથી માયાચાર-કપટ-છળ-પ્રપંચ ચોક્કસપણે છોડવા જેવા જ છે.

994. માયાચાર-કપટ-છળ-પ્રપંચવશ આપણે બીજાને છેતરવાનો ભાવ કરીએ છીએ, છેતરીએ છીએ તેનાથી આપણને પાપબંધ થાય છે કે જેનાથી આપણે ભવિષ્યમાં દુ:ખી થઇ શકીએ છીએ. તેથી માયાચાર-કપટ-છળ-પ્રપંચને છોડીને આપણે સર્વે જીવો સાથે સરળતાપૂર્વક વ્યવહાર કરવો જોઈએ અને પાપબંધથી (દુ:ખથી) બચવું જોઈએ.

995. માયાચાર-કપટ-છળ-પ્રપંચના કારણે લોકો પોતાને લક્ષ્યપ્રાપ્તિમાં નિપુણ માનવા લાગે છે કે જેનાથી તેઓ પોતાની અનેક પ્રકારની અજ્ઞાનતાને પાળે-પોષે છે અને ઘણીવાર તેને વધારે પણ છે. આવું કરીને તેઓ પોતાનું જ નુકસાન કરે છે.

996. માયાચાર-કપટ-છળ-પ્રપંચના કારણે એવા પાપોનો બંધ થાય છે કે જેના ઉદયમાં એ જીવ છેતરાઈ જાય છે અને તેને ચુપચાપ આજીવન બીજાઓ દ્વારા થતી પોતાની છેતરામણ સહન કરવી પડે છે. ક્યારેક-ક્યારેક તો તે જીવ અનેક જન્મો સુધી તુચ્છ (હલકી) યોની પામે છે અને બીજાઓ દ્વારા થતી પોતાની છેતરામણ ચુપચાપ સહન કરવી પડે છે. આવા કડવા ફળોને દૃષ્ટિ સામે રાખીને સર્વેએ માયાચાર-કપટ-છળ-પ્રપંચને ત્વરાએ ત્યાગવો જોઈએ.

WWW.JAYESHSHETH.COM

997. પ્રાય: માયાચાર-કપટ-છળ-પ્રપંચયુકત જીવ પાપબંધના કારણે અનંત દુ:ખો ભોગવે છે. આવા કડવા ફળ દેવાવાળા માયાચાર-કપટ-છળ-પ્રપંચ બહુ જ મોંઘો સોદો છે, આવો મોંઘો સોદો કોણ કરે ? કોઈ ન કરે. તો પણ અનેક જીવો અનાદિથી આજ્ઞાનવશ માયાચાર-કપટ-છળ-પ્રપંચને પાળે છે.

998. ઘણુંકરીને માયાચાર-કપટ-છળ-પ્રપંચ જીવને જૂઠો અને વિવેકહીન બનાવી દે છે કે જેનાથી તે અનંતકાળ સુધી તુચ્છ (હલકી) યોનીમાં ભટકે છે અને તેને તુચ્છ (હલકા) જીવના રૂપમાં જન્મ લેવો પડે છે. આવા કડવા ફળ દેવાવાળા માયાચાર-કપટ-છળ-પ્રપંચ બહુ જ મોંઘો સોદો છે, આવો મોંઘો સોદો કોણ કરે ? કોઈ ન કરે. તો પણ અનેક જીવો અનાદિથી આજ્ઞાનવશ માયાચાર-કપટ-છળ-પ્રપંચને પાળે-પોષે છે.

999. લોભ-લાલચ આપણને બીજા પાસેથી સત્ય ધર્મ શીખવા નથી દેતો. લોભ-લાલચવશ આપણે બીજા પાસેથી ધન-લાભ સિવાયના બીજા કોઈ પ્રશ્ન કરતા જ નથી. તેથી જેમને સત્યની શોધ છે તેમણે પહેલા લોભ-લાલચ ઘટાડવા ઉપર કામ કરવું જોઈએ.

1000. લોભ-લાલચ આપણી અંદર એવી પ્રચંડ ધનલોલુપતા જગાવે છે કે આપણને દરેક સમયે ધનલાભની ઇચ્છા જીવંત રહે છે, આપણને ધનહાની અસહ્ય લાગે છે વગેરે. તેનાથી આપણે તત્ત્વજ્ઞાનથી વંચિત રહી જઈએ છીએ, સત્યથી વંચિત રહી જઈએ છીએ. તેથી લોભ-લાલચ ચોક્કસપણે છોડવા જેવા જ છે.

1000A. પ્રાય: આપણે જે બીજાને આપીયે છીએ તેવું જ આપણને મળે છે. જેમ કે આપણે ગુસ્સે થઇને કોઈને લાફો મારીએ કે ગાળ આપીએ ત્યારે આપણે જાણે-અજાણ્યે ભવિષ્યમાં લાફો ખાવાનું અથવા ગાળો સાંભળવાનું નક્કી કરી લઈએ છીએ. તેથી આપણી સાથે જે પણ થાય છે તે આપણા જ પૂર્વકર્મોનું ફળ છે એમ સમજીને ધન્યવાદ! સ્વાગતમ્!નો (Thank you! Welcome!નો) ઉપયોગ કરીને ભવિષ્યના નવાં દુ:ખોથી બચવું જોઈએ.

આધ્યાત્મિક વિકાસ માટે વિઝિટ કરો.
**www.jayeshsheth.com**

**મૈત્રી ભાવના** – સર્વ જીવો પ્રત્યે મૈત્રી ચિંતવવી, મારો કોઈ જ દુશ્મન નથી એમ ચિંતવવું, સર્વ જીવોનું હિત ઈચ્છવું.

**પ્રમોદ ભાવના** – ઉપકારી તથા ગુણી જીવો પ્રત્યે, ગુણ પ્રત્યે, વીતરાગ ધર્મ પ્રત્યે પ્રમોદભાવ લાવવો.

**કરુણા ભાવના** – અધર્મી જીવો પ્રત્યે, વિપરીતધર્મી જીવો પ્રત્યે, અનાર્ય જીવો પ્રત્યે કરુણાભાવ રાખવો.

**મધ્યસ્થ ભાવના** – વિરોધીઓ પ્રત્યે મધ્યસ્થભાવ રાખવો.

**- મુખપૃષ્ઠની સમજણ -**

આપના જીવનમાં સમ્યગ્દર્શનનો સૂર્યોદય થાય અને તેના ફળરૂપ-અવ્યાબાધ સુખસ્વરૂપ સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિ થાય એજ ભાવના.

*Ebook available on* : **www.jayeshsheth.com**

JSBN

ISBN

ISBN 978-93-344-1423-3

9 789334 374421